અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ એપ્રિલ ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર સુદ ૫ | અંક : ૨૫૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

જમ્મુમાં વડાપ્રધાન મોદીએ ગજવી જંગી સભા । ઉધમપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બે મોટી જાહેરાત

## ૩૭૦ની દીવાલ પાડી દીધી, કોઈ રાજનૈતિક પાર્ટીની હિંમત નહોતી : મોદી

### જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પાછો મળશે અને વિધાનસભાની ચૂંટણી પણ થશે

। (એજન્સી) ઉધમપુર, તા.૧૨ ।

જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં રેલીને સંબોધિત કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. વિપક્ષી પાર્ટીઓની ટીકા કરતા પીએમ મોદીએ કહ્યું કે તેઓ કહેતા હતા કે ૩૭૦ હટાવો તો આગ લાગશે, જમ્મુ-કાશ્મીર અમને છોડી દેશે. પરંતુ જમ્મુ-કાશ્મીરના યુવાનોએ તેમને અરીસો બતાવ્યો. હવે જુઓ, જ્યારે તેમણે અહીં કામ ન કર્યું, ત્યારે જમ્મુ-કાશ્મીરના લોકોને તેમની વાસ્તવિકતા ખબર પડી, તો આ લોકો હવે જમ્મુ-કાશ્મીરની બહાર દેશના લોકોમાં ભ્રમ ફેલાવવાની રમત રમી રહ્યા છે. તેમનું કહેવું છે કે કલમ ૩૭૦ નાબૂદ થવાથી દેશને કોઈ ફાયદો થયો નથી.





ઉધમપુરમાં રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પાછો મળશે. એ સમય દૂર નથી જ્યારે જમ્મુ-કાશ્મીરમાં પણ વિધાનસભાની ચૂંટણી યોજાશે. તમે તમારા ધારાસભ્યો, તમારા મંત્રીઓ સાથે તમારા સપના શેર કરી શકશો. ૧૦ વર્ષમાં જમ્મુ-કાશ્મીર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. રસ્તા, વીજળી, પાણી, પ્રવાસ, સ્થળાંતર, આ બધું છે. પરંતુ સૌથી મોટી વાત એ છે કે જમ્મુ-કાશ્મીરે પોતાનો વિચાર બદલી નાખ્યો છે. નિરાશામાંથી આશા તરફ આગળ વધ્યા છે, જીવન સંપૂર્ણ વિશ્વાસથી ભરેલું છે. આટલો વિકાસ અહીં થયો છે, દરેક જગ્યાએ વિકાસ થઈ રહ્યો છે. વડાપ્રધાને કહ્યું કે હવે અહીં શાળાઓ બાળવામાં આવતી નથી, પરંતુ શાળાઓને શણગારવામાં આવે છે. હવે અહીં AIIMS બની રહી છે, IIT બની રહી છે, IIM બની રહી છે. હવે આધુનિક ટનલ, આધુનિક પહોળા રસ્તા, ઉત્તમ રેલ યાત્રા જમ્મુ-કાશ્મીરનું ભાગ્ય બની રહી છે. પીએમ મોદીએ કહ્યું કે આ ચૂંટણી માત્ર સાંસદોને ચૂંટવાની નથી પરંતુ દેશમાં મજબૂત સરકાર બનાવવાની ચૂંટણી છે અને જ્યારે સરકાર મજબૂત હોય છે ત્યારે તે મેદાન પરના પડકારો વચ્ચે પણ સારું પ્રદર્શન કરે છે. અહીંના જૂના લોકોને ૧૦ વર્ષ પહેલાંનું મારું ભાષણ યાદ હશે. અહીં જ મેં તમને કહ્યું હતું કે મારા પર વિશ્વાસ રાખો, હું ૬૦ વર્ષની સમસ્યાનો ઉકેલ લાવીશ. ત્યારે મેં અહીંની માતાઓ અને બહેનોના સન્માનની ખાતરી આપી હતી, ગરીબોને બે ટાઈમના ભોજનની ચિંતા નહીં કરવાની ખાતરી આપી હતી. આજે જમ્મુ-કાશ્મીરના લાખો પરિવારોને આગામી પાંચ વર્ષ માટે મફત રાશનની ગેરંટી છે. પીએમ મોદીએ કહ્યું કે આ ચૂંટણી માત્ર સાંસદોને ચૂંટવા માટે નથી, પરંતુ આ ચૂંટણી દેશમાં એક મજબૂત સરકાર બનાવવાની છે અને જ્યારે સરકાર મજબૂત હોય છે ત્યારે તે જમીન પરના પડકારો વચ્ચે પણ કામ કરે છે. દાયકાઓ પછી આ પહેલી ચૂંટણી છે, જ્યારે આતંકવાદ, અલગતાવાદ, પથ્થરમારો, બંધ, હડતાલ, સરહદ પારથી ગોળીબાર, આ ચૂંટણીના મુદ્દા નથી. અગાઉ માતા વૈષ્ણોદેવીની યાત્રા હોય કે અમરનાથ યાત્રા, તેને સુરક્ષિત રીતે કેવી રીતે ચલાવવી તેની ચિંતા હતી. આજે પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. જમ્મુ-કાશ્મીરની પાંચ લોકસભા બેઠકો માટે પાંચ તબક્કામાં ચૂંટણી યોજાશે. રાજ્યમાં ૧૯ એપ્રિલ, ૨૬ એપ્રિલ, ૭ મે, ૧૩ મે અને ૨૦ મેના રોજ મતદાન થશે જેનું પરિણામ ચોથી જૂને આવશે. જમ્મુ-કાશ્મીરની ઉધમપુર બેઠક પર ૧૯મી એપ્રિલે મતદાન થશે. જ્યારે જમ્મુ બેઠક પર ૨૬મી એપ્રિલે મતદાન થશે. અનંતનાગ અને રાજૌરી બેઠકો માટે ૭ મેના રોજ મતદાન થવાનું છે. જ્યારે શ્રીનગર બેઠક પર ૧૩ મેના રોજ મતદાન થશે. બારામુલા બેઠક માટે આખરે ૨૦ મેના રોજ મતદાન થવાનું છે. લદ્દાખની એકમાત્ર લોકસભા બેઠક પર પણ ૨૦ મેના રોજ મતદાન થશે.

રાજનાથસિંહના કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો

## આવનારા સમયમાં ડાયનાસોરની જેમ લુપ્ત થઈ જશે કોંગ્રેસ પાર્ટી

### ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી થોડા વર્ષોમાં બાળકો પણ કોંગ્રેસ પાર્ટીને ઓળખી શકશે નહીં : રક્ષા મંત્રી

। (એજન્સી) ગઢવાલ, તા.૧૨ ।

લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન એક રેલીને સંબોધિત કરતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. ઉત્તરાખંડની ગઢવાલ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર અનિલ બલુનીના સમર્થનમાં એક રેલીને સંબોધતા તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી આગામી થોડા વર્ષોમાં ડાયનાસોરની જેમ લુપ્ત થઈ જશે. તેમણે કોંગ્રેસની સરખામણી બિગ બોસ સાથે પણ કરી હતી.



રક્ષા મંત્રીએ દાવો કર્યો કે, "કોંગ્રેસ પાર્ટીના નેતાઓ દરરોજ એકબીજાના કપડા ફાડી રહ્યા છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી થોડા વર્ષોમાં બાળકો પણ કોંગ્રેસ પાર્ટીને ઓળખી શકશે નહીં." કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે છેલ્લા કેટલાક મહિનામાં કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓ પાર્ટી છોડીને ભાજપમાં સામેલ થયા છે. આ નેતાઓમાં મિલિંદ દેવરા અને અશોક ચવ્હાણ જેવા મોટા નેતાઓ પણ સામેલ છે. અશોક ચવ્હાણ ભાજપ માં જોડાયા અને બાદમાં પાર્ટીએ તેમને રાજ્યસભાના સાંસદ બનાવ્યા. જ્યારે મિલિંદ દેવરા શિવસેના (એકનાથ શિંદે જૂથ)માં જોડાયા હતા. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું, "કોંગ્રેસમાંથી નેતાઓની હિજરત ચાલુ છે. એક પછી એક તેઓ પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ રહ્યા છે. મને ડર છે કે હવે થોડા વર્ષોમાં કોંગ્રેસ ડાયનાસોરની જેમ લુપ્ત થઈ જશે." કોંગ્રેસના નેતાઓ દરરોજ એકબીજા સાથે લડતા હોય છે. આ પાર્ટી અમુક હદ સુધી ટીવી શો બિગ બોસના ઘર જેવી બની ગઈ છે. તેઓ દરરોજ એકબીજાના કપડા ફાડી રહ્યા છે." રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, "કોંગ્રેસે આ દેશમાં લાંબા સમય સુધી સરકાર ચલાવી છે. જ્યારે પણ તેઓ સત્તામાં આવ્યા છે ત્યારે મોટા કૌભાંડો થયા છે. ક્યારેક જીપ કૌભાંડ હતું, ક્યારેક બોફોર્સ કૌભાંડ હતું, તો ક્યારેક હતું. હેલિકોપ્ટર કૌભાંડ. "ભ્રષ્ટાચારના મોટા આરોપોને કારણે તેમની સરકારની છબી પણ ખરડાઈ છે. ભ્રષ્ટાચારના કારણે તેમના મંત્રીઓને જેલમાં પણ જવું પડ્યું છે."

પ્રિયંકા ગાંધી વાડ્રાએ ખેડૂતો મુદ્દે ભાજપ પ્રહાર કર્યા

## ભાજપ સરકારમાં એક લાખ ખેડૂતોએ સુસાઈડ કર્યું છે

### કૃષિ ઉપકરણો પર વસૂલવામાં આવી રહ્યું છે GST : પ્રિયંકા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ખેડૂતો મુદ્દે ભાજપ પ્રહાર કર્યા છે. પ્રિયંકાએ શુક્રવારે (૧૨ એપ્રિલ) કહ્યું કે, ભાજપના નેતૃત્વ વાળી એનડીએ સરકારમાં એક લાખથી વધુ ખેડૂતોએ સુસાઈડ કર્યું છે. ખેડૂતોની ન તો આવક બેગણી થઈ અને ન તો એમએસપી અપાયું. તેમણે વાયદો કર્યો કે કોંગ્રેસની સરકાર બનશે તો ન માત્ર એમએસપીની ગેરેન્ટી આપીશું, પરંતુ ખેડૂતો માટે દેવામાફી પણ થશે. દેશમાં લોકસભા ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે. આ સમયે તમામ પક્ષ પોતપોતાના ચૂંટણી ઢંઢેરાઓમાં ખેડૂતો માટે અનેક વાયદાઓ કરી રહ્યા છે. એવો જ વાયદો કોંગ્રેસે પણ કર્યો છે, જેમણે કહ્યું કે, તેઓ ખેડૂતોને એમએસ પીની કાયદાકીય ગેરેન્ટી આપવાના છે. અહીં મહત્વની વાત એ છે કે પંજાબ-હરિયાણા બોર્ડર પર પ્રદર્શન કરનારા ખેડૂતોની માંગ પણ એ જ છે. તેઓ સરકારથી સતત માગ કરી રહ્યા છે કે તેમને પાકો પર એમએસપીની કાયદાકીય ગેરેન્ટી આપવામાં આવે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ



પર પ્રિયંકા ગાંધીએ આરોપ લગાવ્યો કે ભાજપે ખેડૂતોના દેવા માફ ન કર્યા, પરંતુ ઉદ્યોગપતિઓના લાખો કરોડ રૂપિયા માફ થયા છે. તેમણે ઠ પર લખ્યું કે, આજે દેશમાં દરરોજ ૩૦ ખેડૂતો આત્મહત્યા કરે છે. ભાજપ રાજમાં ૧ લાખથી વધુ ખેડૂતોએ આત્મહત્યા કરી લીધી. કૃષિમાં ઉપયોગ થનારી જરૂરી વસ્તુઓ અને ઉપકરણો પર જીએસટી વસૂલવામાં આવે છે. કોંગ્રેસ મહાસચિવે આરોપ લગાવ્યો કે, ૧૦ વર્ષમાં ન ખેડૂતોને એમએસપી મળી, ન આવક બેગણી થઈ.

બીઆરએસ નેતા કવિતાને ઝટકો

## BRS નેતા કવિતાને કોર્ટે ૧૫ એપ્રિલ સુધી સીબીઆઈ કસ્ટડીમાં મોકલ્યા

### સીબીઆઈના વકીલે કહ્યું કે કે કવિતાએ AAPને ૧૦૦ કરોડની લાંચની વ્યવસ્થા કરવામાં ભૂમિકા ભજવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત રાષ્ટ્ર સમિતિ (BRS)ના નેતા કે કવિતાને દિલ્હી એક્સાઈઝ પોલિસી સંબંધિત કેસમાં રાઉઝ એવન્યુ કોર્ટ દ્વારા ૧૫ એપ્રિલ, ૨૦૨૪ સુધી સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI)ની કસ્ટડીમાં મોકલવામાં આવી છે. કોર્ટે શુક્રવારે (૧૨ એપ્રિલ, ૨૦૨૪) કે. કવિતાને પાંચ દિવસની કસ્ટડી આપવાની વિનંતી કરતી CBIની અરજી પરનો આદેશ સાંજ સુધી અનામત રાખવામાં આવ્યો હતો.



CBIએ દિલ્હી લિકર પોલિસી કેસ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં કવિતાની ધરપકડ કરી છે. CBI દ્વારા કવિતાને ગુનાહિત ષડયંત્ર અને ખાતાઓમાં હેરાફેરી અને ભ્રષ્ટાચાર નિવારણ કાયદાની કેટલીક કલમો હેઠળ અટકાયત કરવામાં આવી હતી. સીબીઆઈએ કોર્ટમાં બીઆરએસ નેતાના ૫ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટમાં સુનાવણી દરમિયાન સીબીઆઈના વકીલે કહ્યું કે કે કવિતાએ આમ આદમી પાર્ટીને ૧૦૦ કરોડ રૂપિયાની લાંચની વ્યવસ્થા કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી. તે મુખ્ય કાવતરાખોરોમાંની એક છે. એક મોટા ઉદ્યોગપતિ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મળ્યા અને મુખ્યમંત્રીએ તેમને એક્સાઈઝ પોલિસી દ્વારા સમર્થન આપવાનું આશ્વાસન આપ્યું. આ કેસ સાથે જોડાયેલા ઘણા આરોપીઓના નિવેદન નોંધવામાં આવ્યા છે. વકીલે કહ્યું કે આ મીટિંગ હોટલ તાજમાં થઈ હતી. સીબીઆઈએ કહ્યું કે કે કવિતા હૈદરાબાદમાં બિઝનેસમેનને મળી હતી. વિજય નાયર કવિતાના સંપર્કમાં હતા. બીઆરએસ નેતાએ ઉદ્યોગપતિને ૧૦૦ કરોડ રૂપિયાની એડવાન્સ રકમની વ્યવસ્થા કરવા કહ્યું હતું. આ પૈસાની વ્યવસ્થા કરવામાં કવિતાએ મોટી ભૂમિકા ભજવી હતી. સીબીઆઈએ કહ્યું કે ગોવાની ચૂંટણી માટે હવાલા દ્વારા પૈસા એકત્ર કરવામાં આવ્યા હતા. અમે વોટ્સએપ ચેટ પણ ફાઈલ કરી છે. તેમને ગોવા સાથે સંકળાયેલા વ્યક્તિ પાસેથી પૈસા મળ્યા હતા. તપાસ એજન્સીએ કોર્ટને જણાવ્યું કે કવિતાએ દિલ્હીમાં દારૂની નીતિના મુદ્દા પર ચર્ચા કરવા માટે શરત ચંદ્ર રેડ્ડીને આગળ કર્યો હતો. સરકારી સાક્ષી દિનેશ અરોરાએ પોતાના નિવેદનમાં પુષ્ટિ કરી છે કે અભિષેક બોઈનપલ્લીએ કહ્યું હતું કે વિજય નાયરને ૧૦૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. સીબીઆઈએ દારૂની નીતિમાં અત્યાર સુધી દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં મનીષ સિસોદિયા, વિજય નાયર અને અન્ય આરોપીઓની ભૂમિકા અંગેના તથ્યો કોર્ટ સમક્ષ રજૂ કર્યા, જેના આધારે કવિતાની કસ્ટડી માંગવામાં આવી.

## રામેશ્વરમ કાફેમાં બ્લાસ્ટ કરનાર બે આતંકી ઝડપાયા

। બેંગલુરુ, તા.૧૨ ।

NIAએ રામેશ્વરમ કાફે બ્લાસ્ટ કેસમાં બે મુખ્ય આતંકવાદીઓની ધરપકડ કરી છે. મુસાવીર હુસૈન શાજીબ, અબ્દુલ મદીન તાહાની ધરપકડ કરવામાં આવી હતી. NIAએ પશ્ચિમ બંગાળમાંથી મોદીરોની ધરપકડ કરી હતી. મુઝમ્મિલ શરીફની ૨૭ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી. મુઝમ્મિલે જ બોમ્બ બનાવવા માટેનો પુરવઠો પૂરો પાડ્યો હતો. વિસ્ફોટ બાદ છુપાયેલા મુસાવીર હુસૈન અને મદીન તાહા. NIAએ બંને વિશે માહિતી આપનારને ૧૦ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી છે. અહેવાલ છે કે એનઆઈએની ટીમે ગઈકાલે રાત્રે પશ્ચિમ બંગાળના એક ઘરમાંથી મુસાવીર હુસૈન અને તાહાની ધરપકડ કરી હતી.

ચાંદીમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો

## સોનાના ભાવે વટાવી સર્વોચ્ચ સપાટી કિંમત પહોંચી ૭૩ હજારની નજીક

### રાષ્ટ્રીય સ્તરે ૯૯૯ શુદ્ધતાના ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૭૨,૯૬૭ રૂપિયા જોવા મળી હતી

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

ભારતીય બુલિયન માર્કેટમાં તેજી અટકવાના કોઈ સંકેત દેખાઈ રહી નથી. આજે ૧૨ એપ્રિલ ૨૦૨૪ના રોજ પણ સોના અને ચાંદી બંનેના ભાવમાં વધારો થયો છે. મોંઘું થયા બાદ સોનાની કિંમત ૭૨ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામને પાર પહોંચી ગઈ છે. ચાંદીની કિંમત ૮૩ હજાર રૂપિયા પ્રતિ કિલોથી વધુ છે. રાષ્ટ્રીય સ્તરે ૯૯૯ શુદ્ધતાના ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૭૨,૯૬૭ રૂપિયા છે. જ્યારે ૯૯૯ શુદ્ધતા ચાંદીની કિંમત ૮૩૬૦૫ રૂપિયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર બુધવારે સાંજે ૨૪ કેરેટ શુદ્ધ સોનાની કિંમત ૭૧,૮૨૩ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી જે આજે સવારે ૭૨,૯૬૭ રૂપિયા પર પહોંચી ગઈ છે. એ જ રીતે શુદ્ધતાના આધારે સોનું અને ચાંદી બંને મોંઘા થયા છે. ઈદના કારણે ૧૧ એપ્રિલે બજાર બંધ રહ્યું હતું. જેના કારણે સોના અને ચાંદીના ભાવ અપડેટ થયા ન હતા.



સત્તાવાર વેબસાઈટ ibjarates.com અનુસાર આજે સવારે ૯૯૫ શુદ્ધતાના દસ ગ્રામ સોનાની કિંમત વધીને ૭૨,૬૭૫ રૂપિયા થઈ ગઈ છે. ૯૧૬ (૨૨ કેરેટ) શુદ્ધતાવાળા ૧૦ ગ્રામ સોનાની કિંમત આજે ૬૬,૮૩૮ રૂપિયા થઈ ગઈ છે. આ સિવાય ૭૫૦ શુદ્ધતા (૧૮ કેરેટ) સોનાની કિંમત વધીને ૫૪,૭૨૫ રૂપિયા થઈ ગઈ છે. તે જ સમયે ૫૮૫ શુદ્ધતા (૧૪ કેરેટ) સોનું આજે મોંઘું થઈ ગયું છે અને ૪૨,૬૮૬ રૂપિયા પર પહોંચી ગયું છે. આ ઉપરાંત ૯૯૯ શુદ્ધતાની એક કિલો ચાંદીની કિંમત આજે ૮૩,૬૦૫ રૂપિયા થઈ ગઈ છે. મિસ્ડ કોલ દ્વારા સોના અને ચાંદીના ભાવ જાણો. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ રજાઓ સિવાય શનિવાર અને રવિવારે દરો જાહેર કરવામાં આવતા નથી. ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ સોનાના દાગીનાના છૂટક દરો જાણવા માટે તમે ૮૯૫૫૬૬૪૪૩૩ પર મિસ્ડ કૉલ કરી શકો છો. થોડા સમયની અંદર SMS દ્વારા દરો ઉપલબ્ધ થશે. આ સિવાય તમે સતત અપડેટ્સ માટે www.ibja.co અથવા ibjarates.com જોઈ શકો છો.

## નવસારીમાં પુલ નહીં તો મત નહિં સાથે વિરોધ થયો

। (એજન્સી) નવસારી, તા.૧૨ ।

નવસારીમાં પુલ નહીં તો મત નહિં સાથે વિરોધ થઈ રહ્યો છે. બે વર્ષ પહેલા ક્ષતિગ્રસ્ત થયેલ પુલનું સમારકામ ના કરી આપતા સ્થાનિકોમાં આક્રોશ જોવા મળ્યો. સ્થાનિકોમાં ચૂંટણી સમયે તંત્ર પર દબાણ લાવતા પુલ નહીં તો મત નહિના બેનર સાથે વિરોધ કરી રહ્યા છે. સ્થાનિકો દ્વારા કાવેરી નદીના ક્ષતિગ્રસ્ત પુલના કામને લઈ વિરોધ જોવા મળ્યો. ૨ વર્ષ થવા છતાં પણ ક્ષતિગ્રસ્ત પુલનું કામ પૂર્ણ ના થતા લોકો નારાજ થયા છે. પુલનું કામ મંથર ગતિએ ચાલતા વિરોધ જોવા મળ્યો. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની ગણતરીના દિવસોમાં શરૂઆત થશે. દેશભરમાં અત્યારે ચૂંટણીનો માહોલ છે. ત્યારે પોતાને પડી રહી મુશ્કેલ સમસ્યાને ઉકેલ લાવવા પ્રજા વિવિધ પ્રકારે તંત્રને રજૂઆત કરે છે. સામાન્ય દિવસોમાં સરકારી તંત્ર તરફથી બેજવાબદારીભર્યું વલણ જોવા મળે છે. વિભાગમાં કોઈ પ્રશ્નો સાંભળવા તૈયાર થતું નથી. અત્યારે ચૂંટણીનો માહોલ જામ્યો છે. ત્યારે નવસારીના લોકોએ પણ હવે સરકારસુધી પોતાનો અવાજ પંહોચે માટે આ પ્રયોગ અપનાવ્યો છે. કાવેરી નદી પરના ક્ષતિગ્રસ્ત પુલનુ કામ મંથર ગતિએ કામ ચાલતા લોકોમાં આક્રોશ જોવા મળતા પુલ નહી તો મત નહી સાથે વિરોધનો આરંભ કર્યો છે.

## મંજુસર GIDCની કંપની સામે કામદારોનો વિરોધ

। (એજન્સી) મંજુસર, તા.૧૨ ।

સાવલી તાલુકાના મંજુસર GIDCમાં રાજ ફિલ્ટર નામની કંપનીમાં કામદારોની આંગળીઓ કપાઈ જવાની સતત ઘટનાઓથી ચકચાર મચી ગઈ છે. ગત ફેબ્રુઆરીમાં બનેલી આ ઘટનાને કારણે અત્યાર સુધીમાં લગભગ ૧૨ મજૂરોની આંગળીઓ કપાઈ ચૂકી છે. વળતર આપવાને બદલે કંપનીના અધિકારીઓએ કામદારોને ધમકાવતા આખરે કામદારોમાં વિરોધ ફાટી નીકળ્યો હતો. મંજુસર પોલીસ સ્ટેશને ફેબ્રુઆરી માસમાં થયેલા આ હંગામાને કારણે ઈજાગ્રસ્ત થયેલા કામદારની ફરિયાદ નોંધીને કાર્યવાહી શરૂ કરી છે. સાવલી તાલુકામાં વિવિધ ઔદ્યોગિક એકમો આવેલા છે. જેમાં હજારો યુવક-યુવતીઓ કામ કરી રહ્યા છે. જેમાં કામદારોનું શોષણ, પગાર ન મળવા, હડતાલ અને અકસ્માતો જેવી ઘટનાઓ અવારનવાર સામે આવે છે. કંપનીના અધિકારીઓ દ્વારા કામદારોનું શોષણ સામાન્ય બની ગયું છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મંજુસર GIDCમાં આવેલી રાજ ફિલ્ટર નામની કંપનીમાં અલગ-અલગ સમયે કંપનીના પ્રેસ મશીનમાં ૧૨થી વધુ કામદારોની આંગળીઓ કપાઈ ગઈ છે.

### કાંકરિયા તળાવ ખાતે યુવા મતદારોએ 'વોલ પેઈન્ટિંગ' દ્વારા મતદાન જાગૃતિનો સંદેશો આપ્યો

# આર.જે. તિબ્રવાલ કોમર્સ કોલેજના પ્રથમ વખતના યુવા મતદારો દ્વારા હાથમાં બેનર અને પોસ્ટર્સ લઈ 'મતદાન જાગૃતિ' રેલી યોજાઈ

### કાંકરિયા તળાવે ફરવા આવેલા નાગરિકોએ લીધા અચૂક મતદાનના શપથ




। અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ જિલ્લામાં આગામી તા. ૭મી મે, ૨૦૨૪ના રોજ યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને 'મતદાન જાગૃતિ' અન્વયે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અવનવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે, જે અંતર્ગત શહેરના અનેક આઈકોનિક સ્થળ પર 'મતદાન જાગૃતિ'ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ શહેરના આઈકોનિક અટલબ્રિજ અને આઈકોનિક એરપોર્ટ રોડ પછી વધુ એક આઈકોનિક સ્થળ એવા કાંકરિયા તળાવ ખાતે યુવા મતદારો દ્વારા વોલ પેઈન્ટિંગ કરી 'મતદાન જાગૃતિ'નો સંદેશો લોકોને આપવામાં આવ્યો હતો. આર.જે.તિબ્રવાલ કોમર્સ કોલેજના પ્રથમ વખત મતદાન કરનાર યુવા મતદારો તથા NSS યુનિટના યુવાનો દ્વારા કાંકરિયા તળાવ ખાતે 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રથમ વખતના યુવા મતદારોએ કાંકરિયા તળાવ ખાતે 'મતદાન જાગૃતિ'ના વિવિધ અને આકર્ષક વોલ પેઈન્ટિંગ્સ બનાવ્યાં હતાં, જે આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. તેમણે 'એવરી વોટ કાઉન્ટ્સ', 'યોર વોટ યોર વોઈસ', 'અવસર લોકશાહીનો', 'વોટ ફોર ફ્યુચર' જેવા અનેક સૂત્રો સાથે વોલ પેઈન્ટિંગ કરી 'મતદાન જાગૃતિ'નો સંદેશો આપ્યો હતો.

યુવાઓએ કાંકરિયા તળાવની ફરતે રેલી યોજી ઉપસ્થિત સૌને મતદાન પર્વમાં સહભાગી થવાનો સંદેશો આપ્યો હતો. યુવાનો દ્વારા હાથમાં મતદાન જાગૃતિના વિવિધ બેનરો અને પોસ્ટર્સ જેવા કે, 'વોટ ફોર સ્યોર', 'ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ' જેવા વિવિધ સૂત્રો દ્વારા નાગરિકોને દેશહિતમાં મતદાન કરવાની અપીલ કરવામાં આવી હતી. કાંકરિયા તળાવ પર ફરવા આવેલા નાગરિકોએ અચૂક મતદાન કરવાના શપથ લીધા હતા.

### ઓસ્ટ્રેલિયામાં વર્ક વિઝા અપાવવાના નામે છેતરપિંડી

## આણંદના ૨૬ યુવકો સાથે રૂપિયા ૬૫ લાખની ઠગાઈ

### અમદાવાદના શખ્સે એક યુવક દીઠ રૂપિયા ૨.૫૦ લાખ લેખે યુવકો પાસેથી લાખો રૂપિયા ખંખેરી લીધા

। આણંદ, તા.૧૨ ।

આણંદમાં બેઠક અને સેમિનાર રાખીને અમદાવાદ થલતેજ વિસ્તારના ભેજાબાજે યુવકોને ઓસ્ટ્રેલિયામાં ફ્રુટપીકર તરીકે વર્ક વિઝા અપાવવાના નામે ઠગાઈ કર્યાની ફરિયાદ નોંધાઈ છે. ૨૬ યુવકો પાસેથી રૂ.૬૫ લાખ પડાવી લઈ વિઝા નહીં અપાવી તેમજ નાણા પણ પરત નહીં આપી વિદેશ ભાગી જઈ છેતરપિંડી કર્યાની ફરિયાદ આણંદ શહેર પોલીસમથકમાં નોંધાઈ છે. ખંભાત તાલુકાના પાંદડ ગામે રહેતા મેહુલકુમાર મહેન્દ્રભાઈ પરમારને ૨૦૨૦માં જુનમાં મિત્ર સંદીપ ઉર્ફે સનીએ જણાવેલ કે, મારા કાકાની સોસાયટીમાં કાંતિભાઈ ઈગ્નાસભાઈ પરમાર રહે છે. જે અમદાવાદથી થોડા દિવસ પહેલા તેઓના એક મિત્ર લોઈડ જોસેફ રોઝારીયો આવ્યા હતા. જે ત્રણ વર્ષ માટેના વર્ક પરમીટ વિઝા ઉપર ઓસ્ટ્રેલિયામાં ફ્રુટપીકર તરીકેના વિઝા આપાવવાનું કામ કરે છે. થોડા દિવસમાં ફરી પરત પાછા આવવાના છે. તારે મળવું હોય તો આણંદ મારા કાકાની સોસાયટીમાં આવજે તેવી વાત કરી હતી. મેહુલકુમારે આ બાબતે પોતાના અન્ય મિત્રો જીતેન્દ્રભાઈ ગોવિંદભાઈ ચૌહાણ (રહે. ગોલાણા), સાહિલસેન જશવંતભાઈ પરમાર (રહે.ખંભાત), ચિરાગભાઈ ભગવાનભાઈ ચાવડા (રહે.મીતલી) ને વાત કરતા મિત્રોને પણ ઓસ્ટ્રેલીયા વિશે માહિતી લેવાની હોવાથી મેહુલકુમારના મિત્ર સંદીપે જણાવેલ તારીખ અને સમયે મેહુલકુમાર, જીતેન્દ્રભાઈ, સાહિલસેન, ચિરાગભાઈ આણંદ ખાતે દિવ્યદયા સોસાયટી સાંગોળપુરા ખાતે કાંતિભાઈના ઘરે ગયા હતા. જ્યાં સંદીપ ઉર્ફે સની, કાંતિભાઈ પરમાર તેમજ બીજા ૧૦થી ૧૫ જેટલા યુવકો પોતાના વાલીઓ સાથે મિટિંગમાં હાજર હતા. આ તમામને અમદાવાદ ખાતેથી આવેલ લોઈડ રોઝારીયો અને તેના ભાઈ લેવલીન રોઝારીયોએ પોતાની ઓળખ આપી હતી અને જણાવેલ કે, ઓસ્ટ્રેલીયા ફિલીપાઈન્સ ખાતે ફળોની વાડીમાં ફ્રુટપીકર તરીકે છોકરાઓને મોકલી આપું છું. મારે ત્યાંની કંપની સાથે એક વ્યક્તિ દીઠ રૂ.૩૩ હજાર ઓસ્ટ્રેલિયન ડોલર વાર્ષિક કરાર કરેલ છે.

## JLR ઈન્ડિયાનું સમગ્ર વર્ષમાં રિટેલ વેચાણ ૮૧% વાર્ષિક ધોરણે વધ્યું, રેન્જ રોવર અને ડિફેન્ડર બ્રાન્ડ્સમાં સતત વૃદ્ધિને પ્રતિબિંબિત કરે છે

JLR ઈન્ડિયાએ આજે ૩૧ માર્ચ ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા સમગ્ર વર્ષ દરમિયાન તેના વેચાણ પ્રદર્શનની રજૂઆત કરી. ૪,૪૩૬ એકમોનું રિટેલ વેચાણ અને વાર્ષિક ધોરણે ૮૧% ની વૃદ્ધિ નોંધાવી છે.૨૦૦૯ માં ભારતમાં કંપનીની શરૂઆત પછી બજારમાં શ્રેષ્ઠ પ્રદર્શનમાંનું એક રજૂ કરે છે. અને છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ નોંધાયું છે. રેન્જ રોવર અને ડિફેન્ડર રિટેલ વેચાણ અનુક્રમે ૧૬૦% અને ૧૨૦% ના વાર્ષિક ધોરણે વૃદ્ધિ ચાલુ રાખી છે. તાજેતરમાં લોન્ચ થયેલ ૨૦૨૪ મોડલ યર ડિસ્કવરી સ્પોર્ટ અને રેન્જ રોવર ઈવોક અનુક્રમે ૫૦% અને ૫૫% વાર્ષિક ધોરણે વૃદ્ધિ પામ્યા છે.




ચોથા ક્વાર્ટરમાં કુલ રિટેલ વેચાણ ૮૫૪ યુનિટ હતું, જે વાર્ષિક ધોરણે ૪૩% વધારો દર્શાવે છે.

JLR ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર રાજન અંબાએ જણાવ્યું હતું કે, "ગત વર્ષ દરમિયાન, JLR ઈન્ડિયાએ શ્રેણીબદ્ધ રિટેલ વેચાણમાં રેકોર્ડ હાંસલ કર્યા છે, જેના પરિણામે ૩૧ માર્ચ ૨૦૨૪ના રોજ પૂરા થયેલા વર્ષ માટે સંપૂર્ણ વર્ષ મજબૂત સ્થિતિમાં છે. આગામી વર્ષો માટે વ્યૂહરચના અને વિઝન સાથે છેલ્લા વર્ષમાં અમે અમારા પ્રોડક્ટ સેગમેન્ટમાંઅમારામાં વિશ્વાસ છે. પરંતુ ખાસ કરીને રેન્જ રોવર અને ડિફેન્ડર બ્રાન્ડ્સમાં જે સકારાત્મક ગ્રોથ કર્યા છે,તે ભારતમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા પ્રીમિયમ લક્ઝરી વાહનોની વધતી માંગને દર્શાવે છે. અમે અમારા સમજદાર ગ્રાહકો માટે પ્રતિબદ્ધ છીએ કારણ કે અમે વિશ્વના સૌથી વધુ ઈચ્છનીય લક્ઝરી વાહનો બનાવવાનું ચાલુ રાખીએ છીએ."

JLR's પ્રમાણિત પૂર્વ-માલિકીના વ્યવસાયમાં ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં વાર્ષિક ધોરણે ૨૮%નો વધારો થયો છે, જે ભારતમાં વધતી માંગ અને JLR બ્રાન્ડ્સની ઈક્વિટીને પ્રતિબિંબિત કરે છે.

## પશ્ચિમ રેલવે દોડાવશે અમદાવાદ અને દાનાપુર વચ્ચે ગ્રીષ્મકાલીન સ્પેશિયલ ટ્રેન

। અમદાવાદ, તા.૧૨ ।

પશ્ચિમ રેલવે દ્વારા આગામી ગ્રીષ્મકાલીન મોસમ દરમિયાન યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને દાનાપુર વચ્ચે ગ્રીષ્મકાલીન સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર દોડાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે.

**ટ્રેન નંબર ૦૯૪૧૭/૦૯૪૧૮ અમદાવાદ-દાનાપુર-અમદાવાદ સ્પેશિયલ (કુલ ૨૨ ટ્રીપ)**

ટ્રેન નંબર ૦૯૪૧૭ અમદાવાદ-દાનાપુર સ્પેશિયલ ૧૫ એપ્રિલ ૨૦૨૪ થી ૨૪ જૂન ૨૦૨૪ સુધી દર સોમવારે અમદાવાદથી સવારે ૦૯:૧૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૨૦:૩૦ વાગ્યે દાનાપુર પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૪૧૮ દાનાપુર-અમદાવાદ સ્પેશિયલ ૧૬ એપ્રિલ ૨૦૨૪ થી ૨૫ જૂન સુધી દર મંગળવારે દાનાપુરથી રાત્રે ૨૩:૫૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૧૧:૧૦ કલાકે અમદાવાદ પહોંચશે. માર્ગમાં બંને દિશામાં, આ ટ્રેન નડિયાદ, છાયાપુરી, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, હિંડૌન સિટી, બયાના, ભરતપુર, મથુરા, કાસગંજ, ફરુખાબાદ, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, સુલતાનપુર, જૌનપુર સિટી, વારાણસી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન, બક્સર અને આરા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૪૧૭નું બુકિંગ ૧૩ એપ્રિલ, ૨૦૨૪ થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, યાત્રીઓ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# વિશેષ

### મોબાઈલ ડેટા સસ્તા થતા સ્થાનિક ભાષાના વિડિયોની બોલાબાલ

## વિડિયો સ્ટ્રીમિંગનો ક્રેઝ વધી ગયો

દેશમાં વિડિયો જોવાનો ક્રેઝ જોરદાર રીતે વધી ગયો છે. સામાન્ય વ્યક્તિની પાસે ઓછી કિંમતમાં સારા મોબાઈલ ફોન હવે પહોંચી ચુક્યા છે. મોબાઈલ ડેટા પણ ખુબ સસ્તા છે. આવી સ્થિતીમાં દરેક વ્યક્તિ સ્થાનિક ભાષામાં કન્ટેન્ટ જોઈ શકે છે. દેશમાં કેટલાક વિડિયો સ્ટ્રીમિંગ એપ્સ સારા કન્ટેન્ટ પેશ કરવામાં લાગેલા છે. અલબત્ત હજુ પણ યુ ટ્યુબ દેશમાં નંબર વન વિડિયો સ્ટ્રીમિંગ એપ તરીકે છે. આ ફ્રી પણ છે. તેના માટે કોઈ માસિક ચાર્જ લાગુ કરવામાં આવતા નથી. કેટલીક મોટી કંપનીઓ પણ વિડિયો સ્ટ્રીમિંગ એપ્સ સારા કન્ટેન્ટ પેશ કરવામાં લાગેલા છે. પરંતુ આના માટે યુઝર્સ પાસેથી માસિક અથવા તો વાર્ષિક ચાર્જ વસુલ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં સામાન્ય વ્યક્તિુ યુટ્યુબ પર જ સ્થાનિક ભાષાના વિડિયો જોઈ રહ્યા છે. કેટલાક યુઝર્સ સર્ચ બારમાં યોગ્ય વર્ડ ટાઈપ કરી શકતા નથી. આવી સ્થિતીમાં વોઈસ સર્ચ તેમના માટે ઉપયોગી સાબિત થાય છે. તેઓ બોલીને પોતાના પસંદગીના વિડિયો નિહાળી શકે છે. કેટલાક ભારતીય લોકો માટે તો ઈન્ટરનેટનો અર્થ જ ઓનલાઈન વિડિયો છે. પહેલા જ્યાં માત્ર મેટ્રો શહેરના લોકો ડ ઈન્ટરનેટ કામમાં લેતા હતા. જો કે હવે શહેરો, ગ્રામીણ વિસ્તારો અને ગામોમાં રહેતા લોકો પણ સ્થાનિક ભાષામાં વિડિયો નિહાળી શકે છે. દેશમાં મોબાઈલ ડેટા સસ્તા થઈ ગયા બાદ આની ઉપયોગિતા અનેક ગણી વધી ગઈ છે. આવી સ્થિતીમાં સ્થાનિક ભાષામાં વિડિયો લાખોની સંખ્યામાં હાલમાં નિહાળવામાં આવે છે. સામાન્ય વ્યક્તિ પણ




**સામાન્ય વ્યક્તિ પણ પોતાની માતૃભાષામાં વોઈસ સર્ચ કરે છે**

પોતાની માતૃભાષામાં વોઈસ સર્ચ કરી શકે છે. યુટ્યુબ સુધી લાખો ભારતીય લોકોની પહોંચ થઈ ચુકી છે. ભારતમાં યુ ટ્યુબની વાત કરવામાં આવે તો કેટલીક નવી બાબત નિકળીને સપાટી પર આવી જાય છે. દરરોજ એક ભારતીય વિડિયો પર વધુને વધુ સમય ગાળે છે. વર્ષ ૨૦૨૧માં દરેક ભારતીય વિડિયો પર દરરોજ ૫૨ મિનિટ ગાળી રહ્યો હતો. આ સમય હવે વર્ષ ૨૦૨૨માં વધીને ૬૭ મિનિટ થઈ ગયો છે. વર્ષ ૨૦૨૨માંપણ વૈશ્વિક સ્તરની વાત કરવામાં આવે તો વિશ્વમાં દરેક વ્યક્તિ દરરોજ ૬૭ મિનિટ વિડિયો પર ગાળે છે. કેટલાક સ્થાનિક ભાષાના યુટ્યુબ સ્ટાર્સ ભારે ચર્ચા જગાવી રહ્યા છે. સ્થાનિક ભાષામાં યુટ્યુબ વ્યુઅરશીપની વાત કરવામાં આવે તો પણ આ સંખ્યા વધારે રહે છે. વર્ષ ૨૦૨૨ના આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો તેલુગુ ભાષામાં યુટ્યુબ વ્યુઅરશીપનો આંકડો ૬૭.૪ અબજનો રહ્યો હતો. આવી જ રીતે વર્ષ ૨૦૨૨માં તેલુગુ ભાષામાં યુટ્યુબ સ્થાનિક ભાષામાં વ્યુઅરશીપ આંકડો ૧૨.૭ અબજનો રહ્યો હતો. તમિળ, પંજાબી, મલયાલમ અને ભોજપુરી ભાષામાં પણ આંકડો ખુબ ઉંચો રહેલો છે. ભારતમાં ઈન્ટનેટ યુઝર્સની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. વર્ષ ૨૦૨૨ની વાત કરવામાં આવે તો આ સંખ્યા હવે વધીને ૬૨.૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. વિડિયો નિહાળવા માટેનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની વાત કરવામાં આવે તો વિડિયો નિહાળતા લોકોમાં શહેરી વિસ્તારમાં વર્ષ ૨૦૨૧માં સંખ્યા ૨૯.૫ કરોડની આસપાસ હતી. આ સંખ્યા વર્ષ ૨૦૨૨માં વધીને ૩૩.૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. આવી જ રીતે ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોની વાત કરવામાં આવે તો સંખ્યા વર્ષ ૨૦૨૧માં ૧૮.૬ કરોડજેટલી હતી. જે હવે વર્ષ ૨૦૨૨માં બદલાઈ ગઈ છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૯૭ ટકા મોબાઈલ યુઝર્સ પોતાના મોબાઈલ ડિવાઈસ પર ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૨ સુધી ૭૫ ટકા હિસ્સો વિડિયો સ્ટ્રીમિંગનો રહેનાર છે. કુલ મોબાઈલ ઈન્ટરનેટ યુઝનો આંકડો વધનાર છે. પ્રતિ માસિક એક્ટિવ યુઝરની વાત કરવામાં આવે તો ફેબસબુક પર આ સંખ્યા ૩૧ કરોડની આસપાસ રહેલી છે. જ્યારે યુ ટ્યુબ પર આ સંખ્યા ૨૬.૫ કરોડની આસપાસ રહેલી છે. નિષ્ણાંત લોકો કહે છે કે ૬૦ ટકા યુટ્યુબ વોચ ટાઈમ દેશના છ મોટા મેટ્રો શહેરમાંથી

### ટેક વર્લ્ડ : બિલ્ડિંગ પડશે તે બે સપ્તાહ પહેલા જાણી શકાશે

## ખાસ રિસર્ચ દુનિયા બદલવા તૈયાર

સમગ્ર દુનિયામાં વૈત્રાનિકો કેટલીક નવી નવી શક્યતાઓ અંગે માહિતી મેળવી રહ્યા છે. આના કારણે દુનિયા વધારે સલામત અને સુરક્ષિત બનવાની સાથે સાથે સુવિધામાં વધારો થનાર છે. કેટલીક એવી શોધ પર હાલમાં કામ ચાલી રહ્યુ છે જે ભવિષ્યમાં દુનિયાને બદલી નાંખવા માટે સક્ષમ છે. આ દિશામાં વૈજ્ઞાનિકો સફળ રીતે આગળ વધી રહ્યા છે. શુ તમને આ બાબતી માહિતી છે કે રશિયામાં જુરાસીક પાર્ક સ્ટાઈલમાં લેબ ખુલનાર છે. આની યોજના વિલુપ્ત પશુ પ્રજાતિઓને ફરી એકવાર જીવિત કરવા માટેની રહેલી છે. આ એક પ્રકારની ક્લોનિંગ લેબ પણ છે. જેમાં હજારો વર્ષ પહેલાના પ્રાણીઓ પણ જોવા મળનાર છે. સમગ્ર દુનિયામાં આ પ્રકારના અનેક વૈજ્ઞાનિક ડેવલપમેન્ટ થઈ રહ્યા છે. જે મોટી સફળતા તરીકે આગળ વધી શકે છે. હાલમાં એક એવી શોધ પણ ઓસ્ટ્રેલિયામાં ચાલી રહી છે જેના કારણે કઈ ઈમારત ધરાશાયી થનાર છે તે અંગે માહિતી મળી જશે. એઓસ્ટ્રેલિયન શોધ કરનાર લોકો દ્વારા એક પ્રકારના ખાસ ટુલ્સ વિકસિત કરવા પર કામ ચાલી રહ્યુ છે. જે કેટલીક રાહત આપનાર છે. આ એવા ટુલ વિકસિત કરવામાં આવી રહ્યા છે જેના કારણે કોઈ ઈમારત ક્યારેય ક્રેક થનાર છે અથવા તો તુટી જાનાર છે તે સંબંધમાં માહિતી મળી જશે. ઈમારતની આધારશીલા કઈ રીતે સરકી રહી છે તે પણ જાણી શકાશે. આ ગ્રાઉન્ડ મોશન પેટર્નનુ મુલ્યાંકન કરવા માટે એપ્લાઈડ મેથ અને બિગ ડેટા એનાલીસીસ કરે છે. આ લેન્ડસ્લાઈટ્સના સમયને ટ્રેક



**સ્માર્ટ પેપર કમાન્ડથી ફોલ્ડ અને સમતલ થઇ શકશે**

કરે છે. અન્ય એક શોધ એવી પણ થઈ રહી છે જેના કારણે હવે ક્લોથિંગમાં લગાવવામાં આવેલા ઈલેક્ટ્રોનિક્સ મારફતે વાતચીત પણ કરી શકાય છે. શોધ કરનાર લોકોએ એક એવા સાધન તૈયાર કરવામાં સફળતા મેળવી છે જે એમ્બેડેડ ઈલેક્ટ્રોનિક્સવાળા એવા ફાઈબર બનાવ્યા છે. જે ફ્લેક્સિબલ છે. જેમને સોફ્ટ ફેબ્રિક્સમાં મુકી શકાય છે. તેમને વિયરેબલ ક્લોથિંગના રૂપમાં બનાવવામાં આવે છે. ઓટો ઈલેક્ટ્રોનિક્સ સેમી કન્ડક્ટર ડિવાઈસ સાથે અલગ પડી ગયા બાદ પણ તેને ધોવા લાયક ફેબ્રિક્સમાં નાંખી શકાય છે. તે ક્લોથિંગ ડિવાઈસ સાથે વાતચીત કરી શકે છે. બીજી બાજુ એક સ્માર્ટ પેપર બનાવવા માટેની રીત વિકસિત કરવામાં આવી રહી છે. કન્ડક્ટિંગ થર્મોપ્લાસ્ટિકની પાતળી લેયર સામાન્ય પેપર પર એપ્લાય કરવામાં આવનાર છે. જે રિવર્સેબલ એક્યુએટર તરીકે કામ કરનાર છે. જ્યારે ઈલેકક્ટ્રિકલ કરન્ટ અપ્લાય કરવામાં આવે છે ત્યારે થર્મોપ્લાસ્ટિક ગરમ થઈને વિસ્તૃત બની જાય છે. જેના કારણે પેપર ફોલ્ડ થઈ જશે. જ્યારે કરન્ટ હટાવી દેવામાં આવશે ત્યારે પેપર પોતાના જુના સેપમાં પરત આવી જશે. આવી જ રીતે બ્રિટીશ વૈજ્ઞાનિકો દ્વારા પણ એક ખાસ શોધ પર કામ કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે સનલાઈટને કામ લઈને આગળ વધવામાં આવી રહ્યુ છે. પાણીને આના કારણે હ્રાઈડ્રોજન અને ઓક્સીજનમાં બદલી નાંખવામાં આવનાર છે પાણીને તોડીને સનલાઈટને ફ્યુઅલમાં ફેરવી નાંખવામાં આવનાર છે.યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજની એક ટીમ દ્વારા આ દિશામાં કામ કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે સેમી આર્ટિફિશિયલ ફોટોસિન્થેસિસને કામમાં લઈને સોલર એનર્જી ઉભી કરવામાં આવનાર છે. અન્ય એક શોધની વાત કરવામાં આવે તો વિશાળ અને વિરાટ સ્વરૂપમાં મેગલન ટેલિસ્કોપનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. જે ચિલિયન માઉન્ટેન રેન્જની શિખર પર છે જેમાં કોહેરેન્ટ ઓપ્ટિકલ સિસ્ટમ છે. જેના કારણે તે હબલ સ્પેસ ટેલિસ્કોપથી ૧૦ ગણા વધારે શાર્પ ઈમેજ પ્રોડ્યુસ કરી શકે છે. લેજર આધારિત ઓપ્ટિકલની મદદથી ટેલિસ્કોપ વાતાવરણમાં રહેલી દરેક પ્રકારની શક્યતાને ચકાસી શકે છે. અન્ય અનેક પ્રકારની પણ એવી શોધ ચાલી રહી છે જે દુનિયાને બદલી નાંખવા માટે સક્ષમ છે.





કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મુરાદાબાદમાં સંસદીય ચૂંટણી દરમિયાન ભાજપના ઉમેદવાર કુંવર સર્વેશ સિંહના સમર્થનમાં ચૂંટણી રેલીમાં હાજર રહ્યા હતાં.

### ભારતમાં બ્રિટનના નવા રાજદૂત તરીકે લિન્ડી કેમરૂનની નિયુક્તિ

# હવે બ્રિટનમાં સંબંધીઓને ફેમિલી વિઝા પર સ્પોન્સર કરવાનું મોંઘુ થશે

## પોતાના પરિવારના સભ્યોને બ્રિટન બોલાવવા માગતા લોકોની ન્યૂનતમ વાર્ષિક આવક ૨૯,૦૦૦ પાઉન્ડ હોવી જરૂરી

। (એજન્સી) લંડન, તા.૧૨ ।

બ્રિટને પોતાના સંબંધીઓને ફેમિલી વિઝા પર સ્પોન્સર કરવા ઈચ્છતા લોકો માટે જરૂરી લઘુતમ આવકની મર્યાદામાં ગુરૂવારથી ૫૫ ટકા જેટલો જંગી વધારો કર્યો છે. બ્રિટનના આ નિર્ણયને પગલે ભારતીય સહિત અન્ય મૂળના બ્રિટિશ નાગરિકો તથા વસાહતીઓ માટે ફેમિલી વિઝાના માધ્યમથી પોતાના સંબંધીઓને સ્પોન્સર કરવાનું મુશ્કેલ બનશે. ગયા વર્ષે સરકાર દ્વારા જાહેર કરાયેલ પગારની મર્યાદામાં વધારો કરાયાને પગલે આ નિર્ણય લેવાયો છે. ગુરૂવારથી અમલી બનેલા આ નવા વધારાને પગલે ફેમિલી વિઝાના માધ્યમથી પોતાના કોઈ સંબંધીને યુનાઈડેટ કિંગડમ બોલાવવા માટે સ્પોન્સરશિપ કરવા ઈચ્છતા વ્યક્તિનું લઘુતમ વાર્ષિક વેતન ૨૯,૦૦૦ પાઉન્ડ હોવું ફરજિયાત બનાવાયું છે. અગાઉ આ શ્રેણી હેઠળ લઘુતમ વાર્ષિક વેતન ૧૮,૬૦૦ પાઉન્ડ હતું. આવતા વર્ષથી આ વેતનની આ લઘુતમ જરૂરિયાતને સ્કીલ્ડ



વર્કર વિઝાની શ્રેણી માટે નક્કી કરાયેલી ૩૮,૭૦૦ પાઉન્ડની ટોચમર્યાદાને સમકક્ષ બનાવવા તેમાં પણ બે ગણો વધારો કરાશે. બ્રિટનના ગૃહ વિભાગે આ નવા નિયમો અંગે જણાવ્યું હતું કે, દેશમાં કાયદેસરના વસાહતીઓની સંખ્યા પર નિયંત્રણ મુકવા તથા અહીં આવતા લોકો દેશના કરદાતાઓ પર ભારરૂપ ના બને તે માટે વડાપ્રધાન રિશી સુનક તથા ગૃહ મંત્રી જેમ્સ ક્લેવરલીની યોજના અંતર્ગત તેનો અમલ કરાયો છે. ક્લેવરલીએ જણાવ્યું હતું કે, વિદેશી વસાહતીઓના મામલે હવે આપણી ટોચમર્યાદા આવી ગઈ છે. જોકે જ્યારે આ યોજના બ્રિટિશ સંસદમાં રજૂ કરાઈ ત્યારે બ્રિટનના વિરોધ પક્ષો દ્વારા તેની આકરી ટીકા કરાઈ હતી. સુનકે આ નવા નિયમો અંગે જણાવ્યું હતું કે, જો કોઈ વ્યક્તિ તેમના પરિવારના લોકોને આ દેશમાં લાવવા ઈચ્છતા હોય તો તેઓ તેમને મદદ કરી શકે તેટલાં સક્ષમ હોવા જોઈએ. અમે વેતનની ટોચમર્યાદામાં બે તબક્કામાં નોંધપાત્ર વધારો કરી રહ્યાં છીએ. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, લઘુતમ આવકની જરૂરિયાતમાં કરાયેલો વધારો તબક્કાવાર અમલી બનાવાયો હોઈ તેનાથી સ્પોન્સર કરનાર પરિવારો આયોજનપૂર્વક વિઝાની પ્રક્રિયામાં આગળ વધી શકશે અને બ્રિટન આવતા તેમના પરિવારોની આર્થિક સલામતી સુનિશ્ચિત બનશે. બ્રિટને લિન્ડી કેમરુનની ભારતમાં પોતાના નવા રાજદૂત તરીકે નિયુક્તિ કરી છે. લિન્ડી કેમરૂન એલેક્સ એલિસનું સ્થાન લેશે. એલેક્સ એલિસની વિદેશ વિભાગની અન્ય સેવામાં બદલી કરાશે. લિન્ડી કેમરુપ ભારતની બ્રિટિશ હાઈકમિશનર તરીકે નિયુક્ત પ્રથમ મહિલા છે.

### ચીને અમેરિકાની બે સંરક્ષણ કંપનીઓ પર પ્રતિબંધ લગાવ્યો

। (એજન્સી) બેઈજિંગ, તા.૧૨ ।

ચીને અમેરિકાની બે સંરક્ષણ કંપનીઓ વિરુદ્ધ આકરી કાર્યવાહી કરી છે. અમેરિકાની બંને કંપનીઓ પર ચીને પ્રતિબંધ લગાવી દીધો છે. આ સાથે ચીને દાવો કર્યો છે કે આ બંને કંપનીઓ તાઈવાનને હથિયાર વેચાણ કરવાનું સમર્થન કરતી હતી. ઉલ્લેખનીય છે કે, ચીન હંમેશા તાઈવાનને પોતાનો હિસ્સો ગણાવતું રહ્યું છે. આ સાથે ચીન દાવો કરતું રહ્યું કે, જો જરુર પડશે તો બળપ્રયોગ કરીને તાઈવાનને પરત લઈ લેવામાં આવશે. ચીને કરેલી કાર્યવાહીના ભાગરુપે ચીનમાં કાર્યરત જનરલ એટોમિક્સ એરોનોટિકલ સિસ્ટમ્સ અને જનરલ ડાયનેમિક્સ લેન્ડ સિસ્ટમ્સની સંપત્તિઓ જપ્ત કરી લીધી છે. આ કંપનીઓને મેનેજમેન્ટને પોતાના દેશમાં પ્રવેશ કરવા સામે પણ મનાઈ ચાલું છે. જોકે, હજુ એ સ્પષ્ટતા કરવામાં આવી નથી કે આ કંપનીઓ પાસે ચીનમાં શું-શું છે. અમેરિકાના આ બંને સૈન્ય કંપનીઓ ચીનના આક્રમણને રોકવા કે સામનો કરવાના ઉદ્દેશ્યથી જૂના કવચને બદલવા માટે તાઈવાન દ્વારા ખરીદવામાં આવી રહેલી અબ્રામ્સ ટેન્કને બનાવવામાં મદદ કરે છે. જનરલ એટોમિક્સ અમેરિકાની સૈન્ય દ્વારા ઉપયોગમાં લેવાઈ રહેલા પ્રીડેટર અને રીપર ડ્રોનનું ઉત્પાદન કરે છે.

### પ્રવાસીઓને આકર્ષવા ભારતમાં રોડ શો યોજશે

# ભારતીય પ્રવાસીઓના આઘાતમાંથી બહાર નથી આવી શક્યું માલદીવ

## ભારત સાથેના સંબંધોમાં ખટાશ બાદ માલદીવની મુશ્કેલીઓ વધી રહી છે, માલદીવ જનારા ભારતીય પ્રવાસીઓની સંખ્યા સતત ઘટી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત સાથેના સંબંધોને તંગ બનાવીને માલદીવે પોતાના પગમાં ગોળી મારી દીધી છે. માલદીવમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં આશ્ચર્યજનક ઘટાડો થયો છે. જેની અસર માલદીવની અર્થવ્યવસ્થા પર પડી રહી છે. હવે માલદીવની એક મોટી પર્યટન સંસ્થાએ ભારતીય પ્રવાસીઓને આકર્ષવા માટે ભારતના મોટા શહેરોમાં રોડ શો યોજવાનું નક્કી કર્યુ છે. જેથી કરીને ભારતીય પ્રવાસીઓમાં માલદીવ વિશેની ધારણા બદલી શકાય અને તેઓ ફરી એકવાર માલદીવની મુલાકાત લેવા માટે પ્રેરિત થઈ શકે.તમને જણાવી દઈએ કે ચારે બાજુથી સમુદ્રથી ઘેરાયેલા માલદીવની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર પર્યટન છે. મોટી સંખ્યામાં ભારતીયો અહીં રજાઓ ગાળવા જાય છે. પરંતુ આ સ્થિતિ ત્યારે બદલાઈ જ્યારે રાષ્ટ્રપતિ મુઈઝુએ તેમના ચૂંટણી પ્રચારમાં 'ઈન્ડિયા આઉટ'નો નારો આપ્યો. આ પછી બંને દેશો વચ્ચેના



સંબંધો સતત બગડતા ગયા. માલદીવે ભારતીય સૈનિકોને તેના સ્થાનેથી હાંકી કાઢવાનો આદેશ પણ જારી કર્યો હતો. આ સૈનિકો ત્યાં નાગરિક કામમાં રોકાયેલા હતા. થોડા અઠવાડિયા પછી, પીએમ મોદીએ ભારતના લક્ષદ્વીપથી તેમની તસવીર જાહેર કરી. આ પછી સોશિયલ મીડિયા પર લક્ષદ્વીપ અને માલદીવ વચ્ચે સરખામણી થવા લાગી. આ પછી માલદીવના કેટલાક મંત્રીઓ સહિત કેટલાક અધિકારીઓએ ભારત વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી.આ પછી માલદીવ જનારા ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો હતો.હવે માલદીવ આ નુકસાનની ભરપાઈ કરવા માટે પગલાં લઈ રહ્યું છે અને ભારત સાથે સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યું છે.૮ એપ્રિલના રોજ માલેમાં ભારતીય હાઈ કમિશનર સાથેની ચર્ચા બાદ, માલદીવ એસોસિએશન ઑફ ટ્રાવેલ એજન્ટ્સ એન્ડ ટૂર ઑપરેટર્સએ ભારતના કેટલાક શહેરોમાં રોડ શોનું આયોજન કરવા સહિત પ્રવાસ અને પ્રવાસન સહયોગ વધારવાની યોજના બનાવી છે. માલદીવ ટૂરિઝમ એજન્સીએ એક નિવેદન જારી કરીને કહ્યું કે, ભારતના મુખ્ય શહેરોમાં વ્યાપક રોડ શો શરૂ કરવાની તૈયારી કરીને પ્રવાસન પહેલને પ્રોત્સાહન આપવા માટે માલદીવમાં ભારતીય હાઈ કમિશન સાથે નજીકથી સહયોગ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. આ સિવાય આગામી મહિનાઓમાં પ્રભાવકો અને મીડિયાને માલદીવના પ્રવાસે લઈ જવામાં આવશે જેથી તેઓ ત્યાંના વિશે જાણી શકે.એસોસિએશને જણાવ્યું હતું કે માલદીવના પ્રવાસન માટે ભારત એક મહત્વપૂર્ણ બજાર છે.

### યોગ્ય પગલાં લેવા યુએસ સરકાર, યુનિ.ને ભારતીય સંગઠનની રજૂઆત

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓના અપમૃત્યુ રોકવા પગલાં લેવા અપીલ

।(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨।

અમેરિકામાં ભારતીય મૂળના વિદ્યાર્થીઓની હત્યાઓ અને અપમૃત્યુના બનાવોમાં સતત ચિંતાજનક હદે થઈ રહેલા વધારાને પરિણામે ત્યાં વસતાં ભારતીયો ભયના ઓથાર નીચે જીવી રહ્યાં છે. અમેરિકા સ્થિત મૂળ ભારતીયોના અગ્રણી સંગઠને આ મામલે તાકીદે યોગ્ય પગલાં લેવા અને જવાબદારો વિરુદ્ધ આકરી દાખલારૂપ કાર્યવાહી કરવા માટે અમેરિકન સરકાર, યુનિવર્સિટીઝ તથા વિદ્યાથી સંગઠનોને અપીલ કરી છે. ફાઉન્ડેશન ફોર ઈન્ડિયા એન્ડ ઈન્ડિયન ડાયસ્પોરા સ્ટડીઝ દ્વારા કરાયેલા વિશ્લેષણ અનુસાર, અમેરિકામાં ભારતીય મૂળના વિદ્યાથીઓના અપમૃત્યુના બનાવોમાં મુખ્યત્વે ગોળીબારથી થયેલ મૃત્યુ, અપ હરણ, સુરક્ષાને લગતી પુરતી જાણકારીના અભાવે પર્યાવરણીય કારણોસર (મોનોકસાઈડ પોઈઝનિંગ, હાયપરથર્મિયા), માનસિક સમસ્યાઓને કારણે આત્મહત્યા, શંકાસ્પદ સંજોગોમાં અકસ્માતને કારણે મૃત્યુ તથા હિંસક અપરાધોનો સમાવેશ થાય છે. FIIDSએ અમેરિકન સત્તાવાળાઓને સુરક્ષાને લગતા શિક્ષણમાં વધારો કરવા, સર્ચ અને બચાવની કામગીરીમાં સુધારો કરવા તથા તેને ઝડપી બનાવવા, સમુદાયિક ઉત્પીડન અંગેના નિયમો વધુ કડક બનાવવા સહિતના પગલાં લેવા અપીલ કરી છે. ૨૦૨૪ની શરૂઆતથી અત્યાર સુધીમાં અમેરિકામાં ભારતીય અને ભારતીય મૂળના ૧૧ વિદ્યાથીઓએ અકુદરતી રીતે જીવ ગુમાવ્યો છે. છેલ્લાં એક મહિનાથી ગુમ થયેલાં એક ભારતીય વિદ્યાથીનું શબ ચાલુ સપ્તાહે અમેરિકાના ક્લીવલેન્ડ શહેરમાંથી મળી આવ્યું હતું. ગયા સપ્તાહે ઓહાયોમાં ઉમા સત્યા સાઈ ગડ્ડે નામનો એક ભારતીય વિદ્યાથી મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. તે પહેલાં મિસોરીના સેન્ટ લુઈસમાં અમરનાથ ઘોષ નામના ૩૪ વર્ષીય શાસ્ત્રીય નૃત્યકારની ગોળી મારી હત્યા કરાઈ હતી. ભારતીયોના અપ મૃત્યુ અંગેની માહિતી એકત્ર કરતાં અને બોસ્ટનમાં વસતા ડો. લક્ષ્મી થલંકીના જણાવ્યાં અનુસાર, ભારતીયોના ખાસ કરીને ભારતીય વિદ્યાથીઓના શંકાસ્પદ મૃત્યુના બનાવોમાં થયેલો વધારો ચિંતાજનક છે.

**છેલ્લાં એક મહિનાથી ગુમ થયેલાં એક ભારતીય વિદ્યાથીનું શબ અમેરિકાના ક્લીવલેન્ડ શહેરમાંથી મળી આવ્યું હતું**

### રશિયા સામેના યુદ્ધમાં યુક્રેન અન્ય દેશો પાસેથી શસ્ત્રોની માંગ કરી રહ્યું છે

# અમેરિકાએ ઇરાન પાસેથી જપ્ત કરેલા શસ્ત્રો યુક્રેનને મોકલ્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।

રશિયા સામેના યુદ્ધમાં યુક્રેન પશ્ચિમના દેશો પાસેથી સતત શસ્ત્રોની માંગ કરી રહ્યું છે ત્યારે અમેરિકાએ ઈરાન પાસેથી જપ્ત કરેલી ૫,૦૦૦થી વધુ એકે-૪૭ રાઈફલ્સ, રોકેટ લોન્ચર્સ અને પુષ્કળ પ્રમાણમાં દારુગોળો યુક્રેનને મોકલ્યો છે. કોંગ્રેસ યુક્રેન માટે વધુ નાણાકીય સહાયની મંજૂરી ન આપે ત્યાં સુધી અમેરિકા યુક્રેનને વધુ શસ્ત્રો પહોંચાડી શકે તેમ નથી. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, "અમેરિકન સરકારે ૪ એપ્રિલે યુક્રેનના સશસ્ત્ર દળોને ૫,૦૦૦ એક-૪૭, સ્નાઈપર રાઈફલ્સ, મશિન ગન્સ અને દારુગોળાના પુષ્કળ જથ્થો પહોંચાડ્યો



હતો. યુક્રેનને મોકલવામાં આવેલી સામગ્રી લગભગ ૪,૦૦૦ સૈનિકોની એક બ્રિગેડ માટે પૂરતી છે. આ શસ્ત્રો રશિયા સામે લડવામાં યુક્રેનને મદદ કરશે." ઉલ્લેખનીય છે કે, અમેરિકન સરકારે ૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ઈરાનના ઈસ્લામિક રેવલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી) પાસેથી આ શસ્ત્રો કબજે કર્યા હતા. નિવેદનમાં જણાવ્યા અનુસાર "૨૨ મે, ૨૦૨૧થી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધીના ગાળામાં ચાર અલગ કાર્યવાહીમાં શસ્ત્રો કબજે કરાયા હતા." મીડિયાના અહેવાલ મુજબ અમેરિકાએ ઓક્ટોબરમાં ઈરાન પાસેથી મેળવેલો ૧૦ લાખ રાઉન્ડનો દારુગોળો યુક્રેનના લશ્કરને મોકલ્યો હતો.

એક વર્ષમાં અમેરિકન નેવીએ ઈરાન દ્વારા જહાજ મારફતે યમનના હુથી બળવાખોરોને મોકલાતા શસ્ત્રો કબજે કર્યા છે. જેમાં ઈરાનની હજારો એસોલ્ટ રાઈફલ્સ અને ૧૦ લાખ રાઉન્ડથી વધુ દારુગોળાનો સમાવેશ થાય છે. એક વર્ષથી બાઈડેન સરકાર જપ્ત કરાયેલા શસ્ત્રો કાયદાકીય રીતે યુક્રેનના લશ્કરને મોકલવા સક્રિય છે. ઈરાન પાસેથી જપ્ત કરાયેલા શસ્ત્રો અમેરિકાની અખાતી દેશોમાં આવેલી સેન્ટ્રલ કમાન્ડની ઓફિસોમાં રાખવામાં આવ્યા છે. આઈઆરજીસી દ્વારા યમનના હુથી બળવાખોરોને મોકલાયેલા શસ્ત્રો યુનાઈટેડ નેશન્સ કાઉન્સિલ રિઝોલ્યુશન ૨૨૧૬નું ઉલ્લંઘન હતું. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, "અમે સાથી પક્ષો અને મિત્રો સાથે મળીને ઈરાન દ્વારા મોકલાતા શસ્ત્રોને અટકાવવા સક્રિય છીએ. સશસ્ત્ર બળવાખોર જૂથોને ઈરાનનો ટેકો આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સુરક્ષા માટે જોખમ છે. ઉપરાંત, એ વિસ્તારમાં અમારા લશ્કર, રાજદ્વારી અધિકારીઓ અને નાગરિકો માટે પણ તે ખતરો ઊભો કરે છે.

# 'પત્નીએ બેરોજગાર પતિને ભરણ પોષણ ચૂકવવું જોઇએ...' : બોમ્બે હાઈકોર્ટે

## પત્નીને તેના બેરોજગાર પતિને દર મહિને ૧૦,૦૦૦ નું ભરણપોષણ ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

બોમ્બે હાઈકોર્ટે નીચલી અદાલતના નિર્ણયને માન્ય રાખ્યો છે જેમાં પત્નીને તેના બેરોજગાર પતિને દર મહિને ૧૦,૦૦૦ નું ભરણપોષણ ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ નિર્ણય પરંપરાગત કાનૂની માન્યતાને પડકારે છે જ્યાં પતિને સામાન્ય રીતે પત્નીને ભરણપોષણ ચૂકવવાનો આદેશ આપવામાં આવે છે. નીચલી કોર્ટના આદેશને પડકારતી પત્નીની અરજીના જવાબમાં હાઈકોર્ટનો આ નિર્ણય આવ્યો છે. મહિલાનો પતિ પણ તબીબી બિમારીઓથી પીડિત છે, તેને ૧૦,૦૦૦નું માસિક ભરણપોષણ ભથ્થું ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. તેથી, વૈવાહિક વિવાદની કાર્યવાહી દરમિયાન, જો કોઈ પક્ષ પોતાને જાળવવામાં અસમર્થ હોય, તો તે બીજા પક્ષ પાસેથી ભરણપોષણની માંગ કરી શકે છે. આ કિસ્સામાં, પત્નીને તેના બેરોજગાર પતિને ભરણપોષણ ચૂકવવાનો પ્રારંભિક આદેશ



કલ્યાણની એક અદાલત દ્વારા ૧૩ માર્ચ, ૨૦૨૦ ના રોજ જારી કરવામાં આવ્યો હતો. આ સૂચનાને પડકારતાં પત્નીએ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે તે ભરણપોષણ ચૂકવવામાં અસમર્થ છે.પત્નીએ કહ્યું- મેં રાજીનામું આપી દીધું છે ખરેખર, પત્નીએ કહ્યું છે કે તેણે બેંકના બ્રાન્ચ મેનેજરના પદ પરથી રાજીનામું આપી દીધું છે, મહિલાએ બેરોજગાર હોવાના તેના દાવાના સમર્થનમાં ૨૦૧૯નો રાજીનામું પત્ર બતાવ્યું હતું. જો કે નીચલી અદાલતે સ્વીકાર્યું હતું કે પત્ની હોમ લોન ચૂકવી રહી છે અને તેના સગીર બાળકનો ખર્ચ પણ ઉઠાવી રહી છે, તો તેણે આ ખર્ચ કયા સ્ત્રોતથી પૂરો થઈ રહ્યો છે તે વિશે જણાવવું જોઈએ. કલ્યાણની કોર્ટે કહ્યું હતું કે, બેંકમાંથી રાજીનામું આપ્યા પછી પણ પત્ની કમાણી કરતી હતી અને તેની પાસે આવકનો સ્ત્રોત હતો.મામલો વર્ષ ૨૦૧૬નો છે મામલો એવો હતો કે વર્ષ ૨૦૧૬માં પતિએ છૂટાછેડા માટે અરજી કરી હતી. પત્ની અને પતિએ એકબીજા પાસેથી વચગાળાના ભરણપોષણની માંગણી કરતી અરજીઓ કરી હતી, જ્યારે ટ્રાયલ કોર્ટે પત્નીની અરજીને ફગાવી દીધી હતી, તેણે પતિની અરજીને મંજૂરી આપી હતી, જેમાં પત્નીએ પતિને ૧૦,૦૦૦ ની રકમ ચૂકવવાની હતી. ચૂકવણી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. કારણ કે પતિએ કહ્યું હતું કે પત્ની બેંકમાં દર મહિને ૬૫,૦૦૦ જેટલી કમાણી કરતી હતી.

### દલાઈ લામાના મૃત્યુ બાદ કોઈપણ પ્રકારની ધાર્મિક વિધિ ન થવી જોઈએ : ચીન

। (એજન્સી) તિબેટ, તા.૧૨ ।

તિબેટના ધાર્મિક નેતા દલાઈ લામાને લઈને ચીનની નાપાક ગતિવિધિઓ સામે આવી છે. તે તિબેટીયન મઠોમાં દલાઈ લામા વિરુદ્ધ વાંધાજનક પુસ્તિકાઓનું વિતરણ કરી રહ્યો છે અને તેમના મૃત્યુની શુભેચ્છા પાઠવી રહ્યો છે. ચીનનું કહેવું છે કે દલાઈ લામાના મૃત્યુ બાદ કોઈપણ પ્રકારની ધાર્મિક વિધિ ન થવી જોઈએ. ડ્રેગન દલાઈ લામા પછી તિબેટીયન મઠો પર નિયંત્રણ સ્થાપિત કરવા માંગે છે અને તેમની ધાર્મિક ઓળખને ભૂંસી નાખવામાં વ્યસ્ત છે. પુસ્તિકા દ્વારા કહેવામાં આવ્યું છે કે દલાઈ લામાના મૃત્યુ બાદ બૌદ્ધ સાધુઓને તિબેટના આધ્યાત્મિક નેતાની તસવીરો અને અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓ અને ધાર્મિક વિધિઓ જાહેર કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ચીનના અધિકારીઓએ ગાંસુ પ્રાંતના મઠોમાં પુસ્તિકાઓનું વિતરણ કર્યું છે. પુસ્તિકામાં ૧૦ નિયમોની યાદી છે. ખરેખર, દલાઈ લામા હાલ ધર્મશાલામાં રહે છે. તેઓ તિબેટના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપતા તિબેટીયન બૌદ્ધ આધ્યાત્મિક નેતા છે. ચીને ૧૯૫૧માં તિબેટ પર કબજો કર્યો હતો.

## તંત્રી લેખ...

# આઈઆઈટીના સ્નાતકોને આજે નહીં, તો કાલે નોકરી મળી જશે

ભારતીય ટેક્નોલોજીની ગણના દુનિયાભરની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થાઓમાં થાય છે. આકરી પ્રતિસ્પર્ધા બાદ છાત્રોને આ સંસ્થાઓમાં પ્રવેશ મળે છે, જ્યાં ભણતર અને પ્રશિક્ષણનું સ્તર બહુ કઠિન હોય છે. તેમ છતાં આ વર્ષે ત્યાંના ૩૦-૩૫ ટકા સ્નાતકોને કેમ્પસ પ્લેસમેન્ટથી નોકરી નથી મળી શકી. ગયા વર્ષની તુલનામાં ભરતીની પ્રક્રિયા ધીમી છે. ઉલ્લેખનીય છે કે ઈન્ફર્મેશન ટેકનિકના ક્ષેત્રે વૈશ્વિક સ્તર પર ઓછી નોકરીઓ ઉપલબ્ધ છે અને આપણા દેશમાં પણ તેની અસર દેખાઈ રહી છે. કારકિર્દીની સુરક્ષાને કારણે કેટલાક છાત્રો સરકારી અને જાહેર સાહસોમાં પણ નોકરી કરવા માગે છે. જે છાત્રોને પ્લેસમેન્ટ નથી મળતું, તેમાંથી અનેક કોચિંગ સંસ્થાઓમાં ભણાવવાનું કામ કરી રહ્યા છે. ટેકનિક, એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટની સારી સંસ્થાઓના ઘણા વિદ્યાર્થીઓ અપેક્ષાથી ઓછા વેતન પર પણ કામ કરી રહ્યા છે. આ ચિંતાજનક સ્થિતિ છે અને ઉદ્યોગ જગતે આગળ આવીને પ્રતિભાઓને અવસર પ્રદાન કરવા જોઈએ. તેના વિરુદ્ધ બીજી સમસ્યા આપણા દેશમાં એ છે કે વિભિન્ન શિક્ષણ સંસ્થાઓના સ્નાતકોનો મોટો હિસ્સો રોજગાર માટે લાયક જ નથી. હાલમાં જારી આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ હ્યુમન ડેવલપમેન્ટના રિપોર્ટમાં રેખાંકિત કરવામાં આવ્યું છે કે કૌશલ અને પ્રશિક્ષણનો અભાવ શિક્ષિત યુવાઓમાં ભારે બેરોજગારીનું મુખ્ય કારણ છે. આપણા દેશનો શિક્ષણ ઉદ્યોગ ૧૧૭ અબજ ડોલરથી વધારે છે અને ઝડપથી નવી નવી કોલેજો પણ ખૂલતી રહે છે. આપણી આબાદીનો એક મોટો હિસ્સો યુવા છે અને અર્થવ્યવસ્થાને ગતિશીલ બનાવી રાખવામાં તેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. વિકાસના આ મોડ પર યુવાઓમાં કૌશલનો અભાવ ભારે નુકસાનનું કારણ બની શકે છે. એક તરફ કેટલીક પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી નીકળેલા લોકો વૈશ્વિક સ્તર પર વિભિન્ન ક્ષેત્રોમાં નેતૃત્વના સ્તર પર છે, તો બીજી તરફ સ્નાતકોની મોટી સંખ્યા પાસે સામાન્ય રોજગાર સુદ્ધાં માટે ક્ષમતાની અછત છે. ગયા વર્ષના એક અધ્યયનમાં જોવા મળ્યું હતું ક દેશમાં માત્ર ૩.૮ ટકા એન્જિનિયર છે, જેમની પાસે સ્ટાર્ટઅપમાં સોફ્ટવેર સંબંધી નોકરી માટે જરૂરી કૌશલ છે. આપણા દેશમાં શિક્ષણની જરૂરિયાત અને માંગ જોતાં ખાનગી ક્ષેત્રનું યોગદાન મહત્ત્વનું છે.

## શિક્ષણને કામ સાથે જોડવું બાળકોને સમાજ સાથે જોડવા જેટલું સમાન છે



એક વખત હતો, જ્યારે સોનાની ચિડીયા કહેવાતો ભારત એક ઉદ્યમ પ્રધાન અને કારોબારી દેશ રહ્યો હતો. સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યની રાજસભામાં આવેલા યુનાની સમ્રાટ સેલ્યુકસના રાજદૂત મગસ્થનીઝે પોતાના પુસ્તક 'ઈન્ડિકા'માં ભારતીય સમાજના સાત વર્ગોનો ઉલ્લેખ કર્યો છે. તેમાં મોટાભાગના લોકો બુદ્ધિજીવી, ખેડૂત, કારોબારી, શિલ્પકાર અને સૈનિક વર્ગોના હતા. ઘણા ઓછા લોકો સેવક હતા અને નોકરી કરતા હતા. નોકરીને નિર્ભરતા અને પરાધીનતાનું કામ હોવાને કારણે હીણી દૃષ્ટિએ જોવામાં આવતું. આર્થિક ઈતિહાસકાર એંગસ મેડિસને પણ વિશ્વ અર્થવ્યવસ્થાના ઈતિહાસમાં તેની પુષ્ટિ કરી છે, પરંતુ સદીઓની ગુલામી બાદ આઝાદ થયેલા ભારતમાં પરિસ્થિતિઓ સંપૂર્ણ રીતે બદલાઈ ગઈ છે. આજે લોકોને પગારની સુરક્ષાવાળી નોકરીની પરાધીનતા આર્થિક અસુરક્ષાવાળા કારોબારી ઉદ્યમ કરતાં બહેતર લાગવા માંડી છે. વિશેષ રૂપે સરકારી નોકરી જેને કામની સુરક્ષા અને પેન્શનને કારણે સર્વોપરિ માનવામાં આવે છે. કારોબારી ઉદ્યમને આર્થિક અસુરક્ષાની સાથે સાથ નફાખોરીના કામ રૂપે જોવામાં આવે છે. તેનું મોટું કારણ અંગ્રેજોએ આપણને આપેલી શિક્ષણ પદ્ધતિ છે, જે ઉદ્યમ, સર્જનશીલતા અને ગવેષણાનું કૌશલ અને અનુભવ આપવાની જગ્યાએ ગોખણપટ્ટીવાળા શિક્ષણ પર કેન્દ્રિત છે. તેનાથી શિક્ષિત સ્નાતક ઉદ્યમ, શ્રમ અને ગવેષણાથી વિમુખ થઈને દફતરી કે મશીની કામ કરવા યોગ્ય બને છે. તેમની ઉપયોગીતા ખતમ થતી જાય છે, કારણ કે કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ)ના વિકાસને કારણે મશીનો કેટલાંય કામોને વધુ કુશળતા અને ગતિથી કરી શકે છે. તેથી ગાંધીજીએ પોતાની 'નઈ તાલીમ'માં શિક્ષણને શ્રમ સાથે જોડવાની વાત કરી હતી. શિક્ષણશાસ્ત્રી અનિલ સદ્ગોપાલની અધ્યક્ષતામાં બનેલી સમિતિના રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે શિક્ષણને કામ સાથે જોડવું બાળકોને સમાજ સાથે જોડવા સમાન છે. તેનાથી તેમનામાં શ્રમ પ્રત્યે શ્રદ્ધા પેદા થાયછે અને અનુભવજન્ય જ્ઞાન પણ મળે છે. શ્રમ અને બૌદ્ધિકતાના આ સંતુલનને પ્રાયોગિક રૂપ આપવા માટે રાંચી પાસે નેતરહાટમાં એક પ્રાયોગિક શાળા ખોલવામાં આવી, પરંતુ તેની સફળતા છતાં તેને દેશભરમાં ફેલાવવામાં ન આવી. પરિણામ બધા સામે છે. એના પર ચર્ચા થઈ શકે છે કે દેશમાં ૨૧-૩૦ વચ્ચે કઈ ઉંમર વર્ગના શિક્ષિતોમાં બેરોજગારીનો દર સૌથી ઊંચો રહે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ઉત્તર પ્રદેશમાં સિપાઈઓની લગભગ ૬૦ હજાર નોકરીઓ માટે ૫૦ લાખથી પણ વધ સ્નાતકોએ અરજી કરી અને પરીક્ષામાં જવા માટે ટ્રેનોમાં જગ્યા પણ ન મળી. એ પણ કોઈથી છૂપું નથી કે મુઠ્ઠીભર નાગરિક સેવાઓ માટે કેવી રીતે લાખો સ્નાતક કોટા અને પણે જેવાં શહેરોની કોચિંગ સંસ્થાઓમાં જઈને કેટલાય વર્ષ સુધી તૈયારી કરતા રહે છે. આ બધું એટલા માટે થઈ રહ્યું છે, કારણ કે ભારતમાં દર વર્ષે સરેરાશ ૧૫ લાખ એન્જિનિયરો સહિત લગભગ એક કરોડ છાત્ર સ્નાતક બને છે. યોગ્યતા સર્વેક્ષણો અનુસાર તેમાંથી માત્ર ૨૫ ટકા એમબીએ સ્નાતક, ૨૦ ટકા એન્જિનિયર અને માત્ર ૧૦ ટકા સામાન્ય સ્નાતક જ કામ કરવાને યોગ્ય હોય છે. બાકીનાને તો કાં તો નવેસરથી પ્રશિક્ષિત કરવા પડે છે કે એવું કામ આપવું પડે છે, જેના માટે તેઓ માનસિક રૂપે તૈયાર નથી હોતા. કામ-ધંધાને લઈને સામાજિક માનસિકતા એટલી નકારાત્મક છે કે જો કોઈ નેતા રોજગાર માટે તેમનું દૃષ્ટાંત પણ આપી દે તો હાંસીનું પાત્ર બનાવી દેવામાં આવે છે. કારોબારી ઉદ્યમ અને કામધંધા માટે બજારમાં પ્રતિસ્પર્ધા પણ આકરી થતી જાય છે.

**આજે આપણે સાત ચક્રમાના ચોથા ચક્ર અનાહત ચક્ર કે હૃદય ચક્ર વિશેની શાસ્ત્રીય રચના જોઈએ**

# અનાહત ચક્રનાં મધ્યમાં આવેલ બે ત્રિકોણથી બનતો ષટકોણ, સ્ત્રી અને પુરુષનાં મિલનનું પ્રતિનિધિત્વ કરે છે



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**અનાહતનો એક અર્થ બે ભાગોનો સ્પર્શ કર્યા વિના ઉત્પન્ન થતો અવાજ! અહીં સુધી જીવ પોતાની એકની શક્તિ સાથે ઝઝુમતો હતો, અને જાગવા મથતો હતો, જ્યારે હૃદય ચક્રમાં અન્યની લાગણી કુ લાગણીનો પ્રહાર થતાં એને એ શક્તિ સામે પણ સ્પર્શ કર્યા વગર ઝઝુમવાનું છે**

આપનાં શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ચૈત્રી નવરાત્રીના પાંચમા દિવસે કાર્તિકેયની માતા કન્દ માતાને નમન કરીએ. એક સામાન્ય જીવની માતા હોય કે પછી મા જગત જનની જગદંબા હોય, એ તેના મમતાના એક અનન્ય ભાવને કારણે પ્રખ્યાત પણ થઈ શકે છે, અને કુખ્યાત પણ થઈ શકે છે. મમતાનો રંગ લાલ માનવામાં આવ્યો છે, આ ઉપરાંત કામ ભાવવાળા પ્રેમને પણ લાલ રંગ તરીકે સ્વીકારવામાં આવ્યો છે, અને એટલે જ પ્રેમીઓમાં લાલ ગુલાબની આપ લે થતી હોય છે. આપણે મુલાધાર ચક્રની શાસ્ત્રીય રચના જોઈ ત્યારે જોયું હતું કે મુલાધારનો રંગ પણ લાલ છે, કારણ કે એ કામનું કેન્દ્ર છે. પરંતુ હું પશુ નથી, હું મનુષ્ય છું, અને મારે મારા કામભાવ ને નિયંત્રિત રાખવા સંયમનની જરૂર છે. એવું થોડુંક જ્ઞાન પણ આ લાલ રંગમાં ભળે, તો એ મુલાધરમાંથી સ્વાધિષ્ઠાન ચક્ર પર પહોંચી જાય છે, અને લાલમાં જ્ઞાનનો પીળો રંગ ભળતાં એ નારંગી થઈ જાય છે, એ આપણે સૌ જાણીએ છીએ. એટલે જાગરણથી જ્ઞાન અને જ્ઞાનથી શક્તિ પ્રવાહ સુધી પહોંચવાની વાત છે. પશુમાંથી જેમ જેમ માનવી બનતા જઈએ, એમ એમ આ જ્ઞાનનો રંગ નારંગીમાં ભળી અને હજી વધુ પીળો બનાવે છે, અને મણીપુર એટલે કે રત્નોનું નગર આંતરિક ઊર્જા અને સૂર્ય દ્વારા સોષાયેલી ઉર્જાથી જગમગી ઊઠે છે. આટલું જાગરણ તો આપણાથી અવશ્ય થશે કે હું પશુ નથી! માનવ તરીકેનો જન્મ મળ્યો છે, તો કમ સે કમ માનવી બની રહીશ, પણ કામ ભાવ નિયંત્રિત કરી શકનારા પણ આપણે ઉપર કહ્યું તેમ મમતાને કારણે આ મુલાધાર પર જ રહી જાય છે, અથવા તો જો કામની અધિષ્ઠાતા હોય તો, આખું આયખું પૂરું થાય પણ નથી એનું ભોગ પર સયંમન, કે નથી કામ પર, કે નથી મમતા પર! શ્રદ્ધાની જેમ મમતા પણ સાત્વિકી રાજસી અને તામસી હોય છે, અને એની ત્રિગુણાત્મકતા જીવનને સાચી ખોટી દિશામાં દોરે છે. જેમકે ગાંધારીની મમતા તામસી હતી, અને જેણે આખા કુળનો વિનાશ નોતર્યો! એ જ રીતે માતા કુંતી અને માતા કૈકેયીની મમતા રાજસી હતી, જેણે પણ રામ રાવણ કે કૌરવ પાંડવનાં યુદ્ધ માટે મહત્વની ભૂમિકા અદા કરી. તો માતા કૌશલ્યા અને સુમિત્રાની મમતા સાત્વિકી હતી, અને તેમના ત્યાગ સમપ ર્ણ અને બલિદાનની ગાથા આજે પણ ગવાય છે, અને એનું કારણ એ જ છે કે એમની મમતા મુલાધાર પર નહીં, પ રંતુ અનાહત ચક્ર કે હૃદય ચક્રમાં પ્રેમ રુપે સ્થાપિત હતી, અને આજે આપણે સાત ચક્રમાના ચોથા ચક્ર અનાહત ચક્ર કે હૃદય ચક્ર વિશેની શાસ્ત્રીય રચના જોઈએ. અનાહત અથવા હૃદય ચક્ર એ ચોથું પ્રાથમિક ચક્ર છે. જે શાક્ત બૌદ્ધ કે હિન્દુ તાંત્રિક પરંપરાઓ સાથે સંકળાયેલું છે. અનાહતનો અર્થ અનહર્ટ, અનસ્ટ્રક કે અજેટ નાદ એટલે કે અવકાશી ક્ષેત્રના અવાજ સાથે સંકળાયેલ છે. અનાહત સંતુલન, શાંતિ અને નિર્મળતા સાથે સંકળાયેલ છે. આ ઉપરાંત અનાહતનો એક અર્થ બે ભાગોનો સ્પર્શ કર્યા વિના ઉત્પન્ન થતો અવાજ! અહીં સુધી જીવ પોતાની એકની શક્તિ સાથે ઝઝુમતો હતો, અને જાગવા મથતો હતો. જ્યારે હૃદય ચક્રમાં અન્યની લાગણી કુ લાગણીનો પ્રહાર થતાં એને એ શક્તિ સામે પણ સ્પર્શ કર્યા વગર ઝઝુમવાનું છે, અને એનો અવાજ કે નાદની તીવ્રતા આ ચક્રની સક્રિયતા બતાવે છે. અનાહત ચક્ર જે કરોડમાં હૃદયની લાઈનમાં આવેલ છે.તેને બાર પાંખડીઓ આવેલ છે. તેમાં જળચર અને ખેતર જીવોના સંસ્કાર રહેલા છે. તેના દેવતા ભગવાન શિવ છે.તેનો મંત્ર 'રં' છે. તે હૃદય અને છાતીના અવયવો સાથે જોડાયેલ છે.અનાહત ચક્રનું કે હૃદય ચક્રનું સ્થાન હૃદયની નજીક કરોડરજ્જુની મધ્ય ચેનલમાં સ્થિત છે. અનાહતને બાર પાંખડીઓવાળા કમળના ફૂલ દ્વારા દર્શાવવામાં આવે છે, જેનો રંગ લીલો છે. અંદર બે ત્રિકોણના આંતરછેદ પર એક ધુમાડો પ્રદેશ છે, જે ષટકોણ બનાવે છે .ષટકોણ એ હિંદુ યંત્રમાં વપરાતું પ્રતીક છે , જે સ્ત્રી અને પુરુષના મિલનનું પ્રતિનિધિત્વ કરે છે. ખાસ કરીને, તેનો અર્થ પુરૂષ અને પ્રકૃતિનું પ્રતિનિધિત્વ કરવાનો છે. આ વિસ્તારના દેવતા વાયુ છે , જે ધુમાડા જેવા અને ચાર હાથવાળા છે, જે કુશ ધરાવે છે, અને કાળિયાર પર સવાર છે. "ચોથું ચક્ર જેનું સક્રિય છે એવી વ્યક્તિ" પાસે હરણની જેમ નિર્દોષ આંખો હોય છે. આ ચક્ર સાથે સંકળાયેલ ષટકોણ હવાનું પ્રતિનિધિત્વ કરે છે, જે ઉપર, નીચે અને ચારેય દિશામાં ખસે છે. આ ચક્રનો બીજ મંત્ર યં છે, જેના ઉચ્ચારણબિંદુની અંદર ઈશા દેવી છે, અને ઈશા તેજસ્વી સફેદ કે વાદળી રંગની છે. તેનાં પાંચ ચહેરા વિશે અસ્પષ્ટ નિવેદન છે, અને દરેક ચેહરા પર ત્રણ આંખો છે, એ વાઘની ચામડી પહેરે છે, અને ત્રિશૂળ અને નગારું ધરાવે છે, જે ભય દૂર કરે છે. તેની શક્તિ કાકિની છે, જે ચમકતા પીળા અથવા ગુલાબી રંગની છે.તેની સંખ્યાબંધ વિવિધતા છે. બીજ મંત્રના ઉચ્ચારણ સાથે પવન દેવતા જોડાયેલ છે, અને વાયુ એટલે કે પવનનો પોતાનો બીજ મંત્ર હીમ છે, જે યં સાથે બોલવાથી હૃદય ચક્રને પ્રભાવિત કરી ક્રિયાન્વિત કરવામાં મદદ કરે છે. બાર પાંખડીઓ કામ ખામ ગામ ગમ નગ્મા ચમ છમ જામ જામ ન્યામ ટેમ થામ સંસ્કૃતમાં નિશાની સાથે કોતરેલી છે, જે બાર વૃત્તિઓ કે ૧૨ દેવી ગુણો સાથે એટલે કે આનંદ, શાંતિ, સંવાદિતા, સમજણ, સહાનુભૂતિ, સ્પષ્ટતા, શુદ્ધતા, એકતા, કરુણા, દયા, ક્ષમા, જેવા આંતર ઉજાળતા કે જીવનની શોભા વધારતા ગુણો ની પુષ્ટિ થાય છે. આપણ સૌ જાણીએ છીએ કે પવનનો પણ એક અવાજ છે! આ ઉપ રાંત પાણીનો પણ અવાજ છે આકાશમાં પણ કેટલી એ ગેલેક્સીઓ એકબીજાનો પરિભ્રમણ કરતી હોય છે, અને આકાશ ગંગામાં પણ આ ગેલેક્સી તૂટવાના, તારો ખરવાના વિવિધ અવાજો થતા હોય છે, અને ક્યારેક ક્યારેક આપણે સાંભળીએ પણ છીએ, આ ઉપરાંત આપ ણે ત્યાં નાદ બ્રહ્મની પણ એક આધ્યાત્મિક વાત છે. બાહ્ય પ્રકૃતિની વાત છોડીએ તો હૃદય તો ધબકારાથી જ મેન્ટેન થતું હોય છે, અને એ આપણે માનવી છીએ! આપણે માનવીએ છીએ! એવો અવાજ કરીને આપ ણને હરક્ષણ જગાડે છે, પ રંતુ જો જાગવું હોય તો! બાકી લોકો એને સામાન્ય ધબકારા સમજી ભૂલી જતા હોય છે. જીવન પુરું થાય એ પહેલાં આ અનાહતનો નાદ આપણે અનુભવી શકીએ કે નહીં! તે નક્કી નથી થતું! પરંતુ પ્રેમ એ એક એવી સંજીવની છે,જે એક સાથે બે જીવને જીવંત બનાવે છે, તો એનો પ્રયોગ કરી શકાય! અને આપણી સાવ ખોટી માન્યતા છે કે પ્રેમ કરવા માટે કંઈક આપવું પડે! પણ પ્રેમમાં આપ વા કરતાં ત્યાગવું વધુ જરૂરી હોય છે. કોઈ ને કંઈ આપી શકીએ તો બહુ સારી વાત છે પણ ન આપી શકીએ, તો એને જે વસ્તુ પર્યાપ્ત નથી એ છોડવાની તૈયારી બતાવવી એ પણ પ્રેમનું લક્ષણ છે. તો ઈશ્વરે આપ્યું હોય અને સંવેદના તીવ્ર બને ત્યારે આપવું, ન આપી શકીએ એમ હોઈએ તો ઈશ્વરને કહેવું કે તે એવાં લાયક પણ બનાવ્યા નહીં, કે બે જણની વ્યથા મીટાવી શકું! કોઈ ઝૂંપડીમાં પંખો ન નખાવી શકાય તો કંઈ નહીં! કોઈનાં દિલને ટાઢસ થાય એવાં બે વેણ બોલીને પણ પ્રેમ તત્વની પુષ્ટિ થાય છે, બસ આ રીતે છેક છેવાડાના માનવી સુધી સમન્વય કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના મા ભગવતીને ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**માતાના પાંચમાં રૂપ "સ્કંદમાતા" વિશે, નવરાત્રીના પાંચમાં દિવસે સ્કંદમાતાની આરાધના કરવામાં આવે છે**

# ચૈત્રી નવરાત્રી પાંચમો દિવસ, યા દેવી સર્વભૂતેષુ મા સ્કંદમાતા રૂપેણ સંસ્થિતા! નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ!



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**માતાનું રૂપ સરળ, સુલભ અને મોહક છે, સ્કંદમાતાને ચાર ભુજાઓ છે અને તેમનું વાહક સિંહ છે, દુર્ગાના પાંચમા રૂપ તરીકે પૂજાતા સ્કંદમાતાની પૂજા કરવા થી જાતક ને મોક્ષ પ્રાપ્તિ થાય છે**

નવરાત્રીના 5માં દિવસે નકરો 'સ્કંદમાતા'ની પૂજાનવરાત્રીના પાંચમાં નોરતે માં દુર્ગાના પાંચમાં રૂપ સ્કંદમાતાની પૂજા કરવામાં આવે છે. માતાની પૂજા કરવાથી જાતકોને મોક્ષની પ્રાપ્તિ થાય છે. ચૈત્રી નવરાત્રીની શરૂઆત થઈ ગઈ છે. જેમાં નવરાત્રીના નવે દિવસ માતા અંબાના વિવિધ રૂપોની પૂજા કરવામાં આવે છે. જેમાં માતાનું પહેલુ રૂપ એટલે શૈલપુત્રી, બીજુ રૂપ એટલે બ્રહ્મચારિણી, ત્રીજુ રૂપ એટલે ચંદ્ર ઘંટા, ચોથુ રૂપ એટલે કૂષ્માન્ડા,પાંચમું રૂપ એટલે સ્કંદમાતા, છઠ્ઠુ રૂપ એટલે કાત્યાયની, સાતમુ રૂપ એટલે કાલરાત્રી, આઠમું રૂપ એટલે મહાગૌરી, નવમું રૂપ એટલે સિદ્ધિ દાત્રી. આજે આપણે વાત કરીશુ માતાના પાંચમાં રૂપ "સ્કંદમાતા" વિશે.નવરાત્રીના પાંચમાં દિવસે સ્કંદમાતાની આરાધના કરવામાં આવે છે.માતાનું રૂપ સરળ, સુલભ અને મોહક છે. સ્કંદમાતાને ચાર ભુજાઓ છે અને તેમનું વાહક સિંહ છે. દુર્ગાના પાંચમા રૂપ તરીકે પૂજાતા સ્કંદમાતાની પૂજા કરવા થી જાતક ને મોક્ષ પ્રાપ્તિ થાય છે. સ્કંદમાતાનું સ્વરૂપ નવરાત્રીનો પાંચમો દિવસ સ્કંદમાતાનો હોય છે. માતાના દરેક રૂપની જેમ આ રૂપ પણ અત્યંત સુંદર,મોહક છે. સ્કંદમાતા પોતાના ભક્તોને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. આ દેવીની ચાર ભુજાઓ છે. તેમની જમણી તરફ ઉપરની ભુજામાં સ્કંદને ખોળામાં લીધેલ છે. નીચેની ભુજામાં કમળનું પુષ્પ છે,ડાબી બાજુની ઉપરની ભુજા વરદ મુદ્રામાં છે અને નીચે વાળી ભુજામાં કમળપુષ્પ છે એવું કહેવાય છે કે તેમની કૃપાથી મુર્ખ પણ જ્ઞાની બની જાય છે.સ્કંદ કુમાર કાર્તિકેય ની માતાને કારણે તેમને સ્કંદમાતાના નામથી ઓળખવામાં આવે છે.તેઓ કમળ ના આસન પર વિરાજમાન છે. પરિણામે તેમને પદ્માસના પણ કરે છે. સિંહ તેમનું વાહન છે. આ શ્લોકથી કરો માતાની પૂજામાં દુર્ગાના પાંચમા રૂપ સ્કંદમાતાની પૂજા કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. સ્કંદમાતાને પ્રસન્ન કરવા અને મોક્ષની પ્રાપ્તિ માટે માતાની પૂજા આ શ્લોક દ્વારા કરવી જોઈએ.

**યા દેવી સર્વભૂતેષુ મા સ્કંદમાતા રૂપેણ સંસ્થિતા!!**

**નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ!!**

ભલે ગમે તેટલો મોટો પાપી કેમ ન હોય પણ તે માતાની શરણમાં પહોંચતા તમામ વ્યક્તિને માતા પોતાના પ્રેમના પાલવથી ઢાંકી લે છે. શાસ્ત્રોમાં તેમની ઉપાસનાનું પુષ્કળ મહત્વ જણાવાયું છે. તેમની ઉપાસનાથી ભક્તોની દરેક ઈચ્છાઓ પૂરીં થાય છે. ભક્તોને મોક્ષની પ્રાપ્તિ થાય છે. સૂર્યમંડળની અધિકારીણી દેવી હોવાને કારણે તેમના ઉપાસકોને અલૌકિક તેજ મળે છે. સ્કંદનો અર્થ થાય છે કે જ્ઞાનને વ્યવહારમાં મૂકીને કર્મ કરવું. સ્કંદમાતા એ ઊર્જાનું એક સ્વરૂપ છે જેની ઉપાસનાનો ઉપયોગ જ્ઞાનને આચરણમાં લાવવા અને પવિત્ર કાર્યોનો આધાર બની શકે છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે આ રીતે તે ઈચ્છા શક્તિ, જ્ઞાન શક્તિ અને ક્રિયા શક્તિનો સમન્વય છે. જ્યારે શિવ તત્વ ત્રિશક્તિ સાથે જોડાય છે ત્યારે સ્કંદ 'કાર્તિકેય' નો જન્મ થાય છે. માતાની કૃપાથી પ્રાપ્ત થાય છે સંતાન સુખ માતા સ્કંદમાતા તેમના ભક્તો પર પુત્રની જેમ પ્રેમ વરસાવે છે.માતાનું સ્મરણ કરવાથીજ અસંભવ કાર્યો શક્ય બને છે. માતા સ્કંદમાતાની કૃપાથી સંતાન પ્રાપ્તિનું સુખ પ્રાપ્ત થાય છે. ચૈત્રી નવરાત્રીના આજે પાંચમા દિવસે મા સ્કંદમાતાની કરો આરાધના, પૂજા વિધી અને મંત્ર પાંચમા દિવસને "સ્કંદમાતા પૂજન" તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે મા દુર્ગાના પાંચમા સ્વરૂપ એટલે કે સ્કંદમાતાની પૂજા કરવામાં આવે છે. મા સ્કંદમાતાની પૂજા કરવાથી બાળકોમાં ખુશીઓ આવે છે. પૌરાણિક માન્યતા મુજબ માતા સ્કંદમાતાની પૂજા કરવાથી સંતાન સુખ પ્રાપ્ત થાય છે. આ વર્ષે નવરાત્રી દરમિયાન ૧૩મી એપ્રિલે દેવી સ્કંદમાતાની પૂજા કરવામાં આવશે. દેવી સ્કંદમાતાનું ધ્યાન કરવાથી ભક્તો ધાર્મિક પ્રગતિનો અનુભવ કરે છે. ચૈત્રી નવરાત્રીના પાંચમા દિવસે મા સ્કંદમાતાની કરો આરધાના, જાણો પૂજા વિધી અને મંત્ર નવરાત્રીનો તહેવાર મા દુર્ગાને સમર્પિત છે. નવરાત્રીમાં મા દુર્ગાના ૯ અલગ-અલગ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. કેલેન્ડર મુજબ આ વખતે નવરાત્રીના પાંચમા દિવસે પૂજા ૧૩મી એપ્રિલે કરવામાં આવશે. પૌરાણિક માન્યતા મુજબ માતા સ્કંદમાતાની પૂજા કરવાથી સંતાન સુખ પ્રાપ્ત થાય છે. આ વર્ષે ચૈત્રી નવરાત્રી દરમિયાન આજે ૧૩મી એપ્રિલે દેવી સ્કંદમાતાની પૂજા કરવામાં આવશે. દેવી સ્કંદમાતાનું ધ્યાન કરવાથી ભક્તો ધાર્મિક પ્રગતિનો અનુભવ કરે છે. સ્કંદનો અર્થ થાય છે કે જ્ઞાનને વ્યવહારમાં મૂકીને કર્મ કરવું. સ્કંદમાતા એ ઊર્જાનું એક સ્વરૂપ છે જેની ઉપાસનાનો ઉપયોગ જ્ઞાનને આચરણમાં લાવવા અને પવિત્ર કાર્યોનો આધાર બની શકે છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે આ રીતે તે ઈચ્છા શક્તિ, જ્ઞાન શક્તિ અને ક્રિયા શક્તિનો સમન્વય છે. જ્યારે શિવ તત્વ ત્રિશક્તિ સાથે જોડાય છે ત્યારે સ્કંદ 'કાર્તિકેય' નો જન્મ થાય છે. માતાની કૃપાથી પ્રાપ્ત થાય છે સંતાન સુખ માતા સ્કંદમાતા તેમના ભક્તો પર પુત્રની જેમ પ્રેમ વરસાવે છે.માતાનું સ્મરણકરવાથી જ અસંભવ કાર્યો શક્ય બને છે. માતા સ્કંદમાતાની કૃપાથી સંતાન પ્રાપ્તિનું સુખ પ્રાપ્ત થાય છે.માતા સ્કંદમાતાનું સ્વરૂપ સ્કંદમાતા કમળના આસન પર બિરાજમાન છે, જેના કારણે તેમને પદ્માસન દેવી પણ કહેવામાં આવે છે.ધાર્મિકગ્રંથોમાં માતા સ્કંદ માતાને સૂર્યમંડળની અધિષ્ઠાત્રી દેવી માનવામાં આવે છે. માતા સ્કંદ માતાને પાર્વતી અને ઉમા નામથી પણ ઓળખવામાં આવે છે. આ રીતે કરો માતા સ્કંદમાતાની પૂજા નવરાત્રિના પાંચમા દિવસે સવારે સ્નાન કરો, સ્વચ્છ વસ્ત્રો પહેરો અને દેવી માતાનું ધ્યાન કરો. દેવી માતાની મૂર્તિ અથવા ચિત્રને ગંગા જળથી શુદ્ધ કરો. ત્યારબાદ માતાને કુમકુમ, અક્ષત, ફૂલ, ફળ વગેરે અર્પણ કરો. માતાને મીઠાઈ અને પાંચ પ્રકારના ફળ અર્પણ કરો. સ્કંદમાતાનું ધ્યાન કરો. સ્કંદમાતાની સામે શુદ્ધ ઘીનો દીવો પ્રગટાવો. સાચી ભાવનાથી માતાની પૂજા કરો અને આરતી કરો. કથા વાંચ્યા પછી અને અંતે માતા સ્કંદમાતાના મંત્રોનો જાપ કરો. પૂજા વિધી સૌ પહેલા સવારે વહેલા ઉઠો, સ્નાન વગેરે કર્યા પછી સ્વચ્છ કપડાં પહેરો. આ પછી દેવી માતાની મૂર્તિને ગંગા જળથી સ્નાન કરાવો. પછી સ્કંદમાતાને તેમનું મનપસંદ ફૂલ અર્પણ કરો. માતાને રોટલી કુમકુમ પણ ચઢાવો. સ્કંદમાતાનું ધ્યાન કર્યા પછી મંત્ર નો જાપ કરો. માતાની કથા વાંચો અને આરતી કરો. સ્કંદમાતાનો પ્રસાદ માતાને કેળાનો ભોગનું ખૂબ પ્રિય છે. તમે માતાને ખીરનો પ્રસાદ પણ ચઢાવી શકો છો. વાચક ચાહક મિત્રો, આજે ૧૩મી એપ્રિલ લોકસભા ચૂંટણીમાં ઉમેદવારી પત્રો ભરવાનો બીજો દિવસ ગઈકાલે કેટલાક ઉમેદવારી પત્રો ભરાયાં આજકાલ રજા રહેશે રૂપાળા વિવાદ વચ્ચે પ્રચાર ચાલુ થયો છે હવે પછી શું થશે એ સમય બતાવશે.. આપણે ચૈત્રી નવરાત્રીની આરાઘના ઉપાસના કરી ધન્યતા અનુભવીએ અસ્તુ.

# રાહા બોલિવૂડની સૌથી અમીર સ્ટાર કિડ્સ?

## રણબીર અને આલિયા પુત્રી રાહા કપૂર પર ખુબ પ્રેમ વરસાવે છે



રણબીર કપૂર અને આલિયા ભટ્ટ તેમની પુત્રી રાહા કપૂર પર ખુબ પ્રેમ વરસાવે છે. ત્યારે બોલિવુડમાં સૌથી નાની ઉંમરની સ્ટાર કિડ્સ પણ માનવામાં આવી રહી છે. રણબીર કપૂર અને આલિયા ભટ્ટની પ્રિય રાહા કપૂર માત્ર દોઢ વર્ષની છે. પરંતુ જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો તે ભારતની સૌથી અમીર સ્ટાર કિડ બનવા જઈ રહી છે.રણબીર કપૂર અને આલિયા ભટ્ટ પોતાના નવા ઘરે શિફટ થવાની તૈયારી કરી રહ્યા છે. જે મુંબઈના બાંદ્રામાં આલીશાન બંગલો છે, એક રિપોર્ટ મુજબ રણબીર પોતાની દિકરી રાહા કપૂરના નામ પર કૃષ્ણા રાજ બંગલાનું નામ રાહા રાખવા માંગે છે. કપલે આ બંગલામાં ૨૫૦ કરોડ રુપિયાનું ઈનવેસ્ટમેન્ટ કર્યુ છે. જેની ગણતરી મુંબઈના ખુબ મોંઘા બંગલામાં થાય છે. રાહા કપૂર અન્ય સ્ટાર કિડ્સની તુલનામાં સૌથી પોપ્યુલર છે. તેમજ નાની ઉંમરમાં જ તે કરોડોની સંપત્તિની માલિકન પણ બની ગઈ છે. આ ભવ્ય બંગલા સિવાય આલિયા અને રણબીર પાસે બાંદ્રામાં ૪ ફ્લેટ છે. જેની કુલ કિંમત ૬૦ કરોડથી વધુ છે. રણબીર કપૂર અને આલિયા ભટ્ટ અવારનવાર તેમના નવા બંગલાનું કામ જોવા જાય છે. રાહાના જન્મ પછી આ બંગલાનું કામ ઝડપથી વધી ગયું છે. રણબીર કપૂર અને આલિયા ભટ્ટ તેમની પુત્રી રાહા કપૂર પર ખુબ પ્રેમ વરસાવે છે. વર્કળન્ટની વાત કરીએ તો રણબીર કપુર હાલમાં નિતેશ તિવારીની ફિલ્મ રામાયણને લઈ ચર્ચામાં છે. હાલમાં સોશિયલ મીડિયા પર તેના ફોટો અને વીડિયો પણ વાયરલ થયા હતા. તો આલિયા ભટ્ટ ફિલ્મ જીગરામાં જોવા મળશે.

# દલજીત દોસાંજની નવી ફિલ્મ 'ચમકિલા' નેટફ્લિક્સ પર રિલીઝ થવા માટે તૈયાર

## ગાયક અને અભિનેતા હોવા ઉપરાંત, દિલજીતના વ્યક્તિત્વનું બીજું એક પાસું છે



સિંગર-એક્ટર દિલજીત દોસાંજની નવી ફિલ્મ 'ચમકિલા' નેટફિલક્સ પર રિલીઝ થવા માટે તૈયાર છે. દિગ્દર્શક ઈમ્તિયાઝ અલીની ફિલ્મમાં, દિલજીતે પંજાબના ખૂબ જ લોકપ્રિય ગાયક અમર સિંહ ચમકીલાનું પાત્ર ભજવ્યું છે, જે પંજાબની સાંસ્કૃતિક ઓળખનો મોટો ભાગ છે.દિલજીતની વાત કરીએ તો તે પોતે ઈન્ટરનેશનલ લેવલ પર પંજાબની એક મોટી ઓળખ છે અને એવી જગ્યાઓ પર પરફોર્મ કરે છે જ્યાં દુનિયાના મોટા કલાકારો પણ નથી પહોંચી શકતા. ગાયક અને અભિનેતા હોવા ઉપરાંત, દિલજીતના વ્યક્તિત્વનું બીજું એક પાસું છે જે લોકોને ખૂબ પ્રભાવિત કરે છે - તેની ફેશન. હવે તેણે રહસ્ય જાહેર કર્યુ છે કે તે આટલી ફેશનેબલ છે અને આટલા સ્વેગ સાથે કેમ જીવે છે. જોકે, દિલજીતે એમ પણ કહ્યું હતું કે હવે તેનો હેતુ પૂરો થઈ ગયો છે અને તે આ બધી ફેશન છોડી દેશે. સ્ટેન્ડ અપ કોમેડિયન અનુભવ સિંહ બસ્સીએ નેટફિલક્સ માટે દિલજીત અને ઈમ્તિયાઝનો ઈન્ટરવ્યુ લીધો હતો. બસ્સીએ જ્યારે દિલજિતની ફેશનનું રહસ્ય પૂછ્યું ત્યારે તેણે કહ્યું, 'સાચું કહું તો મને કપડાં, સ્વેગ વગેરેમાં કોઈ રસ નહોતો. મને એવું લાગ્યું કે જ્યારે આપણે પંજાબમાં હતા, જ્યારે બોલિવૂડની ફિલ્મો બનતી હતી, જે ત્યાં થતી હતી. તેમાં સરદારો બનો, તેમને યોગ્ય રીતે દર્શાવ્યા નથી. તેઓ તેને ખૂબ જ ખરાબ કપડાં પહેરાવતા હતા.દિલજીતે આગળ કહ્યું, 'તેથી મેં વિચાર્યુ કે જ્યારે હું ત્યાં જઈશ, ત્યારે હું બોલિવૂડના આ બધા સ્ટાઈલિશ લોકો પાસેથી જાણું છું તે શ્રેષ્ઠ પહેરીશ. પંજાબનું મુખ્ય પ્રવાહ સાથે સીધું જોડાણ છે. ન્યુયોર્કમાં જે ફેશન ચાલી રહી છે તે સીધી પંજાબમાં આવશે, તે વચ્ચે ક્યાંય અટકતી નથી. મેં વિચાર્યુ કે જ્યારે હું ત્યાં જઈશ ત્યારે હું તેમને બતાવીશ કે તમે ખોટા વ્યક્તિનું ચિત્રણ કરો છો, અમે એવા નથી. દિલજીતે એમ પણ કહ્યું કે કપડાં પર પૈસા ખર્ચવાથી કોઈ ફેશનેબલ નથી બની જતું.

# સારા અલી ખાન-અનન્યા પાંડે પછી કાર્તિક આર્યન કોને ડેટ કરી રહ્યો છે



બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન પ્રેમમાં પડવા માંગે છે. અમે નહીં, પરંતુ અભિનેતાએ પોતે આ વાત કહી છે. કાર્તિકે નેહા ધૂપિયાના ચેટ શોમાં જણાવ્યું હતું કે છેલ્લા બે-અઢી વર્ષથી તે ફક્ત પોતાની અને પોતાની ફિલ્મો પર ધ્યાન આપી રહ્યો હતો. પરંતુ હવે તેઓ પ્રેમમાં પડવા માંગે છે. જો જોવામાં આવે તો સ્ક્રીન પર કાર્તિક આર્યનની લવર બોયની ઈમેજ રહે છે. મહિલા ચાહકો તેના માટે દિવાના છે. અભિનેતાએ આ વાત કહી અંગત જીવનની વાત કરીએ તો કાર્તિક આર્યનનું નામ સૌથી પહેલા સારા અલી ખાન સાથે જોડાયું હતું. બાદમાં બંનેનું બ્રેકઅપ થઈ ગયું. જોકે, બ્રેકઅપના ઘણા વર્ષો પછી પણ બંનેએ રિલેશનશિપમાં હોવાની વાત સ્વીકારી હતી. આ પછી કાર્તિકનું નામ અનન્યા પાંડે સાથે જોડાયું. ત્યારબાદ કાર્તિકના પશ્મિના રોશન સાથેના સંબંધોને લઈને ઘણી ચર્ચા થઈ હતી.નો ફિલ્ટર વિથ નેહા ૬ માં, કાર્તિકે લિંકઅપ અને ડેટિંગની અફવાઓ પર કહ્યુ કે તે હજુ પણ સિંગલ છે પરંતુ પ્રેમની શોધમાં છે. હવે તેઓ ભળવા માંગે છે. કાર્તિકે કહ્યું- હું લાંબા સમયથી રિલેશનશિપમાં આવવાનું ટાળતો હતો. મારો આ જવાબ તમને થોડો વિચિત્ર લાગશે,

## બ્રેકઅપના ઘણા વર્ષો પછી જ બંનેએ એ હકીકત સ્વીકારી કે તેઓ રિલેશનશિપમાં છે



પરંતુ હું મારી ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો હતો. અને તેના માટે ઘણું ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી હતું.''આ મૂવી મારા મગજમાં બે-અઢી વર્ષથી ચાલી રહી છે, તેથી મને બીજું કંઈ વિચારવાનો સમય મળ્યો નથી. બધું ખૂબ જ પળભર્યુ હતું. હું રોબોટિક જીવનશૈલી જીવી રહ્યો હતો. ચાલો જોઈએ કે મને કોણ મળે છે. હવે હું પ્રેમ માટે કોઈને રાખો. આ સમય છે. નેહા, તું મારા માટે કોઈને શોધ. વર્ક ળન્ટની વાત કરીએ તો કાર્તિક આર્યન હાલમાં તેની ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩ 'ના શૂટિંગમાં વ્યસ્ત છે.

### રાતોરાત ફેમ મેળવીને તેણે ઇન્ડસ્ટ્રી છોડી દીધી?

# ક્યાં ગાયબ છે 'ગરમ મસાલા' ફેમ અભિનેત્રી

## નીતુ ચંદ્રા 'ગરમ મસાલા', 'સત્યમેવ જયતે', 'ઓય લકી લકી ઓય' જેવી ફિલ્મો માટે જાણીતી છે

અક્ષય કુમાર અને જ્હોન અબ્રાહમ સ્ટારર ફિલ્મ 'ગરમ મસાલા' બોલિવૂડની બ્લોકબસ્ટર ફિલ્મોમાંથી એક છે. અક્ષય અને જ્હોનની જોડીએ આ ફિલ્મથી દર્શકોનું ઘણું મનોરંજન કર્યુ હતું. અભિનેત્રી નીતુ ચંદ્રાએ પણ 'ગરમ મસાલા'થી ઘણી હેડલાઈન્સ બનાવી હતી. બોલિવૂડમાં કેટલીક ફિલ્મો કર્યા બાદ તે ઈન્ડસ્ટ્રીમાંથી ગાયબ થઈ ગઈ હતી. ચાલો જાણીએ કે પોતાના ગ્લેમરસ લુકથી દરેકના હોશ ઉડાવી દેનાર નીતુ આ દિવસોમાં ક્યાં છે અને શું કરી રહી છે.આજતક સાથેની એક્સક્લુઝિવ વાતચીતમાં નીતુ ચંદ્રાએ પોતાની કારકિદી વિશે ઘણી વાતો શેર કરી. અભિનેત્રીએ જણાવ્યું કે ૨૦૨૧માં તેણે અંગ્રેજી ફિલ્મ નેવર બેક ડાઉન: રિવોલ્ટથી હોલિવૂડમાં ડેબ્યૂ કર્યુ હતું. હવે તે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્લાસિકલ ડાન્સ અને એક્ટિંગનું પ્રતિનિધિત્વ કરી રહી છે. આ દિવસોમાં હું મ્યુઝિકલ નાટક 'ઉમરાવ જાન'માં વ્યસ્ત છું. 'ઉમરાવ જાન' દ્વારા ભારતીય નૃત્યને વિશ્વ સમક્ષ રજૂ કરવાની યોજના છે, હું થોડા દિવસ અમેરિકાના પ્રવાસે આવીશ. તેણે એમ પણ કહ્યું કે હું બોલિવૂડથી દૂર નથી ગઈ,



બલ્કે હું હોલીવુડમાં વધુ સક્રિય થઈ ગઈ છું. તેમજ નીતુએ ખાસ વાતચીત કરી હતી.ઘણા મોટા દિગ્દર્શકો સાથે કામ કર્યુ, પણ ઈન્ડસ્ટ્રીએ તમારા કામનો શ્રેય નથી આપ્યો?'મને નથી લાગતું કે મને મારા કામ માટે ક્રેડિટ મળી નથી. મેં ઈન્ડસ્ટ્રીમાં જે પણ કામ કર્યુ છે તે ઈમાનદારીથી કર્યુ છે. મારા કામની પણ પ્રશંસા થઈ છે. હાલમાં ઘણા હોલીવુડ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. બહુ જલ્દી હું પરેશ રાવલ સાથે ફિલ્મમાં જોવા મળીશ. સારા પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં લોકોને ખબર પડી જશે.આગળની યોજનાઓ છે, કંગનાએ રાજકારણમાં પ્રવેશ કર્યો છે, આ પહેલા પણ ઘણી અભિનેત્રીઓએ પ્રવેશ કર્યો છે. શું તમે પણ આવું કરવાનું વિચારી રહ્યા છો? તમે કયા પક્ષને સમર્થન કરશો?મને એ પણ ખબર નથી કે હવે પછીની ક્ષણે હું શું કરવાનો છું, તો મારે આ પ્રશ્નનો જવાબ કેવી રીતે આપવો જોઈએ. સારું, રાજકારણ એ મારી ચાનો કપ નથી. હું જાણું છું કે કેવી રીતે સરળ અને સ્પષ્ટ રીતે બોલવું. હું ઝાડની આસપાસ મારવાથી વાત કરી શકતો નથી. ગોવિંદા અને કંગના રનૌતે રાજકારણમાં પ્રવેશ કર્યો છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન. પરંતુ મને નથી લાગતું કે હું રાજનીતિ કરવા સક્ષમ છું.

# 'મેરે સજના કા અંગના' ફિલ્મનો ફર્સ્ટ લૂક રિલીઝ કરવામાં આવ્યો



નવરાત્રિના શુભ અવસર પર ભોજપુરી અભિનેત્રી અંજના સિંહની પારિવારિક ફિલ્મ 'મેરે સજના કા અંગના'નો ફર્સ્ટ લૂક રિલીઝ કરવામાં આવ્યો હતો. આ એક મહિલાલક્ષી ફિલ્મ છે. જે એક મહિલાના સંઘર્ષની કહાણી છે, જેની સાથે લોકો જોડાવા માટે મજબૂર થશે. આ ફિલ્મમાં અંજના સિંહે પાત્ર જીવ્યું છે. તે ખરેખર વખાણને પાત્ર છે. 'મેરે સજના કા અંગના'ના પોસ્ટરમાં અંજના સિંહ સાડી, બંગડીઓ અને સિંદૂરમાં પરિણીત મહિલાના ગેટઅપમાં જોવા મળે છે. તેણે એક છોકરીને તેની છાતી પાસે પકડી રાખી છે. ફર્સ્ટ લુક જોઈને સમજી શકાય છે કે આ ફિલ્મ દર્શકોને ઈમોશનલ કરી દેશે. ફિલ્મના દિગ્દર્શક સચિન યાદવે કહ્યું- અમારા તમામ કલાકારો અને ટેકનિશિયનોએ મને સારી ફિલ્મ બનાવવામાં સપોર્ટ કર્યો. નિર્માતા તપસ્યા તિવારી અને રાજ શર્માએ અમારા પર વિશ્વાસ કર્યો. તેથી જ હું આટલું સારું મેકિંગ કરી શક્યો. તેણે કહ્યું- આ ફિલ્મ ભોજપુરી સિનેમાને આગળ લઈ જશે. ફિલ્મ જોયા પછી દર્શકોને આ વારંવાર જોવાનું ગમશે. તેણે વધુમાં કહ્યું કે 'લેખક શશિ પાંડેજીએ ફિલ્મ માટે એક અદ્ભુત કોન્સેપ્ટ આપ્યો છે. સાજન મિશ્રાજીએ તેને સંગીત વડે વધાર્યુ છે. તમને જણાવી દઈએ કે આ ફિલ્મમાં બોલિવૂડના પ્રખ્યાત ગાયકો ઉદિત નારાયણ, પામેલા જૈન, પ્રિયંકા સિંહે પણ પોતાનો અવાજ આપ્યો છે. કોણ છે અંજના સિંહ? અંજના સિંહે વર્ષ ૨૦૧૨માં ફિલ્મ 'ફૌલાદ'થી પોતાના કરિયરની શરૂઆત કરી હતી. તેણે પોતાના ડેબ્યુ પછી બેક ટુ બેક ૨૫ ફિલ્મો સાઈન કરવાનો રેકોર્ડ બનાવ્યો હતો. અંજનાએ ઈન્ડસ્ટ્રીમાં રવિ કિશન, નિરહુઆ, પવન સિંહ અને ખેસારી લાલ યાદવ સહિત ઘણા ભોજપુરી સ્ટાર્સ સાથે કામ કર્યુ છે. તેના અભિનય માટે તેને તેના ચાહકો દ્વારા પસંદ કરવામાં આવ્યો હતો એટલું જ નહીં, પરંતુ ઈન્ડસ્ટ્રીમાં તેની ખૂબ પ્રશંસા પણ થઈ હતી. આજના સમયમાં તેને કોઈ ઓળખની જરૂર નથી. તેના પ્રોફેશનલ લાઈફની સાથે સાથે તે તેના અંગત જીવન માટે પણ જાણીતી છે. અંજનાએ જ્યારે તેણી કારકિદીની ટોચ પર હતી ત્યારે લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. ૨૦૧૩માં તેણે અભિનેતા યશ કુમાર મિશ્રા સાથે સાત લગ્ન કર્યા હતા.

# અગ્યાર અફેર બાદ ૨૪ વર્ષની ઉંમરે કુંવારી મા બની હતી આ એક્ટ્રેસ

કહેવામાં આવે છે કે એક મા માટે તેના બાળકોથી વધારે બીજું કંઇ નથી હોતું. ૪૬ વર્ષની હસીના, જે એક્ટિંગથી સુપર પોપ્યુલર છે. એક્ટિંગ તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નાગાર્જૂન સાથે 'રક્ષાક્કુડુ'માં કામ કર્યુ. સલમાન ખાનથી લઈને શાહરૂખ ખાન જેવા સ્ટાર્સ સાથે તેણે કામ કર્યુ, પરંતુ કુંવારી મા બન્યા બાદ તેણે પોતાનું કરિયર દાવ પર લગાવી દીધું હતું. હવે બાળકો મોટા થયા તો શાનદાર કમબેક કર્ય.આ એક્ટ્રેસ બીજુ કોઈ નહીં પરંતુ સુષ્મિતા સેન છે. જે ફેમસ લોકો સાથે અફેરને લઈને ચર્ચામાં રહી છે, પરંતુ તેણે ક્યારેય કોઈની સાથે લગ્ન નથી કર્યા. તેણે લલિત મોદી, સંજય નારંગ, રણદીપ હુડ્ડા, અમ્તિયાઝ ખત્રી, વસીમ અકરમ અને મુદસ્સર અઝીઝ સહિત ૧૧ લોકોને ડેટ કર્યા. હવે રોહમન શોલ સાથે છે, જેની સાથે તેનું બ્રેકઅપ થઈ ગયું હતું. 'મિસ યુનિવર્સ'નો ખિતાબ જીતનારી સુષ્મિતા સેન, હાલ પોતાના કરિયરના પીક પર છે. તેની તાલી અને આર્યા ૩માં દમદાર એક્ટિંગ માટે ખૂબ પ્રશંસા થઈ છે. સુષ્મિતાએ હજુ સુધી લગ્ન નથી કર્યા પરંતુ તે બે દીકરીઓની મા છે. સુષ્મિતાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, તેણે ફિલ્મની શૂટિંગ અધવચ્ચે છોડવી પડી હતી કારણ કે તેની દીકરી રિની સેનને ગંભીર સ્થિતિમાં હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના એક રિપોર્ટ અનુસાર, એક્ટ્રેસે વાતચીતમાં ખુલાસો કર્યો કે ત્યારે લોકો તેને કહેતા હતાં કે તે પોતાના કરિયરને ગંભીરતાથી લઈ રહી ન હતી. કારણ કે તેણે ૨૪ વર્ષની ઉંમરમાં એક બાળકીને દત્તક લીધી હતી.કોઈ પણ વાત પર ધ્યાન આપ્યા વિના તેણે ફલાઈટ પકડી અને પોતાની દીકરી પાસે આવી ગઈ. મેકર્સ તેની સ્થિતિ સમજતા હતાં તેથી તેમણે પણ તેને રોકી નહીં પરંતુ જ્યારે તે એક અઠવાડિયા પછી પરત ફરી ત્યારે તેમની હાલત ખરાબ થઈ ગઈ. સુષ્મિતાએ વર્ષ ૨૦૦૦માં રિની નામની ૬ મહિનાની બાળકીને દત્તક લીધી હતી.



### 3 ફિલ્માને જ જોઇને ચક્કર આવી જશે

# સની દેઓલના કરીયરની મહા-બકવાસ ફિલ્મો

સની દેઓલે ૪૦ વર્ષથી વધુ લાંબા કરિયરમાં ઘણા ઘાતક, ઘાયલ, ગદક, અપને, યમલા પગલા દીવાના અને ગદર ૨ જેવી સુપરહિટ અને બ્લોકબસ્ટર ફિલ્મો આપી. તેની ફિલ્મોમાં એક્શન અને રોમાન્સ બંને જોવા મળ્યાં. પરંતુ સનીએ જ્યારે-જ્યારે કોમેડી ફિલ્મો કરી, ત્યારે-ત્યારે તે ફ્લોપ થતી ગઈ. અહીં અમે તમને સીન દેઓલના કરિયરની ૬ મહા બકવાસ ફિલ્મો વિશે જણાવીશું. આવી જ ફિલ્મોના કારણે સની દેઓલનું ફિલ્મ કરિયર ચમકી ન શક્યુ. તેને તે સ્ટારડમ ન મળી શક્યું જેનો તે હકદાર રહ્યો છે. જો કે 'ગદર ૨'એ તેને ખોવાયેલુ સ્ટારડમ પાછુ અપાવ્યું છે. ચાલો જાણીએ સની દેઓલના કરિયર પર કલંક લગાવનારી આ ૬ ફિલ્મો વિશે. સની દેઓલની એક્શન કોમેડી ફિલ્મ 'ભૈયાજી સુપરહિટ'માં સની દેઓલ, પ્રીટી ઝિંટા, અરશદ વારસી, અમીષા પટેલ અને શ્રેયસ તલપડે છે. ફિલ્મ નવેમ્બર ૨૦૧૮માં રિલીઝ થઈ અને તેની આઈએમડીબી રેટિંગ ૩.૯ છે.સની દેઓલે કંગના રનૌત સાથે 'આઈ લવ ન્યૂ યર' પણ રોમેન્ટિક કોમેડી હતી. કંગના અને સની તે સમયે સ્ટાર એક્ટર હતો. પરંતુ બંનેની જોડી કંઈ ખાસ કમાલ ન કરી શકી. ફિલ્મ બોક્સ ઓફિસ પર ડિઝાસ્ટર સાબિત થઈ. વર્ષ ૨૦૧૭માં આવેલી 'પોસ્ટર બોયઝ'માં સની દેઓલ સાથે શ્રેયસ તલપડે, બોબી દેઓલ, તૃપ્તિ ડિમરી પણ હતા. પરંતુ આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ. ખાસ વાત એ છે કે તેને ખુદ શ્રેયસ તલપડેએ ડાયરેક્ટ કરી હતી. ડાયરેક્ટર તરીકે આ તેની પહેલી ફિલ્મ હતી.વર્ષ ૨૦૦૫માં આવેલી સની દેઓલની 'જો બોલે સો નિહાલ' તો તેની સૌથી વિવાદિત ફિલ્મ રહી હતી. શીખ સમુદાયના લોકોએ તેનો ઘણો વિરોધ કર્યો હતો. વિરોધના કારણે ફિલ્મને ઘણા થિયેટર્સમાંથી હટાવી દેવામાં આવી હતી.



# માલિકે ગુસ્સામાં મુનાવર ફારુકી પર ઈંડા ફેંક્યા

મુનવ્વર પર કોણે ઈંડા ફેંક્યા? એક અહેવાલમાં સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે આરોપી (રેસ્ટોરન્ટના માલિક)એ મુનવ્વરને મિનારા મસ્જિદ વિસ્તારમાં સ્થિત તેની રેસ્ટોરન્ટમાં ઈફતાર માટે આમંત્રણ આપ્યું હતું. પરંતુ મુનવ્વર તેની રેસ્ટોરન્ટ છોડીને બીજી દુકાને ગયો હતો. આ જોઈને તે ગુસ્સે થઈ ગયો અને સ્ટેન્ડઅપ કોમેડિયન પર ઈંડા ફેંકવા લાગ્યો. મુનવ્વરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે મુનવ્વરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ જેમાં કોમેડિયન ગુસ્સામાં જોવા મળી રહ્યો છે.મુનવ્વરની સુરક્ષાએ તેના પર અંકુશ રાખ્યો છે. આ સમગ્ર ઘટના બાદ મિનાર મસ્જિદ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. લોકોના ટોળાએ બૂમો પાડવાનું શરૂ કર્યુ. જોરદાર અવાજ આવ્યો. મુનવ્વરને ગુસ્સામાં જોઈને ચાહકો વધુ ભેગા થવા લાગ્યા. આ સમગ્ર ઘટના પર મુનવ્વરની સત્તાવાર પ્રતિક્રિયા હજુ સુધી આવી નથી. મુનવ્વરની લોકપ્રિયતાનો જાદુઆ ઘટના પહેલા મુનવ્વરે વારંવાર ઈફતાર પાટીના આમંત્રણો પર ગંભીરતાથી લખીને પ્રતિક્રિયા આપી હતી. બાબા સિદીકીની ઈફતાર પાટી સિવાય સ્ટાર કોમેડિયન અલી ગોનીના ઘરે પણ જોવા મળ્યો હતો. બિગ બોસ જીત્યા બાદ મુનવ્વરની લોકપ્રિયતા ચરમ પર છે. તે જ્યાં પણ જાય છે ત્યાં તેની એક ઝલક મેળવવા માટે ભીડ જામે છે. પરંતુ કોને ખબર હતી અહેવાલો અનુસાર, તે રેસ્ટોરન્ટના માલિક અને પાંચ સ્ટાફ સભ્યોની ધરપકડ કરવામાં આવી છે કે આ લોકપ્રિયતાને કારણે એક દિવસ બે રેસ્ટોરન્ટ વચ્ચે યુદ્ધ ફાટી નીકળશે અને મુનવ્વર મુશ્કેલીમાં મુકાઈ જશે.બિગ બોસ ૧૭ જીત્યા બાદ મુનવ્વર સતત ચર્ચામાં છે. ગયા અઠવાડિયે જ હુક્કા પાર્લર પર દરોડા દરમિયાન તેની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે મુનવ્વર સહિત ૧૪ લોકોની અટકાયત કરી હતી. જોકે, થોડા સમય બાદ કોમેડિયનને પોલીસે છોડી મૂક્યો હતો.



# ઝાલોદ નગરના મુખ્ય માર્ગો પર ખાડા, ભૂગર્ભ ગટરો પર ઢાંકણના રોડ સાથે કોઈ બેલેન્સ નહીં : નગરપાલિકા તંત્ર નિંદ્રાધીન અવસ્થામાં

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ નગરમાં બસ સ્ટેશન વિસ્તારમાં દાહોદ જતા નવા બનાવેલ રોડ જેના કાંકરા બહાર આવે છે તેમજ બસ સ્ટેશન માથી દાહોદ જતા રસ્તા કે બસ સ્ટેશન થી બાંસવાડા જતા રસ્તાઓ પર મોટા મોટા ખાડાઓ પડી ગયેલ છે પણ નગર પાલિકા તંત્ર તેમજ ચીફ ઓફિસર આ માર્ગ પર નીકળતા ન હોય તેવું લાગે છે. તંત્ર રસ્તો બનાવ્યા પછી તેની સંભાળ રાખવાનું ભૂલી જાય છે તેવું લાગી રહેલ છે. લાંબા સમયથી કોઈ ઠોસ કામગીરી આ રોડ પર રોડ રીપેરીંગને લઈ થઈ રહેલ નથી નગરના લોકો તંત્ર પાસે ઠોસ કામગીરી કરે તેવી આશા રાખે છે. બસસટેશન પર દાહોદ જતા માર્ગ પર અંદાજીત બે વર્ષ પહેલા તંત્ર દ્વારા નગરને નવા રોડની ભેટ આપવામાં આવી હતી તે રોડ પર મહિનામાં જ ટૂટી ગયેલ હતો જેને પાછો વારંવાર બનાવવા માંગ કરાઈ હતી પરંતુ જવાબદાર તંત્રના અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી અને રોડ ટૂટી ગયેલ અવસ્થામાં આવી જતાં નગરના લોકો અંદરોઅંદર એવી ચર્ચા કરતા થયેલ છે કે કદાચ જવાબદાર તંત્ર કોન્ટ્રેક્ટર સાથે મીલીભગત કરી ખાયકી કરી રોડના રૂપિયા ચાઉ કરી દીધેલ છે.

નગરના બસ સ્ટેશન વિસ્તારમાં મોટી ગટર લાઈન બનાવ્યાને પણ છ મહિનાથી વધુ સમય વીતી ગયો છે અને આ ગટર સાફસફાઈ માટે જગ્યા છોડેલ છે પરંતુ આ જગ્યા એટલી મોટી છે કે કોઈ પણ વ્યક્તિ ચાલતા ફરતા તેના પરથી પસાર થાય તો અંદર પડી શકે છે. પરંતુ બે જવાબદાર તંત્ર આ અંગે બે ધ્યાન હોય તેવું લાગી રહેલ છે અથવા કોઈ અણબનાવ બને તેની રાહ દેખી રહેલ છે. જવાબદાર તંત્ર આ ગટર પર ઢાંકણ બેસાડતી નથી, નગરના લોકો તંત્ર પાસે તાત્કાલિક આ ગટર


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઉપર ઢાંકણ નાખે તેવી માંગ કરી રહેલ છે.

નગરપાલિકા તંત્ર દ્વારા નગરની અંદર જન સુખાકારી તેમજ અવરજવર કરનાર લોકો માટે સુંદર રોડ બનાવવામાં આવેલ છે પરંતુ આ રોડ બનાવતી વખતે તંત્ર દ્વારા ભૂગર્ભ ગટર સાથે બેલેન્સ રાખવામાં આવેલ નથી. કેટલીક જગ્યાએ રોડ લેવલ કરતા ભૂગર્ભ ગટર નીચે ઉતરી ગઈ છે તો કેટલીક જગ્યાએ રોડ લેવલ કરતા ઉપર જોવા મળે છે આવા અન બેલેન્સ રોડને લઈ કેટલીક વાર વાહન સાથે આવતા જતા રાહગીરો પડી પણ ગયેલ હોવાનું જાણવા મળેલ છે આવા અન બેલેન્સ રોડને તંત્ર તાત્કાલિક રોડ લેવલ સાથે કરી આપે તેવી પણ લોકમાંગ ઉઠવા પામી છે.

# ઝાલોદ નગરમાં એમ.જી.વી.સી.એલ મા અચાનક હાઇ વોલ્ટેજ થતા વીજ વપરાશકારોને લાખોનું નુકશાન

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ નગરમાં તારીખ ૧૧-૦૪-૨૦૨૪ ના રોજ નગર પાલિકા પાસે આવેલ એમ.જી.વી.સી.એલની ડીપી પર અચાનક કેબલ સળગી જતાં હાઈ વોલ્ટેજ સર્જાતા વીજ વપરાશકારોના ઘર દુકાનોમાં લાખો રૂપિયાનું નુકશાન થવા પામ્યું હતું. વીજ વપરાશકારોના ઘર દુકાનોમાં આવેલ ટીવી, ફ્રીજ, એસી, સીસીટીવી કેમેરા, આરો,લાઈટ જેવા વીજ ઉપકરણો બળી ગયેલ હતા. અલગ અલગ ઘર દુકાનોમાં થઈ વીજ વપરાશકારોનુ લાખોનું નુકશાન થઈ ગયેલ હતા. એક દુકાનમાં એસી બળી જતાં આગ પણ લાગેલ હતી. તાત્કાલિક એમ.જી.વી.સી.એલ ને આની જાણ થતાં કેબલ સુધારી વીજ પુરવઠો રાબેતા મુજબ ચાલુ કરી દીધેલ હતું.

# ઝાલોદ કોલેજના સેમેસ્ટર ૬ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ ખાતે કોલેજમાં સેમેસ્ટર ૬નો અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં આચાર્ય મધુકર પટેલ, ડૉ. ડી. સી. યાદવ અને પ્રોફે. એસ. જે. દાસ સહિત તમામ કોલેજ પરિવારે વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કૉલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. આશિષ મોદી સાહેબ દ્વારા કરવામાં આવ્યું.

# ઝાલોદ પોલીસે ૨૯,૧૩૬ ના વિદેશી દારૂ સાથે એક ઈસમની અટકાયત કરી : એક ફરાર

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ પોલીસના પી.એસ.આઈ એમ. એમ.માળી આવનાર લોકસભાની ચૂંટણીને લઈ લગાતાર પેટ્રોલીંગ કરી અસામાજિક તત્ત્વો તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર ઈસમોને પકડી પાડવા પ્રયત્નશીલ છે તે અન્વયે ઝાલોદ પી.એસ.આઇ એમ.એમ. માળી પોતાના પોલીસ સ્ટાફ સાથે ગરાડુ ગામે પાંચમહુડા ચેક પોસ્ટ પર ચેકીંગમા હતા તે દરમ્યાન તેમને બાતમી મળેલ હતી કે બજાજ ડીસ્કવર મોટરસાયકલ લઈને બે ઈસમો વિમલના થેલામાં વિદેશી દારૂ ભરી રાજસ્થાન બાજુથી આવનાર છે ત્યારે બાતમી વાળી ગાડી આવતા તેને દૂરથી રોકવાનો ઈસારો કરવામાં આવતા ગાડી પર સવાર બંને ઈસમો ગાડી વળાવી ભાગી જવાની કોશિશ કરતા પોલીસ દ્વારા પીછો કરવામાં આવતા ગાડીનો ચાલક અનિલ પ્રદીપ મુનિયા (ગરાડુ) ને


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

તેની મોટરસાયકલ GJ-20-Q-0985 સાથે ઝડપી પાડેલ હતો અને તેના સાથે બેસેલ અન્ય પાછળ બેસેલ ઈસમ ફરાર થઈ ગયેલ હતો. આ ઈસમ પાસેથી પોલીસને દારૂની કુલ ૨૪૦ બોટલો જેની અંદાજિત કિંમત ૨૯૧૩૬ અને બાઈકની કિંમત ૨૫૦૦૦ થઈ કુલ ૫૪૧૩૬ ના મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# સુરતમાં ૮૦ વર્ષીય મહિલાનો સ્વાઇન ફ્લૂનો રપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગની ટીમોએ સર્વેલન્સની કામગીરી હાથ ધરી

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરત શહેરના ડીંડોલી વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રહેતી ૮૦ વર્ષીય મહિલાનો સ્વાઈન ફ્લૂનો રિપોર્ટ પોઝિટિવ આવતા પાલિકાના આરોગ્ય વિભાગની ટિમો દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. પાલિકાની ટીમ દ્વારા સમગ્ર સોસાયટી અને એપાર્ટમેન્ટના લોકોની આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવી રહી છે. જો કે, પાલિકા અધિકારીના જણાવ્યાનુસાર આ માત્ર સીઝનલ ફ્લૂ છે. મહિલા પહેલાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતી. જ્યાં અન્ય રિપોર્ટ કાઢતા મહિલાનો સ્વાઈન ફ્લુનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સુરત શહેરમાં અસહ્ય ગરમી વચ્ચે પણ ડીંડોલી વિસ્તારમાંથી સ્વાઈન ફ્લૂનો કેસ સામે આવ્યો છે.

ડીંડોલી વિસ્તારમાં આવેલી એક સોસાયટીના એપાર્ટમેન્ટમાં રહેતી ૮૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવતા પાલિકાના આરોગ્ય વિભાગની ટીમ દોડતી થઈ છે. સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા અહીં મેડિકલવાન મોકલાવી એપાર્ટમેન્ટના રહીશોની આરોગ્ય લક્ષી તપાસ શરૂ કરવામાં આવી છે. સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના અધિકારી પ્રદીપ ઉમરીગરનું કહેવું છે કે, ૮૦ વર્ષીય મહિલા પહેલાથી જ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મહિલાની સારવાર દરમિયાન વધારાના રિપોર્ટ કઢાવતા સ્વાઈન ફ્લૂનો રિપોર્ટ




પોઝિટિવ આવ્યો છે. સ્વાઈન ફ્લૂ એક સિઝનલ ફ્લૂ છે. જેનાથી ડરવાની કોઈ પણ જરૂર નથી. તંત્રએ તાકીદે અહીં મેડિકલ વાન મોકલાવી સર્વેની કામગીરી હાથ ધરી છે.

અહીં અલગ-અલગ મેડીકલ ટીમો દ્વારા એપાર્ટમેન્ટના રહીશોની આરોગ્ય લક્ષી તપાસ કરવામાં આવી રહી છે. હમણાં સુધીની તપાસમાં આવા કોઈપણ લક્ષણ અન્ય વ્યક્તિઓમાં મળી આવ્યા નથી. સ્વાઈન ફ્લૂ સામે રક્ષણ મેળવવા માટે પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા સૂચવવામાં આવેલ ગાઈડલાઈનનું અનુસરણ કરવું જરૂરી છે. જેના કારણે આવા રોગો સામે રક્ષણ મેળવી શકાય છે. હાલ જે મહિલાનો સ્વાઈન ફ્લૂનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે તે મહિલા સારવાર હેઠળ છે અને તેની તબિયત પણ સુધારા પર છે. ખાંસી-શરદી એ સ્વાઈન ફ્લૂના લક્ષણો અને જરૂરી તકેદારી અને સાવચેતી રાખવામાં આવે તો આવા રોગો સામે રક્ષણ મળી રહે છે.

# સુરતમાં કારચાલકે ત્રણ લોકોને અડફેટે લીધા, મહિલાનું મોત થયું

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરત શહેરના સરથાણા વિસ્તારમાં એક કાર ચાલકે બેકાબુ બની ત્રણ લોકોને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં એક મહિલાનું ઘટના સ્થળે મોત થયાની વિગતો સામે આવી હતી. ચાલક નશાની હાલતમાં હોવાનું સામે આવતાની સાથે જ સરથાણા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ કારચાલકને ઝડપી પાડ્યો હતો. તપાસ કરતા કારચાલક ગાડીમાં નશાની હાલતમાં હોવાની સાથે નાશો કરવાનો સામાન પણ મળી આવ્યો હતો. પોલીસે આ મામલે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. સુરતના સરથાણા જકાતનાકાથી સરથાણા પોલીસ સ્ટેશન આવતા રસ્તામાં વર્જ ચોક નજીક એક કારચાલક બેકાબુ ગતિએ દોડી આવ્યો હતો અને ત્યાંથી પસાર થતાં મોટરસાયકલ અને રીક્ષાને અડફેટે લીધા હતા. જેને લઈને રસ્તામાં પસાર થતી એક વૃદ્ધ મહિલાને શરીરે ગંભીર ઈજા થઈ હતી. આ મહિલાને સારવાર મળે પહેલા જ તેનું ઘટના સ્થળે મોત થયું હતું. અકસ્માતના પગલે સ્થાનિક લોકો તાત્કાલિક ઘટના સાથે દોડી આવ્યા હતા અને અકસ્માતની જાણ સુરતની સરથાણા પોલીસને કરતા સરધાના પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી કારચાલકને અટકાયત કરી પોલીસ મથકે લઈ ગઈ હતી. સ્થાનિક લોકોની વાત માનીએ તો કારચાલક નશાની હાલતમાં હતો અને ગાડીમાંથી નશો કરવા માટે વપરાતું પાણી વેફર અને સોડાની બોટલ પણ મળી આવી હતી. જોકે મહિલાના મોતને લઈ તેના પરિવાર દ્વારા આ મામલે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ત્યારે રિક્ષામાં સવાર એક બાળકને પણ ગંભીર ઈજા પહોંચી છે. જોકે પોલીસને હાલ આ મામલે ગુનો દાખલ કરી કારચાલકની અટકાયત કરી છે. આ સમગ્ર ઘટનાના સીસીટીવી સામે આવતા કારચાલ-કે બેકાબુ ગાડી ચલાવી એક સાથે બે વાહનોને અડફેટે લીધા હોવાનું સામે આવ્યું છે.

# ઘોઘા-પીપાવાવ-મુંબઈ ફેરી સર્વિસ શરૂ કરવાની કવાયત, ૧૪ કલાકની મુસાફરી ૭ કલાકમાં

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ઘોઘા-પીપાવાવ-મુંબઈ ફેરી સર્વિસને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત ફેરી સર્વિસ શરૂ થશે. જે અંતર્ગત ઘોઘા-પીપાવાવ-મુંબઈ સુધીની ફેરી સર્વિસ ફરી શરૂ કરવામાં આવશે. જેને લઈ મુંબઈ સુધીની ફેરીનું સર્વેક્ષણ કરાયું છે. મહત્વનું છે કે, જળમાર્ગે ફેરી શરૂ થાય તો મુંબઈ ૧૪ કલાકને બદલે ૭ કલાકમાં પહોંચી શકાશે. ઉમેદવાર

સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત ફેરી સર્વિસ શરૂ કરવા હિલચાલ શરૂ થતા સૌરાષ્ટ્ર અને મુંબઈનુ અંતર ઘટશે. વિગતો મુજબ ઘોઘા-પીપાવાવ-મુંબઈ જળમાર્ગે ફેરી શરૂ કરવા હિલચાલ શરૂ થઈ છે. પીપાવાવથી મુંબઈનુ સડકમાર્ગનુ ૧૪ કલાકનુ અંતર દરિયાઈ માર્ગે ૭ કલાકનુ થઈ જશે. ઉલ્લેખનીય છે કે, મુંબઈ અને ઘોઘામાં ટર્મિનલની સુવિધા ઉપલબ્ધ થયા બાદ પીપાવાવમાં માળખાકીય સુવિધા ઉભી કરાશે.

# સુરતમાં ઝાડા ઉલટીથી ૨ વર્ષના બાળક સહિત બે લોકોના મોત

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરતમાં રોગચાળો ફાટી નીકળ્યા બાદ હવે ઝાડા ઉલટીથી બે લોકોના મોત થયાના સમાચાર સામે આવતા ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક માહિતી મુજબ સચિન GIDC વિસ્તારમાં અને ગોડાદરા વિસ્તારમાં બે વ્યક્તિના મોત થયા છે. આ તરફ હવે સુરત મ્યુનિશિપલ કોર્પોરેશનની ટીમે આ વિસ્તારોમાં સર્વે હાથ ધર્યો છે. ડાયમંડ સિટી સુરતમાં છેલ્લા કેટલાક દિવસોથી રોગચાળો વકર્યો છે. આ દરમિયાન સુરતના સચીન GIDCમાં રહેતા ૨ વર્ષના વિષ્ણુ પાસવાન અને ગોડાદરા વિસ્તારમાં અને એક મહિલાનું ઝાડા-ઉલટીને કારણે ૨ વ્યક્તિના મૃત્યુ થયા છે. ઝાડા-ઉલટીના કેસ વધતા મનપાનુ તંત્ર દોડતું થયુ છે. વિગતો મુજબ અહીં એક મહિલા અને એક બાળક ઝાડા-ઉલટીના કારણે મૃત્યુ થયાની ઘટના સામે આવી છે. જેણે લઈ હવે મનપાની ટીમે પાણીથી કોઈ ચેપ લાગ્યો હોય કે કેમ તે માટે સર્વે કર્યો છે.

# ચૂંટણી અધિકારીઓએ પોલીસની સાથે ચેકિંગ ઘનિષ્ઠ કરતાં એક કરોડ રૂપિયાની રોકડ પકડી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૨ ।

બનાસકાંઠામાં ચૂંટણી અધિકારીઓએ પોલીસની સાથે ચેકિંગ ઘનિષ્ઠ કરતાં એક કરોડ રૂપિયાની રોકડ પકડી પાડી છે. પાલનપુરએલસીબીપોલીસેઆરોકડપકડીપાડીછે.ચેકિંગદરમિયાન એરોમા નજીકની કારમાંથી રોકડ ઝડપાઈ. ચેકિંગ દરમિયાન કારમાંથી રોકડા મળ્યા હતા.

ગુજરાતમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ પૂર્વે રાજકીય પક્ષોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે તો તેની સાથે-સાથે રોકડિયા રાજા પણ ખણખણવા લાગ્યા છે. ચૂંટણી પૂર્વે રોકડાની લ્હાણી રાજકીય પક્ષો માટે સામાન્ય બાબત છે. હવે બે હજાર રૂપિયાની નોટ તો રહી નથી, પણ પાંચસો-પાંચસોની નોટોની પણ બોલબાલા છે.

પોલીસે રોકડ કોની હતી તેની તલાશ તો આદરી છે તેની સાથે કાર કોની માલિકની હતી તે તલાશ પણ આદરી છે. પોલીસને આ મોરચે ટૂંક સમયમાં જ સગડ મળશે તેવી આશા છે. આમ આગામી થોડા સમયમાં આ મોરચે નવો વિવાદ ઊભો થઈ શકે છે.

# અમદાવાદના એકસાથે ૬૦ રૂટ પર દોડશે ડબલ ડેકર બસ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદીઓ માટે મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, અમદાવાદને ૬૦ જેટલા રૂટ પર ડબલ ડેકર બસની સોગાત મળશે. વાસણાથી ચાંદખેડાના રૂટ પર ડબલ ડેકર શરૂ કર્યા બાદ હવે બીજા રૂટ પર પણ ડબલ ડેકર બસો ચાલશે. મહત્વનું છે કે, બજેટમાં ફક્ત સાત બસો ચલાવવાનું આયોજન હતું પણ પર્યાવરણને ધ્યાનમાં લઈને હજી વધ ૬૦ જેટલા રૂટ પર ડબલ ડેકર બસોની શરૂઆત કરવાની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજન કરવામાં આવ્યું છે AMTS દ્વારા પર્યાવરણ અને મુસાફરોની સવલતને ધ્યાને રાખી એક મોટો નિર્ણય લીધો છે.

તાજેતરમાં અમદાવાદમાં ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસની શરૂઆત કરાઈ હતી. જોકે હવે આ ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસની લોકપ્રિયતા અને પર્યાવરણ સુધારણાને ધ્યાને રાખી નવી ૬૦



ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસ દોડાવવાનો નિર્ણય લેવાયો છે. હાલમાં સાત જેટલી ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસ લાવવામાં આવી છે તે ખાનગી ઓપરેટરોને સોંપી દેવાઈ છે. આવી સ્થિતિમાં નવી ૬૦ ઈલેક્ટ્રિક બસ ખરીદવામાં આવગનાર છે તે ખાનગી ઓપરેટરોને જ ચલાવવા અપાશે કે કેમ તે જોવું રહ્યું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. તમારા જીવનસાથીની સંગતમાં રાહત-આરામ તથા પ્રેમ શોધો. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો-આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે, પણ આજે તમારી ઈન્દ્રિઓ પ્રેમના અતિઆનંદની અનુભૂતિ કરશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્?યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. તમને પ્રેમ કરતા તથા તમારી દરકાર કરતા લોકોની સંગતમાં થોડોક ગુણવત્તાયુક્ત સમય વિતાવજો. આજે તમારૂં પ્રેમ જીવન તમને આશીર્વાદ આપી રહ્યું છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. એકમેકને વધુ સારી રીતે સમજવા તમારે તમારા પ્રિયપાત્ર સાથે સમય વિતાવવાની જરૂર છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ આમ છતાં ચિંતાનું કારણ બનશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. અંગત બાબતો ઉકેલવાના તમારા અભિગમમાં ઉદાર રહો, પણ તમારી પ્રેમ અને સારસંભાળ ધરાવતા લોકોને તમારી વાણીથી નુકસાન ન પહોંચે તેનું ધ્યાન રાખજો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. એક જૂનો મિત્ર અણધારી મુલાકાત લેશે અને ખુશીભરી યાદોને પાછી લાવશે. જો તમે આજે આજે પ્રેમ કરવાની તક નહીં ગુમાવો તો, આ દિવસ તમે તમારા આખા આયુષ્યમાં નહીં ભૂલી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.

# સારા ભવિષ્યની આશા સાથે લીધેલા ડોન્કી રૂટએ જર્મનીમાં રેફ્યુજી બનાવ્યો

## આવા જ એક કેસમાં પંજાબનો એક વ્યક્તિ ડોન્કી રૂટથી જર્મની પહોંચ્યો હતો પરંતુ તેને ડિપોર્ટ કરવામાં આવ્યો છે



સારા ભવિષ્યની આશા સાથે દર વર્ષે હજારોની સંખ્યામાં ભારતીયો કાયદેસર કે ગેરકાયદેસર વિદેશ જવાનો પ્રયાસ કરતા હોય છે. ગેરકાયદેસર વિદેશ જવાનો પ્રયાસ કરનારા લોકો લાખો રૂપિયા તો ખર્ચતા જ હોય છે પરંતુ જીવને પણ જોખમમાં મૂકતા ખચકાતા નથી. જોકે, ગેરકાયદેસર રીતે જે-તે દેશમાં પ્રવેશીને પણ ઘણા લોકોને ડિપોર્ટ થવાનો વારો આવતો હોય છે. હરવિન્દર સિંહ પણ આવા જ લોકોમાંના એક છે. હરવિન્દર સિંહ સારા જીવનની આશા સાથે વિદેશ જવા ઈચ્છતા હતા અને તેમણે પશ્ચિમ યુરોપિયન દેશમાં સેટલ કરવા માટે એક એજન્ટને ૧૨ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. આ એજન્ટનો પ્લાન દેખીતી રીતે જ ફૂલ-પ્રૂફ હતો. જોકે, તેણે હરવિન્દર સિંહને તેના બદલે ડોકી રૂટ પર મોકલ્યા હતા, જેમાં તેમણે સર્બિયામાં મુશ્કેલ હવામાનની સ્થિતિમાંથી મુસાફરી કરી હતી. ચેકપોસ્ટથી બચવા માટે માઈલો સુધી ચાલ્યા હતા અને અંતે તેઓ જર્મનીમાં શરણાર્થી શિબિર એટલે કે રેફ્યુજી કેમ્પ માં પહોંચ્યા હતા. એજન્ટોએ તેમને ત્યાં અસાયલમ સુવિધા આપવાનું વચન આપ્યું હતું, પરંતુ પાંચ મહિનાની અટકાયત પછી હરવિન્દર સિંહને અંતે ૨૦ માર્ચે દિલ્હી મોકલવામાં આવ્યા હતા. હરવિન્દર સિંહ એશિયાઈ મૂળના એવા સેંકડો પુરુષોમાંના એક હતા જેમને આ ચોક્કસ બાલ્કન માર્ગ પર થઈ મોકલવામાં આવ્યા હતા જેમાં સર્બિયા થઈને યુરોપિયન દેશોમાં ગેરકાયદેસર પ્રવેશ કરાવવામાં આવે છે. આકસ્મિક રીતે સર્બિયાએ ૧ જાન્યુઆરી ૨૦૨૩થી ભારતીયો માટે વિઝા-ફ્રી ટ્રાવેલ બંધ કરી દીધું હતું. તેણે તમામ ભારતીય પાસપોર્ટ ધારકો માટે સર્બિયા દેશમાં વિઝા-ફ્રી એન્ટ્રીની વર્તમાન વ્યવસ્થા અને ૩૦ દિવસ સુધી સર્બિયામાં રહેવાની વ્યવસ્થા પાછી ખેંચી લીધી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ પગલાનો હેતું EU વિઝા પોલિસીની જરૂરિયાતોને પૂર્ણ કરવાનો અને ગેરકાયદેસર માઈગ્રન્ટ્સને નિયંત્રિત કરવાનો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, સર્બિયન માર્ગનો ઉપયોગ મુખ્ય રીતે જર્મની, ઈટાલી, સ્વિટ્ઝર્લેન્ડ અને ઓસ્ટ્રિયા જેવા દેશોમાં ઈમિગ્રન્ટ્સ મોકલવા માટે કરવામાં આવ્યો હતો. ગયા વર્ષે જૂનમાં યુરોપોલે જર્મની, રોમાનિયા અને સર્બિયામાં લો એન્ફોર્સમેન્ટ ઓથોરિટીઝ સાથે સંકલન કરીને એક સંગઠિત અપરાધ ગ્રુપને તોડી પાડ્યું હતું જેણે સેંકડો માઈગ્રન્ટ્સ જર્મનીમાં ગેરકાયદેસર ઘૂસાડ્યા હતા. ૨૦૦ અધિકારીઓ દ્વારા કોઓર્ડિનેટ કરીને પાડવામાં આવેલા દરોડામાં બે શકમંદોને જર્મનીમાં પકડવામાં આવ્યા હતા અને નવને રોમાનિયામાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. તેમની પાસેથી લક્ઝરી કાર, કેશ અને અન્ય કિંમતી વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. આ તપાસ જર્મન ટેરિટરી પર ઘણા માઈગ્રન્ટ્સની ધરપકડ દ્વારા કરવામાં આવી હતી, જેમને ટ્રાન્સપોર્ટેશનના વિવિધ માધ્યમોનો ઉપયોગ કરીને, કહેવાતા બાલ્કન રૂટ પર સર્બિયા અને રોમાનિયા થઈને જર્મની લાવવામાં આવ્યા હતા. લગભગ ૪૦૦૦ યુરોના બદલામાં સ્મગલર્સે માઈગ્રન્ટ્સને લોરીઓ પર બેસાડી દીધા હતા જ્યાં તેમને અમાનવીય સ્થિતિમાં ઘણા દિવસો સુધી માલ-સામાનની વચ્ચે સંતાઈ જવું પડ્યું હતું. આ માઈગ્રન્ટ્સને સત્તાવાર બોર્ડર ચેકપોસ્ટથી બચવા માટે માઈલો સુધી ચાલવું પડ્યું હતું. દિલ્હી એરપોર્ટ પર મળી આવેલા કેસમાં હરવિન્દર સિંહને પંજાબના સંદીપ કુમાર તરીકે ઓળખાતા એજન્ટ દ્વારા મોકલવામાં આવ્યા હતા. ડીસીપી (એરપોર્ટ) ઉષા રંગનાનીએ જણાવ્યું હતું કે, આરોપી એજન્ટની ધરપકડ કરવામાં આવી છે. તેણે હરવિન્દર સિંહને જર્મનીમાં ઉતર્યા બાદ તેનો પાસપોર્ટ અને અન્ય દસ્તાવેજો નષ્ટ કરવા અને નકલી ઓળખપત્ર આપીને અધિકારીઓ સુધી પહોંચવા કહ્યું હતું.

### રોલેક્સ વોચિસની ચોરીની ઘટનાઓ વધી રહી છે

# લંડનના પોશ વિસ્તારોમાં લૂંટફાટ કે ચોરીની ઘટનાઓ વધી છે

## ભારતીય બિઝનેસમેનનું કહેવું છે કે સામાન્ય લોકો માટે લંડન સુરક્ષિત નથી, તેથી લૂંટફાટનો ખતરો હંમેશા રહે છે

લંડનની છાપ એક આધુનિક કોસ્મોપોલિટન શહેરની છે, પરંતુ અહીં એવી ઘટનાઓ બનતી રહે છે જેના કારણે લોકોની સેફ્ટી અંગે સવાલ પેદા થાય છે. લંડનમાં કિંમતી વસ્તુઓનો દેખાડો કરવો જોખમી છે કારણ કે લૂંટની ઘટનાઓ વધી ગઈ છે. આ કારણથી લંડનમાં ધનાઢ્ય ભારતીયોને સૂચના આપવામાં આવી છે કે તમે મોંઘીદાટ રોલેક્સની વોચ પહેરતા હોવ તો તેનો દેખાડો ન કરો. કારણ કે એકલદોકલ વ્યક્તિને ગમે ત્યાં ઘેરીને લૂંટી લેવાના કિસ્સા વધ્યા છે. Rolex વોચ પહેરનાર વ્યક્તિ દેખીતી રીતે જ ધનિક હોય છે, તેથી તેમની સાથે પણ લૂંટની ઘટનાઓ બની શકે છે.

તાજેતરમાં લંડનની મુલાકાતે આવેલા બિઝનેસમેન અને ફિક્કીની એક્ઝિક્યુટિવ કમિટીના મેમ્બર દેવિન નારંગે જણાવ્યું છે કે લંડનના કેન્દ્રસમા વિસ્તારમાં લોકોની સાથે લૂંટફાટની ઘટનાઓ બની રહી છે. ચોરી અને લૂંટફાટના કિસ્સા એટલા બધા બન્યા છે કે રોલેક્સ અને બીજી લક્ઝરી વોચિસ માટે ડિમાન્ડમાં ઘટાડો થયો છે. લંડનમાં હાલમાં ફ્રી ટ્રેડની ચર્ચા ચાલતી હતી ત્યાં દેવિન નારંગે અચાનક વાતચીતની દિશા બદલી નાખી. બ્રિટિશ રાજકારણીઓ સાથે વાત કરતા કરતા નારંગે કહ્યું કે લંડનના મેફેર જેવા સૌથી પોશ વિસ્તારોમાં પણ ભારતીય



ઉદ્યોગપતિઓ રોલેક્સની વોચિસ પહેરતા ખચકાય છે. તેમની આ ટિપ્પણી પછી ભારે હોબાળો મચી ગયો છે અને તમામ ટોચના અખબારોએ તેની નોંધ લીધી છે.

ફાઈનાન્શિયલ ટાઈમ્સ, ટાઈમ્સ લંડન અને ડેઈલી મેઈલે પોતાના રિપોર્ટને મથાળું માર્યું છે કે લંડનમાં રોલેક્સની ચોરીના કેસ વધ્યા હોવાથી ભારતીય બિઝનેસમેને લોકોને ચેતવણી આપી. નારંગે દિલ્હી અને લંડનની સરખામણી કરતા કહ્યું કે દિલ્હીમાં તમે રોલેક્સ પહેરીને ગમે ત્યાં આંટા મારશો તો પણ તમને કોઈ નહીં લૂંટે. પરંતુ લંડનમાં તમે રોલેક્સ વોચ પહેરી હશે તો તમે ચોક્કસ એરિયામાં નહીં જઈ શકો. લંડનના હાર્ટ સમા વિસ્તારમાં લોકોને લૂંટી લેવાય છે. દેવિન નારંગની આ વાતથી કેટલાક લોકો સહમત છે અને કેટલાક તેનો વિરોધ કરે છે.

જાણીતા બિઝનેસમેન હર્ષ ગોયેંકા માને છે કે લંડનની સ્ટ્રીટ પર તમે ચાલતા હોવ ત્યારે એલર્ટ રહેવું જરૂરી છે. મારા તમામ મિત્રો જ્યારે લંડન જાય છે ત્યારે તેઓ સ્માર્ટ વોચ પહેરે છે અથવા સાવ સાધારણ ઘડિયાળ પહેરે છે. તેઓ મોંઘીદાટ ઘડિયાળ કે જ્વેલરી પહેરવાનું ટાળે છે. હું માનું છું કે રોલેક્સ કરતા પણ સારી ઘડિયાળો છે.

બ્રિટિશ બિઝનેસમેન લોર્ડ કરણ બિલિમોરા પણ આ વાતથી સહમત છે. તેઓ કહે છે કે અહીં રોલેક્સ અથવા એપલના ફોન માટે લૂંટી લેવાય છે. કેટલાક ઉદ્યોગપતિઓએ કહ્યું કે ભારતીયોને પોતાની મોંઘી ચીજનો દેખાડો કરવાની ટેવ હોય છે. લંડનના ટાઈમ્સ અખબારના અહેવાલ પ્રમાણે લંડનમાં છેલ્લા પાંચ વર્ષમાં ૨૯,૦૦૦થી વધારે મોંઘી ઘડિયાળો ચોરાઈ છે. પોલીસે અંડર કવર એજન્ટ તરીકે ૨૦ અપરાધીઓ પકડ્યા છે. લંડનના અપમાર્કેટ ગણાતા એરિયામાં પણ લૂંટફાટની સમસ્યા છે. હર્ષ ગોયકાએ જણાવ્યું કે લંડનમાં હું મારા પુત્રને પણ એક્સપેન્સિવ વોચિસ પહેરવાની મનાઈ કરીએ છીએ. લૂંટફાટની ઘટનાઓના કારણેલક્ઝરી વોચિસની ડિમાન્ડને પણ અસર થઈ છે. સ્વિટ્ઝર્લેન્ડની વોચ કંપનીના શેરમાં એક વર્ષમાં ૫૦ ટકાનો ઘટાડો થયો છે.

# શું ચશ્મા વિના સૂર્ય ગ્રહણ જોવાથી આંધળા થઈ જવાય છે? જાણો શું કહે છે નિષ્ણાતો

## ગ્રહણને લઈને ભારતીય સમાજમાં વિવિધ પ્રકારની માન્યતાઓ અને વાતો છે : ખાસ કરીને સૂર્યગ્રહણને વધુ વિશેષ માનવામાં આવે છે

ગ્રહણને લઈને ભારતીય સમાજમાં વિવિધ પ્રકારની માન્યતાઓ અને વાતો છે. ખાસ કરીને સૂર્યગ્રહણને વધુ વિશેષ માનવામાં આવે છે, તેથી જ ભારતીય સમાજ અને સમગ્ર વિશ્વમાં તેના વિશે વધુ ગંભીર કહાનીઓ ફેલાયેલી છે.ગ્રહણને લઈને ભારતીય સમાજમાં વિવિધ પ્રકારની માન્યતાઓ અને વાતો છે. ખાસ કરીને સૂર્યગ્રહણને વધુ વિશેષ માનવામાં આવે છે, તેથી જ ભારતીય સમાજ અને સમગ્ર વિશ્વમાં તેના વિશે વધુ ગંભીર કહાનીઓ ફેલાયેલી છે. જેમ કે કહેવાય છે કે સૂર્યગ્રહણ નરી આંખે જોઈ શકાતું નથી. જો કોઈ આવું કરશે તો તે અંધ બની જશે. આવી સ્થિતિમાં ઘણા લોકોના મનમાં એક પ્રશ્ન હોય છે કે જો તેઓ આ સૂર્યગ્રહણ ચશ્મા વિના જોશે તો શું તેમની આંખોની રોશની ઘટી જશે? જ્યારે જે લોકો પાસે ચશ્મા નથી તેઓ કોઈ બીજી વસ્તુની મદદથી સૂર્યગ્રહણ જુએ છે. ઘણી વખત ભારતીય ગામડાઓમાં લોકો એક્સ-રે શીટ્સની મદદથી આ પ્રકારના સૂર્યગ્રહણને જુએ છે.આ મામલે અમેરિકન સ્પેસ એજન્સી નાસાનું કહેવું છે કે જો તમે સૂર્યગ્રહણને નરી આંખે જોશો તો તે તમને અંધ નહીં બનાવી દે. જો કે, જો તમે લાંબા સમય સુધી સૂર્યને જોતા રહો તો તે તમારી આંખોના રેટિનાને અસર કરી શકે છે. હકીકતમાં, પૂર્ણ સૂર્યગ્રહણમાં, ૯૯ ટકા સૂર્ય ઢંકાયેલો હોવા છતાં, તેની કિનારીઓમાંથી માત્ર એક ટકા પ્રકાશ મળે છે.આ પ્રકાશ તમારી આંખોને અસર કરી શકે છે અને તમારા રેટિનાને નુકસાન પહોંચાડી શકે છે. તેથી, જ્યારે પણ તમે સૂર્યગ્રહણ જુઓ ત્યારે તમને ચશ્માનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે. ધ્યાનમાં રાખો કે આ ચશ્મા પારદર્શક ન હોવા જોઈએ પરંતુ સનગ્લાસ હોવા જોઈએ, એટલે કે તેમના ચશ્મા કાળા હોય તો વધુ સારું રહેશે.

# મહિલાએ શોધ્યો ૧૮ લાખ વર્ષ જુનો 'ખજાનો', જાણો શું છે તેમાં

## ઈંગ્લેન્ડના એક્ઝેટરમાં રહેતી ૫૬ વર્ષીય ક્રિસ બીન બીચ પર ચાલી રહી હતી ત્યારે તેણે રેતી અને કાંકરી વચ્ચે કંઈક જોયું

લાખો વર્ષો પહેલા વિશ્વમાં વિશાળકાય પ્રાણીઓ રહેતા હતા. ડાયનાસોર વિશે તો દરેક જણ જાણે છે, પરંતુ બહુ ઓછા લોકો એ પણ જાણતા હશે કે પહેલા વિશાળકાય હાથીઓ પણ પૃથ્વી પર વસવાટ કરતા હતા. આ મેમોથ કહેવાતા. આજે પણ તેમના અવશેષો વિશ્વના વિવિધ ભાગોમાં જોવા મળે છે. આવું જ કંઈક ઈંગ્લેન્ડમાં પણ જોવા મળ્યું છે. બીચ પર ચાલતી એક મહિલાએ કંઈક અજુગતું જોયું અને ખોદવાનું શરૂ કર્યું અને તેને મેમથ મળ્યો હતો. ઈંગ્લેન્ડના એક્ઝેટરમાં રહેતી ૫૬ વર્ષીય ક્રિસ બીન બીચ પર ચાલી રહી હતી ત્યારે તેણે રેતી અને કાંકરી વચ્ચે કંઈક જોયું. તેણે થોડું ખોદકામ કર્યું ત્યારે તેને લાખો વર્ષ પહેલા જીવતા મેમથના અવશેષો મળ્યા. . તેણે કહ્યું, "મેં તે વસ્તુ જમીન પર પડેલી જોઈ અને મને લાગ્યું કે તે દાંત અથવા તેના જેવું જ કંઈક હોઈ શકે છે. જ્યારે મેં મારા હાથ વડે ખોદવાનું શરૂ કર્યું, ત્યારે મને સમજાયું કે તે જમીનની અંદર એટલી ઊંડી છે કે મને મળી નથી. તે. હું તેને ખોદી શકીશ નહીં. ક્રિસ બીને કહ્યું કે તે તેના પતિ સાથે બીચ પર ગઈ હતી. તેણે કહ્યું કે જ્યારે મારા પતિ અને મેં સાથે મળીને ખોદકામ કર્યું ત્યારે અમને ખબર પડી કે તે અશ્મિભૂત દાંત છે. ક્રિસે કહ્યું, "નોર્થ એક્સના દરિયાકિનારા આવી વસ્તુઓ શોધવા માટે પ્રસિદ્ધ છે. પરંતુ હું હજી પણ પોતે તેના પર વિશ્વાસ કરી શકતો ન હતો



અને ખોદતી વખતે મને આશા હતી કે તે મેમથનો દાંત છે." તેણે કહ્યું કે જ્યારે દાંત કાઢવામાં આવ્યો ત્યારે અમે બંને લાંબા સમય સુધી હસતા રહ્યા. જે મેમથ દાંતની શોધ કરવામાં આવી છે તે ૬.૫ થી ૭ ઈંચ લાંબા અને પહોળા છે. તેનું વજન લગભગ ૨ કિલો છે. આના પરથી અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે જ્યારે દાંત આટલો ભારે હોય છે તો આ પ્રાણી કેટલું વિશાળ હશે. મેમથ ૧૮ લાખ વર્ષ પહેલા પૃથ્વી પર રહેતા હતા. તેમની રચના બિલકુલ હાથીઓ જેવી હતી, પરંતુ તેમને ઠંડીથી બચાવવા માટે શરીર પર એક જાડું પડ હતું. તેમની પાસે હાથીઓની જેમ થડ અને લાંબા દાંત હતા. મેમોથના અવશેષો પુરાતત્વવિદો અને વૈજ્ઞાનિકો માટે ખજાના જેવા છે.

# શા માટે શનિદેવની આંખોમાં જોવાથી ગભરાય છે લોકો?

## શનિની પત્ની પરમ તેજસ્વિની હતી. એક રાત્રે તેઓ પુત્રની ઈચ્છા સાથે તેમની પાસે ગઈ, શનિદેવ ભગવાન વિષ્ણુના ધ્યાનમાં મગ્ન હતા





એવું માનવામાં આવે છે કે સૂર્ય રાજા છે, બુધ મંત્રી છે, મંગળ સેનાપતિ છે, શનિ ન્યાયાધીશ છે અને રાહુ-કેતુ સંચાલક છે. સમાજમાં જ્યારે પણ કોઈ વ્યક્તિ ગુનો કરે છે ત્યારે શનિ તેને તેના ખરાબ કાર્યોની સજા આપે છે. રાહુ અને કેતુ સજા કરવા માટે સક્રિય બને છે. શનિના દરબારમાં પહેલા સજા આપ વામાં આવે છે અને પછી કેસ ચાલે છે કે સજાનો સમયગાળો પસાર થઈ ગયા પછી તેને ફરીથી સુખ આપવું જોઈએ કે નહીં. શનિ મંદિરમાં સીધી રેખામાં ઊભા રહીને ક્યારેય શનિ મૂર્તિની પૂજા ન કરવી જોઈએ. તેમજ તેમની પ્રતિમા ઘરમાં સ્થાપિત કરવી જોઈએ નહીં. ઘણીવાર એવી ચર્ચા થાય છે કે જે વ્યક્તિ પર શનિની ખરાબ નજર પડે છે તેના ખરાબ સમયની શરૂઆત થાય છે. આખરે શા માટે લોકો શનિની પ્રતિમાથી ડરે છે? શનિની પત્ની પરમ તેજસ્વિની હતી. એક રાત્રે તેઓ પુત્રની ઈચ્છા સાથે તેમની પાસે ગઈ. શનિદેવ ભગવાન વિષ્ણુના ધ્યાન માં મગ્ન હતા. આ રીતે પત્ની રાહ જોઈને થાકી ગઈ. પત્નીએ ગુસ્સામાં આવીને શનિદેવને શ્રાપ આપ્યો. શનિદેવની પત્નીએ કહ્યું કે તેઓ જેને જોશે તેનો નાશ થશે. તેથી, શનિદેવની દ્રષ્ટિથી રક્ષણની સલાહ આપવામાં આવે છે. એકવાર સૂર્ય ભગવાનના કહેવાથી હનુમાનજી શનિદેવને મનાવવા ગયા. શનિ રાજી ન થયા અને લડવા માટે તૈયાર થઈ ગયા. હનુમાનજીએ યુદ્ધમાં શનિદેવને હરાવ્યા. આ યુદ્ધમાં શનિ ગંભીર રીતે ઘાયલ થયા હતા. શનિના ઘાવને ઓછો કરવા માટે, હનુમાનજીએ તેમને તેલ આપ્યું. આના પર શનિએ કહ્યું કે જે મને તેલ ચઢાવશે, હું તેને ત્રાસ આપીશ નહીં અને તેની વેદનાઓ હળવી કરીશ. ત્યારથી શનિદેવને તેલ ચઢાવવાની પરંપરા શરૂ થઈ. શનિ અંધકારનું પ્રતીક છે અને સૂર્યાસ્ત પછી ખૂબ શક્તિશાળી બને છે. જો શનિ વિચલિત થાય તો જીવનમાં પણ અંધકાર છવાઈ જાય છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર શનિવારે સાંજે દીવો કરવાથી જીવનમાંથી અંધકાર દૂર થાય છે. શનિવારની સાંજે જ દીવો પ્રગટાવો. શનિદેવ સૂર્યના પુત્ર છે. છાયા અને સૂર્યના સંયોજનથી શનિનો જન્મ થયો હતો. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર, શનિદેવ તેમના ગર્ભમાં રહેવા દરમિયાન સૂર્યના તેજને સહન કરી શક્યા નહીં અને તેમનો રંગ કાળો થઈ ગયો. શનિનો રંગ જોઈને સૂર્યે તેમને પુત્ર તરીકે સ્વીકારવાની ના પાડી. શનિ આ સહન ન કરી શક્યા, ત્યારથી શનિ અને સૂર્ય વચ્ચે દુશ્મનાવટ છે. જો તમે શનિના ક્રોધથી બચવા માંગતા હોવ તો એવા લોકોથી દૂર રહો જેઓ બીજાને ખરાબ બોલે છે અને ષડયંત્ર રચે છે. બીજા પ્રત્યે ખરાબ વિચારો તમારા મનમાં ન રાખો. કોઈને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરશો નહીં. કોઈનો અધિકાર છીનવવાનો પ્રયાસ ન કરો. બેદરકાર રહેવાનું ટાળો. સૂર્યોદય પહેલા જાગવાનો પ્રયાસ કરો. સૂર્યાસ્ત સમયે બિલકુલ સૂવું નહીં. ગરીબો અને ભૂખ્યાઓને બને તેટલું ભોજન આપો. ખાદ્યપદાર્થો આપો. કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિને ચામડાના ચંપલ દાન કરો. શિયાળામાં ગરીબોને કાળા ધાબળાનું દાન કરો. શનિવારે લોખંડના વાસણમાં સરસવના તેલનું દાન કરો. શનિવારે સાંજે શનિદેવને સરસવનું તેલ ચઢાવો અને સરસવના તેલનો દીવો કરો.

# કેલિફોર્નિયામાં બંદૂક પર પ્રતિબંધ મૂકવામાં આવશે

## અમેરિકન કોર્ટે એક એવો નિર્ણય આપ્યો છે જે લોકોના જીવનમાં બદલાવ લાવશે : મોટી દુર્ઘટનાઓ અટકશે

નવા વર્ષ ૨૦૨૪માં અમેરિકન શહેર કેલિફોર્નિયાને નવું જીવન મળવા જઈ રહ્યું છે. આવું એટલા માટે કહેવામાં આવી રહ્યું છે કારણ કે હવે અહીં ઘાતક હથિયાર બંદૂક પર પ્રતિબંધ મૂકવામાં આવશે. ગન કલ્ચરને કારણે કેલિફોર્નિયા અને અન્ય શહેરોમાં જાહેર સ્થળોએ ગોળીબાર સામાન્ય છે. સ્થિતિ એવી છે કે ૬-૮ વર્ષના બાળકો પણ બંદૂક લઈને શાળાએ પહોંચે છે. કેલિફોર્નિયાના ગવર્નર દ્વારા બંદૂકો પર પ્રતિબંધ મૂકતા કાયદાને કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો, જેને ત્રણ ન્યાયાધીશોની બેન્ચે ફગાવી દીધો હતો. યુએસ સર્કિટ કોર્ટની ત્રણ જજની બેન્ચે સ્પષ્ટ કર્યું કે જાહેર સ્થળોએ બંદૂક પર પ્રતિબંધ મૂકવો એ બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન નથી. ઉદાહરણ તરીકે, યુએસ બંધારણના બીજા સુધારામાં, અમેરિકન નાગરિકોને સ્વ-બચાવ માટે તેમની સાથે બંદૂક



રાખવાનો અધિકાર આપવામાં આવ્યો છે. પરિણામ એ છે કે લોકો પાર્ટીઓ, મોલ, રસ્તાઓ, કોઈપણ જાહેર સ્થળો અને શાળાઓમાં ગમે ત્યાં ગોળીબાર કરે છે. અમેરિકામાંથી દરરોજ આવા ગોળીબારમાં લોકોના મોતના સમાચાર સામે આવે છે. ૨૦ ડિસેમ્બરના રોજ એક નિર્ણયમાં, કેલિફોર્નિયાની જિલ્લા અદાલતે રાજ્યના ગવર્નર ગેવિન ન્યૂઝમ દ્વારા પસાર કરાયેલ બંદૂક પ્રતિબંધ કાયદા પર પ્રતિબંધ મૂક્યો હતો. કોર્ટે પોતાના નિર્ણયમાં સ્વીકાર્યું હતું કે આવા કાયદા લોકોના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરે છે. રાજ્યપાલે સપ્ટેમ્બર મહિનામાં આ કાયદો પસાર કર્યો હતો અને નવા વર્ષમાં પહેલી જાન્યુઆરીથી તેનો અમલ થવાનો હતો, પરંતુ હાલમાં આ અંગે કોઈ નવી માહિતી સામે આવી નથી. અમેરિકામાં હથિયાર રાખવાનું કેટલું સામાન્ય છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે અહીંની સુપ્રીમ કોર્ટ પણ હથિયારો પર પ્રતિબંધ મૂકવાના પક્ષમાં નથી. જૂન ૨૦૨૨માં, યુએસ સુપ્રીમ કોર્ટે ન્યૂયોર્કમાં બંદૂક પર પ્રતિબંધ મૂકતો કાયદો રદ કર્યો હતો. ૬-૩ના આ નિર્ણયમાં એક ન્યાયાધીશે એમ પણ કહ્યું હતું કે બંધારણ લોકોના ઘરની બહાર સ્વરક્ષણ માટે હેન્ડગન રાખવાના અધિકારનું રક્ષણ કરે છે. ન્યૂયોર્ક, કેલિફોર્નિયા, ન્યૂ જર્સી સહિત અન્ય ઘણા રાજ્યોમાં આ નિર્ણય સુપ્રીમ કોર્ટની અસર થઈ હતી. જો કે, કેલિફોર્નિયા પ્રશાસને રાજ્યમાં બંધારણમાં સુધારો કર્યો અને જાહેર સ્થળોએ બંદૂક લઈ જવા પર પ્રતિબંધ મૂક્યો. અમેરિકન મીડિયા સંસ્થા એબીસી ન્યૂઝના અહેવાલ મુજબ, ૭ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં, અમેરિકામાં બંદૂક સંબંધિત હિંસામાં ૪૦,૧૬૭ લોકોના મોત થયા છે. એટલે કે ફાયરિંગમાં દરરોજ ૧૧૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. માર્યા ગયેલા લોકોમાં ૧,૩૦૬ યુવાનો અને ૨૭૬ બાળકોનો સમાવેશ થાય છે. બંદૂકની આત્મહત્યામાં ૨૨,૫૦૬ લોકો મૃત્યુ પામ્યા હતા. મોટાભાગના મૃત્યુ ટેક્સાસ અને કેલિફોર્નિયા જેવા રાજ્યોમાં થયા છે. ૨૦૨૩માં, ૬૩૨ સામૂહિક ગોળીબારની ઘટનાઓ બની હતી, જેમાં લગભગ ૬૦૦ લોકો માર્યા ગયા હતા. સૌથી ઘાતક સામૂહિક ગોળીબાર ૨૫ ઓક્ટોબરના રોજ મૈનેમાં થયો હતો, જેમાં ૧૮ લોકો એક જ સમયે માર્યા ગયા હતા.

## ન્યૂઝ બ્રિફ

### પાનમ ડેમ ફરવા ગયેલા ત્રણ યુવકો ડૂબ્યા, બે ભાઈના મોત

। (એજન્સી) મહીસાગર, તા.૧૨ ।

બુધવારે ચાંદ દેખાતા ગુજરાતભરમાં રહેતા મુસ્લિમ બિરાદરોએ ગુરુવારે ઈદની ઉજવણી કરી હતી. મુસ્લિમ પરિવારોમાં ખુશીનો માહોલ હતો, એકબીજાને ઈદ મુબારક કહેવાઈ રહ્યા હતા. ત્યારે પંચમહાલમાં પવિત્ર ઈદના તહેવાર ટાંણે જ બે પરિવારોમાં માતમ છવાયો હતો. ઈદની મજા માણવા પાનમ ડેમ ફરવા ગયેલ બે સગા ભાઈ અને અન્ય એક યુવક મળી ત્રણના પાણીમાં ડૂબી જતાં મોત નિપજ્યા છે. બુરહાન હાઝી, નિહલ પટેલ, ફરહાદ પટેલ નામના મહીસાગર જિલ્લાના કોથંબાના રહેવાસી ત્રણ યુવકોના મોત નિપજ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શુક્રવારે ઈદનો તહેવાર હોઈ કોઠંબાના ત્રણ યુવકો પાનમ ડેમ ફરવા ગયા હતા. બુરહાન હાઝી, નિહલ પટેલ, ફરહાદ પટેલ ચા-નાસ્તો લઈને પાનમ ડેમ ખાતે પહોચ્યા હતા. જેમાં એક મિત્ર ડેમના પાણીમાં ડુબવા લાગ્યો હતો, જેથી બીજો તેને બચાવવા ડેમના પાણીમાં કૂદ્યો હતો. તો બંને યુવકોને ડૂબતા જોઈ ત્રીજા યુવકે પાણીમાં છલાંગ લગાવી હતી.

### અમદાવાદ મંડળે વર્ષ ૨૦૨૩-૨૪ માં વિવિધ ટિકિટ ચેકિંગ અભિયાનથી રૂ. ૨૮.૩૦ કરોડની આવક પ્રાપ્ત થઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ દ્વારા તમામ કાયદેસર મુસાફરોને આરામદાયક મુસાફરી અને વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા અને અને રેલ યાતાયાત માં અનધિકૃત મુસાફરીને રોકવા માટે મેલ/એક્સપ્રેસ તેમજ પેસેન્જર ટ્રેનો અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં ટિકિટ વગરના/અનિયમિત મુસાફરોને રોકવા માટે સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૦૧ એપ્રિલ ૨૦૨૩ થી ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી કુલ ૩.૯૯ લાખ કેસ નોંધાયા હતા. રૂ. ૨૮.૩૦ કરોડથી વધુની આવક હાંસલ કરી છે. વરિષ્ટ મંડળ વાણિજ્ય મેનેજર શ્રી પવનકુમાર સિંહ ની આગેવાની હેઠળ વિવિધ પ્રકારની ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ વર્ષે, ૦૧ એપ્રિલ, ૨૦૨૩ થી ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી, અમદાવાદ મંડળ દ્વારા વધુને વધુ ટિકિટ ચેકિંગ કર્મચારીઓ દ્વારા સમય સમય પર આરપીએફની મદદ લેવામાં આવી હતી મણિનગર-નડિયાદ, અસારવા-દહેગામ, મહેસાણા-પાલનપુર, પાલનપુર-ગાંધીધામ સેક્શન અને અમદાવાદ સ્ટેશન પર વિવિધ ટિકિટ ચેકિંગ ઝુંબેશ ચલાવવા આવી. વર્ષ દરમિયાન હાથ ધરાયેલા મોટા પાયે ટિકિટ ચેકિંગ દરમિયાન કુલ ૩.૯૯ લાખ કેસ નોંધાયા હતા અને રૂ. ૨૮.૩૦ કરોડથી વધુની આવક હાંસલ કરી. જે ગત વર્ષ કરતા ૧.૬૬ ટકા વધુ છે. તમામ મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ માત્ર યોગ્ય ટ્રેન ટિકિટ પર જ મુસાફરી કરે, આના થી તમે રેલવેની પ્રગતિમાં યોગદાન આપીને સન્માનપૂર્વક મુસાફરી કરવા સક્ષમ બનાવશે.

### ખુલ્લામાં પડેલું અનાજ પલળી જતા નુકસાન

# ઉત્તર ગુજરાત અને દાહોદમાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદ

### દાહોદમાં આકરા તાપ વચ્ચે કરા સાથે ધોધમાર વરસાદ પડ્યો, બે વ્યક્તિ પર આકાશી વીજળી પડતા બંને વ્યક્તિ લકવાગ્રસ્ત બનવા પામ્યા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

રાજ્યના હવામાન વિભાગ દ્વારા આગામી દિવસ દરમિયાન રાજ્યમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. જેના પગલે દાહોદના વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. દાહોદ જિલ્લાના દાહોદ, ઝાલોદ, ગરબાડા પંથકમાં સાંજના સમયે આકરા તાપ વચ્ચે ભારે પવન અને કરા સાથે વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. ભારે પવન ફૂંકાતા દુકાન પાસેના શેડના છાપરા ઉડતા જોવા મળ્યા હતા. પંથકમાં ધોધમાર વરસાદના પગલે વીજળી ડુલ થવા પામી હતી. આ સાથે ખુલ્લામાં મૂકેલું અનાજ પણ પલળી ગયું હતું. દાહોદ શહેરમાં આકરી ગરમી વચ્ચે જ કરા સાથે ધોધમાર વરસાદ શરૂ થતા લોકો આશ્ચર્યમાં મૂકાયા હતા. ગણતરીની મિનિટોમાં જ શહેરના રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. આકરી ગરમી વચ્ચે વરસાદ વરસતા લોકોએ ઠંડકનો અનુભવ કર્યો હતો. દાહોદ શહેર ઉપરાંત જિલ્લાના ઝાલોદ પંથકના વાતાવરણમાં પણ પલટો જોવા મળ્યો હતો. ઝાલોદના લીમડી, વરોડ, મિરાખેડી, કચુંબર સહિતના ગામોમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. મિરાખેડી આસપાસ કરા સાથે



વરસાદ વરસતા ધરતીપુત્રો ચિંતિત બન્યા હતા. દાહોદમાં તોફાની વરસાદમાં માંડવ રોડ સબરાડા ગામમાં બે વ્યક્તિ પર આકાશી વીજળી પડતા બંને વ્યક્તિ લકવાગ્રસ્ત બનવા પામ્યા હતા. ઉત્તર ગુજરાતમાં છેલ્લા બે દિવસથી ભારે ઉકળાટ અને અસહ્ય ગરમીનો અહેસાસ થઈ રહ્યો હતો. દરમિયાન ભર ઉનાળે ગુરુવારે વાદળછાયા વાતાવરણ વચ્ચે કેટલાક વિસ્તારોમાં પવન ફૂંકાયો હતો અને હળવો વરસાદ પડતાં દોડધામ મચી ગઈ હતી. સાબરકાંઠાના ખેડબ્રહ્મા, ખેરોજ, વડાલી, પોશીના પંથકમાં પવન ફૂંકાવા સાથે ઝરમર વરસાદ વરસ્યો હતો. અરવલ્લીના ભીલોડા પંથકમાં કરા સાથે વરસાદ પડ્યો હતો જ્યારે બનાસકાંઠામાં અમીરગઢ, દાંતા પંથકમાં પવન સાથે વરસાદ વરસ્યો હતો. પવન ફૂંકાવા સાથે પડેલા વરસાદના કારણે ઊભા પાકમાં નુકસાન પહોંચવાની દહેશતથી ખેડૂતો ચિંતિત બન્યા હતા. છોટાઉદેપુર જિલ્લાના કવાંટ પથંકમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. બપોરથી જ કવાંટના કેટલાક ગામોમાં મોસમે અચાનક મિજાજ બદલતા આકરા તાપ વચ્ચે વરસાદ શરૂ થઈ ગયો હતો. વીજળીના કડાકા સાથે વરસાદ ચાલુ રહ્યો હતો. લગ્નસરાની સિઝનમાં રંગમાં ભંગ પડ્યો હતો, બીજીતરફ ખેતીના પાકને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

### લાંબો સમય સુધી બહાર ન આવતા ભંડો ફૂટ્યો

## દિલ્હીથી સુરત આવતી ફ્લાઈટના બાથરુમમાં યુવકે સિગારેટ સળગાવતા ધમાચકડી મચી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ફ્લાઈટમાં જ્વલનશીલ પદાર્થ લઈ જવાની મનાઈ હોય છે તેમ છતાં પશ્ચિમ બંગાળનો એક યુવક દિલ્હીથી સુરત આવતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટમાં સિગારેટ લઈ બેઠો હતો. એટલું જ નહીં આ યુવકે ચાલુ પ્લેનમાં બાથરૂમમાં જઈ સિગારેટ સળગાવી સ્મોકિંગ કર્યું હતું. આ હકીકત ઉઘાડી પડતાં પ્લેનમાં દોડધામ મચી ગઈ હતી. મુસાફરોના જીવ જોખમમાં મુકનાર યુવક સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગઈ તા. ૧૦ એપ્રિલના રોજ રાત્રે ૯.૪૫ કલાકે એરઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ ૫૧૫૬૯ સુરત આવવા ઉડી હતી. આ પ્લેનની સીટ નં. ૨૮ એફમાં કૌસ્તવ સત્યજીત બિસ્વાસ (ઉં.વ. ૨૩, રહે ગામ ખાન્ટુરા ગોરબરડાંગા નોર્થ ૨૪ પરગણા પશ્ચિમ બંગાળ) બેઠો હતો. આ યુવક છુપી રીતે પ્લેનમાં સિગારેટ તથા માચીસ બોક્સ લઈ પ્રવેશ્યો હતો. ચાલુ ફ્લાઈટે બાથરુમાં સિગારેટ સળગાવી સ્મોકિંગ કર્યું હતું. ઘણા સમયથી યુવક બાથરૂમમાં હોય અન્ય પેસેન્જરે ક્રુ મેમ્બરને જાણ કરી હતી.

**યુવકની પૂછપરછ કરતા તેણે બાથરૂમમાં સ્મોકિંગ કર્યુ હોવાની કબૂલાત કરી હતી**

ક્રુ મેમ્બરે બાથરૂમ ખખડાવતા યુવકે દરવાજો ખોલ્યો હતો ત્યારે અંદરથી સિગારેટના ધુમાડા ઉડતા હતા. ગંધ આવતી હતી. યુવકની પૂછપરછ કરતા તેણે બાથરૂમમાં સ્મોકિંગ કર્યું હોવાની કબૂલાત કરી હતી. ફ્લાઈટ સુરત એરપોર્ટ ઉપર લેન્ડ કર્યા બાદ ક્રુ મેમ્બરે આ અંગે એર ઈન્ડિયા એક્સપ્રેસ સ્ટાફના માણસોને જાણ કરી હતી. પેસેન્જર્સની જિંદગી જોખમાય તે રીતે ઉડતા પ્લેનના બાથરૂમમાં સ્મોકિંગ કરનાર યુવક કૌસ્તવ સત્યજીત બિસ્વાસ વિરુદ્ધ બાદમાં એર ઈન્ડિયા એક્સપ્રેસના સ્ટાફે પોલીસ ફરિયાદ કરી હતી. તેની સામે આઈપીસીની કલમ ૧૭૯ હેઠળ કે જેમાં છ મહિનાની સજા અને એક હજાર રૂપિયાના દંડની જોગવાઈ છે, તે મુજબ ગુનો નોંધાયો હતો.

### ૧૫ એપ્રિલથી ગાંધીનગર-ઇન્દોર શાંતિ એક્સપ્રેસ ગાંધીનગરને બદલે અમદાવાદ થી દોડશે

। અમદાવાદ, તા.૧૨ ।

મુંબઈ-અમદાવાદ-સાબરમતી વચ્ચે દેશની પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે, અમદાવાદ-સાબરમતી વચ્ચે સાબરમતી નદી પર બની રહેલા પુલના કાર્યએ હવે વેગ પકડ્યો છે. આ સંબંધમાં અમદાવાદ અને સાબરમતી વચ્ચેની રેલવે લાઈન હંગામી ધોરણે બંધ રહેશે. જેના કારણે ટ્રેન નંબર ૧૯૩૦૯/૧૯૩૧૦ ગાંધીનગર કેપિટલ-ઈન્દોર શાંતિ એક્સપ્રેસ ટ્રેન ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે:

- ૧૫ એપ્રિલ ૨૦૨૪ થી આગળની સૂચના સુધી, ટ્રેન નંબર ૧૯૩૦૯ ગાંધીનગર કેપિટલ-ઈન્દોર શાંતિ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલના સ્થાને અમદાવાદથી ઉપડશે અને ગાંધીનગર કેપિટલ-અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ૧૪ એપ્રિલ ૨૦૨૪ થી આગળની સૂચના સુધી, ટ્રેન નંબર ૧૯૩૧૦ ઈન્દોર-ગાંધીનગર કેપિટલ શાંતિ એક્સપ્રેસ અમદાવાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ-ગાંધીનગર કેપિટલ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય સંબંધિત વિગતવાર માહિતી માટે, યાત્રીઓ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### અમદાવાદ મંડળે વર્ષ ૨૦૨૩-૨૪ માં વિવિધ ટિકિટ ચેકિંગ અભિયાનથી રૂપિયા ૨૮.૩૦ કરોડની આવક પ્રાપ્ત થઈ





। અમદાવાદ, તા.૧૨ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ દ્વારા તમામ કાયદેસર મુસાફરોને આરામદાયક મુસાફરી અને વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા અને અને રેલ યાતાયાત માં અનધિકૃત મુસાફરીને રોકવા માટે મેલ/એક્સપ્રેસ તેમજ પેસેન્જર ટ્રેનો અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં ટિકિટ વગરના/અનિયમિત મુસાફરોને રોકવા માટે સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૦૧ એપ્રિલ ૨૦૨૩ થી ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી કુલ ૩.૯૯ લાખ કેસ નોંધાયા હતા. રૂ. ૨૮.૩૦ કરોડથી વધુની આવક હાંસલ કરી છે.

વરિષ્ટ મંડળ વાણિજ્ય મેનેજર શ્રી પવનકુમાર સિંહ ની આગેવાની હેઠળ વિવિધ પ્રકારની ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ વર્ષે, ૦૧ એપ્રિલ, ૨૦૨૩ થી ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી, અમદાવાદ મંડળ દ્વારા વધુને વધુ ટિકિટ ચેકિંગ કર્મચારીઓ દ્વારા સમય સમય પર આરપીએફની મદદ લેવામાં આવી હતી મણિનગર-નડિયાદ, અસારવા-દહેગામ, મહેસાણા-પાલનપુર, પાલનપુર-ગાંધીધામ સેકશન અને અમદાવાદ સ્ટેશન પર વિવિધ ટિકિટ ચેકિંગ ઝુંબેશ ચલાવવા આવી. વર્ષ દરમિયાન હાથ ધરાયેલા મોટા પાયે ટિકિટ ચેકિંગ દરમિયાન કુલ ૩.૯૯ લાખ કેસ નોંધાયા હતા અને રૂ. ૨૮.૩૦ કરોડથી વધુની આવક હાંસલ કરી. જે ગત વર્ષ કરતા ૧.૬૬ ટકા વધુ છે.

તમામ મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ માત્ર યોગ્ય ટ્રેન ટિકિટ પર જ મુસાફરી કરે, આના થી તમે રેલવેની પ્રગતિમાં યોગદાન આપીને સન્માનપૂર્વક મુસાફરી કરવા સક્ષમ બનાવશે.

### સ્કૂલો એપ્રિલથી શરૂ કરવાની જાહેરાત અદ્ધરતાલ

## ધો.૧૦-૧૨માં ગેરરીતિ કરતાં ઝડપાયેલા ૪૦૦ વિદ્યાર્થીની વિગતો બોર્ડે મગાવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષામાં જુદા જુદા જિલ્લાઓમાં સીસી ટીવી ફૂટેજની ચકાસણી દરમિયાન ૪૦૦થી વધારે ગેરરીતિના કેસો બહાર આવ્યા હતા. બોર્ડ દ્વારા જિલ્લાઓ પાસેથી પણ સીસી ટીવી ફૂટેજ મગાવવામાં આવ્યા છે. જે વિદ્યાર્થીઓ ગેરરીતિમાં પકડાયા હોય તેના સીસી ટીવી ખાસ મગાવવામાં આવ્યા છે.

ધો.૧૦ અને ૧૨ની રેગ્યુલર પરીક્ષા દરમિયાન જુદા જુદા કેન્દ્રો પરથી ગેરરીતિમાં ઝડપાયેલા વિદ્યાથીઓની સંખ્યાની સામે સીસી ટીવી ફૂટેજની ચકાસણીમાં ૪૦૦થી વધારે વિદ્યાથીઓ ઝડપાયા હતા. તાજેતરમાં બોર્ડ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર મોકલીને એવી તાકીદ કરવામાં આવી હતી કે, માર્ચ ૨૦૨૪માં લેવાયેલી પરીક્ષાઓમાં જિલ્લા કક્ષાએ સમિતિએ સીસી ટીવી ચકાસણી કર્યા બાદ જે વિદ્યાથીઓ ગેરરીતિઓ કરતાં ઝડપાયા હતા તેની યાદી મગાવવામાં આવી છે. બોર્ડની પરીક્ષા સમિતિ સમક્ષ રૂબરૂ સુનાવણી દરમિયાન ગેરરીતિમાં ઝડપાયેલા તમામ વિદ્યાથીઓની અલગ ઓળખ કરીને સીસી ટીવી ફૂટેજ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેના કારણે આગામી દિવસોમાં બોર્ડ દ્વારા નવેસરથી સીસી ટીવી ફૂટેજની ચકાસણી કરીને જે તે વિદ્યાથી પર કરવામાં આવેલા ગેરરીતિના કેસ યોગ્ય છે કે નહી તેની પુનઃચકાસણી કરવામાં આવશે. ધો.૧૦ અને ૧૨માં મળી કુલ ૪૦૦ ગેરરીતિના કેસો ઝડપાયા હતા. જેમાં સૌથી વધુ ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૨૬, ધો.૧૦માં ૧૭૦ અને ધો.૧૨ સાયન્સમાં ૧૪ કેસો નોંધાયા હતા. હવે આગામી દિવસોમાં આ તમામ ફૂટેજની ચકાસમી કર્યા બાદ રૂબરૂ સૂનાવણી કર્યા પછી વિદ્યાથીઓની સજા નક્કી કરવામાં આવશે. રાજ્યમાં સેન્ટ્રલ બોર્ડની જેમ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે જોડાયેલી તમામ સ્કૂલોમાં પણ એપ્રિલ માસથી નવું શૈક્ષણિક સત્ર શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતુ. આ જાહેરાત કર્યા પછી હજુ સુધી તેનો અમલ થયો નથી. આગામી બે વર્ષ સુધી પણ આ પ્રકારે સ્કૂલો વહેલી શરૂ કરવાના નિર્ણયનો અમલ થઈ શકે તેમ નથી. વર્ષ ૨૦૨૧-૨૨માં એવી શૈક્ષણિક સત્ર ૨૦મી એપ્રિલથી શરૂ કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. કોરોના મહામારીના કારણે શૈક્ષણિક સત્ર ખોરવાયું હોવાથી જોગવાઈનો અમલ થઈ શકયો નહોતો. જેના કારણે વર્ષ ૨૦૨૩-૨૪માં નવુ શૈક્ષણિક વર્ષ એપ્રિલથી શરૂ કરાશે તેવી વાતો વહેતી થઈ હતી.

### ૧૪મીએ રાજકોટમાં ક્ષત્રિય અસ્મિતા સંમેલન

## ૧૪મીના મહાસંમેલન અંગે ગૃહ વિભાગ હરકતમાં આવ્યું

### સંમેલનને લઈને પોલીસ અધિકારી - કર્મચારીઓને સંયમ સાથે કામગીરી કરવા માટેની સૂચના આપવામાં આવી

। (એજન્સી) રાજકોટ, તા.૧૨ ।

૧૪મીએ રાજકોટમાં યોજાનાર ક્ષત્રિય અસ્મિતા સંમેલન અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. ૧૪મીના મહાસંમેલન અંગે રાજ્યનો ગૃહ વિભાગ આવ્યો હરકતમાં આવ્યું છે. પોલીસ અધિકારી - કર્મચારીઓને સંયમ સાથે કામગીરી કરવા સૂચના આપવામાં આવી છે. સંમેલનની મંજૂરી માગવામાં આવે તો પ્રક્રિયા હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. સૂત્રો દ્વારા મળેલી જાણકારી અનુસાર, ૧૪મીના ક્ષત્રિય અસ્મિતા સંમેલનને શરતી મંજૂરી મળી શકે છે. શાંતિ ડહોળાઈ નહિ અને સમાજ વચ્ચે વૈમનસ્ય ના ફેલાય તે રીતની શરતને આધીન અપાઈ શકે છે મંજૂરી. રાજકોટ બેઠક પર ભાજપનું કોકડું ગૂંચવાયેલું છે, ક્ષત્રિય સમાજ ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાનો પૂરજોશમાં વિરોધ કરી રહ્યો છે. ક્ષત્રિય સમાજની માંગ છે કે, ભાજપે રાજકોટ બેઠક પરથી પરશોત્તમ રૂપાલાની ટિકીટને રદ્દ કરી દેવી જોઈએ, નહીં તો ચૂંટણી સમયે હજુ વધુ ઉગ્ર આંદોલન અને આક્રોશ જોવા મળશે. રૂપાલા વિવાદનો લાભ લેવા માટે હવે કોંગ્રેસે પોતાની રણનીતિ બદલી છે. સુત્રો અનુસાર, કોંગ્રેસ હવે રાજકોટ બેઠક પરથી કોંગ્રેસના દિગ્ગજ અને સીનિયર નેતા પરેશ ધાનાણીને ચૂંટણી લડાવી શકે છે. આ માટે હાલમાં પાર્ટીએ પ્રયાસો તેજ કરી દીધા છે. રાજકોટમાં પરશોત્તમ રૂપાલાનો વિરોધ વધી રહ્યો છે. ક્ષત્રિય સમાજ મહાસંમેલન કરીને હવે નવી રણનીતિ સાથે રૂપાલા અને ભાજપનો વિરોધ કરવા ઉતર્યુ છે, ત્યારે આ તકનો લાભ લેવા માટે કોંગ્રેસ પણ મેદાનમાં આવ્યુ છે. અત્યારે રૂપાલા વિવાદને લઈને ભાજપ અને કોંગ્રેસ સામસામે આરોપ પ્રત્યારોપ લગાવી રહ્યાં છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨